પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

શહેર આવૃત્તિ પાના:૧૬

તા. ૨-૧૦-૨૦૨૬, શુક્રવાર

વર્ષ: ૧૫, અંક : ૧૭૯

# અબતક®

સાંધ્ય દૈનિક

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 | મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા | abataknews@gmail.com | @abtakmedia



બેસન મીલ માટે ઘટાડેલા ભાવે ચણાદાળ જથ્થાબંધ મેળવવા 98242 00970 પાર્ટટાઈમ કલાર્ક જોઈએ છે



સત્યમેવ જયતે ગુજરાત સરકાર

MY CITY PRIDE






## શહેર આપણું છે,

### તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ, લોકેશન મોકલીએ અને વોટ્સએપ ચેટબોટ પર જાણ કરીએ




**ફોટો મોકલો** – ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો** – સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો** – તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત** – તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વોટ્સએપ પર અમને Hi મેસેજ કરો અને વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને ચેટબોટ સાથે જોડાઓ

## સંપર્ક માટે: 76228 80000

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."

**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."

**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."

**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

## નિષ્ફળતાની કડવાશ: મનની અશાંતિ જ્યારે ભાષામાં અપશબ્દ બનીને બહાર આવે

# સંસ્કાર કે ફેશન? યુવાપેઢીની ભાષામાં ઘૂસતો 'રફ' અંદાજ અને અપશબ્દોનું વધતું ચલણ

**આજના સમયમાં યુવાનોની વાતચીતમાં અપશબ્દો, કઠોર શબ્દો અને આક્રમક ભાષાનો વધતો ઉપયોગ માત્ર ભાષાની શૈલીમાં આવેલો ફેરફાર નથી, પરંતુ તેની પાછળ પારિવારિક વાતાવરણ, મિત્રવર્તુળ, સોશિયલ મીડિયા, સતત તણાવ અને નિરાશા જેવા અનેક પરિબળો કામ કરતા હોય છે**

હાડકા વગરની 'જીભ' ઘણીવાર એવા શબ્દો બોલી નાંખે ત્યારે બધાને શરમ આવે છે. સારા શબ્દોથી સંબંધનું નેટવર્ક ટકી રહે અને અપશબ્દથી તૂટી જાય છે. આપણા હૈયે હોય તે હોઠે આવી જતું હોય છે. ગાળો બોલવાથી ખરેખર તો આપણો અસલી રંગ દેખાતો હોય છે. બીજા બોલતાં હોય એટલે આપણે બોલીએ તો તેનામાં અને આપણાં ફેર શું? આજના યુગમાં પુવા વર્ગ ગમે ત્યાં ગ્રુપો વચ્ચે આજુબાજુના રાહદારીઓની ચિંતા કર્યા વગર બેફામ અપશબ્દો બોલતો જોવા મળે છે. શું અપશબ્દો આપણી અસંસ્કારીતાની ઓળખ છે ? દિવસે ને દિવસે આપણા સંતાનો કે યુવા વર્ગની ભાષા આટલી 'રફ' કેમ થતી જાય છે. પહેલા તો ભણેલા ઓછા હોવાથી અસાપાસ જે સાંભળતા તે બોલતા હતા, અને એ દિવસોમાં સંગત સારી રાખવાનો સૌ પ્રથમ નિયમ હતો.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજના સમયમાં યુવાનોની વાતચીતમાં અપશબ્દો, કઠોર શબ્દો અને આક્રમક ભાષાનો વધતો ઉપયોગ માત્ર ભાષાની શૈલીમાં આવેલો ફેરફાર નથી, પરંતુ તેની પાછળ પારિવારિક વાતાવરણ, મિત્રવર્તુળ, સોશિયલ મીડિયા, સતત તણાવ અને નિરાશા જેવા અનેક પરિબળો કામ કરતા હોય છે. કેટલાક લોકો પોતાની હતાશા, ગુસ્સો, અસંતોષ કે નિષ્ફળતાની લાગણી વ્યક્ત કરવા માટે અપશબ્દોને સહેલો રસ્તો બનાવી લે છે, જ્યારે કેટલાક માટે તે મિત્રો વચ્ચે સ્વીકાર્ય બનવાની કે 'કૂલ' દેખાવાની રીત બની જાય છે. ગાળ કે અપશબ્દ બોલવાથી શરીરની નેગેટીવીટી બહાર નીકળી જાય છે. હોળી તહેવાર પર ફાગ ઉત્સવમાં પણ અપશબ્દો બોલવાની પ્રણાલી હજી ઘણ શહેરો કે ગામડાઓમાં પ્રચલિત છે ખાસ કરીને જે ઘરમાં વડીલો કે અન્ય સભ્યો રોજિંદી વાતચીતમાં રફ અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરે છે, ત્યાં બાળક માટે આ શબ્દો ધીમે ધીમે સામાન્ય સંવાદનો ભાગ બની જાય છે; કારણ કે બાળક માત્ર સમજાવટથી નહીં, પરંતુ આસપાસના વર્તનનું અનુકરણ કરીને પણ ભાષા શીખે છે. વારંવાર નકારાત્મક ભાષા સાંભળવાથી સંવાદમાં સંવેદનશીલતા ઘટી શકે છે અને સંબંધોમાં કડવાશ વધવાની શક્યતા રહે છે. તેથી ભાષાને માત્ર શબ્દોનો સમૂહ ન ગણીએ, શબ્દો આપણા સંસ્કાર, માનસિકતા અને સામાજિક વાતાવરણનું પ્રતિબિંબ છે. ઘરમાં સન્માનભરી ભાષા, સંવાદની સંસ્કૃતિ અને બાળકો સામે સંયમિત વર્તન જાળવીએ તો આગામી પેઢીની વાણીમાં પણ સંસ્કાર અને સંવેદનશીલતા જળવાઈ રહેશે. શાળા કોલેજ કે શિક્ષણમાં આ વસ્તુ ક્યાં શિખવતા નથી, અને ભણવાની ચોપડીમાં પણ આવતી નથી કે મા-બાપ શિખડાવતા નથી તો આજનું જનરેશન કેમ બોલવા લાગે છે, તે ચિંતા અને ચિંતનનો વિષય છે.જવાબ માત્ર એક લીટીમાં આવે કે 'સંગત' અને આસપાસના વાતાવરણમાંથી શીખી જાય છે. એક વસ્તુએ પણ જોવા મળે છે કે સરકારી શાળામાં ભણતાં પછાત વિસ્તારના કે ઝુંપડપટ્ટીના બાળકો બેફામ બોલતા હોય છે, જો કે તેમા બાળકોનો વાંક નથી હોતો કારણ કે તેના મા-બાપો ૨૪ કલાક આવી ખરાબ કે અશ્લીલ ભાષાનો પ્રયોગ કરતાં જોવા મળતાં હોવાથી બાળકો આપો આપ શીખી જાય છે. સારી ટેવો અને ખરાબ ટેવો શિક્ષણના માધ્યમથી કે આપણા મા-બાપ




તરફથી સમજ મળતી હોય કે વાત સમજાવતા હોય છતાં જો તમે અપશબ્દો બોલવા લાગો તો વાંક તમારો છે, એમા પરિવારની અસંસ્કારીતા વાત આવે. સંતાન જ ઉઠીયાણ પાકે તો મા-બાપ બિચારા શું કરે ? એકલતા, ચીડીયાપણું, અતિશય ગુસ્સો, ધાર્યું ન થવું જેવી ઘણી સ્થિતિમાં માનવી ગાળ કે અપશબ્દો બોલે છે. આજની ૨૧મી અસંસ્કારીતાને સીધો સંબંધ ગાળ કે અપશબ્દ સાથે ગણી શકાય કે નહી તે કેવી જગ્યાએ બોલાય છે.તેની ઉપર પણ નક્કી થઈ શકે.

આજના યુગમાં છોકરીઓ પણ અપશબ્દો બોલતી જોવા મળે છે. આપણાં સૌરાષ્ટ્ર ઘણી ગાળ હવે તો સામાન્ય થતી જાય છે, અને તેનો કોઈ હવે વિરોધ પણ નથી કરતાં, શાળામાં શિક્ષકો પણ બાળકોની હાજરીમાં અપશબ્દો બોલતાં જોવા મળે છે. ત્યારે હવે આવા વાતાવરણમાં સંતાનોને કેમ બચાવવા. ત્યારે આપણા દેશમાં કે આપણાં પ્રાંતમાં 'એક કાનથી સાંભળીને બીજા કાને કાઢી નાંખવાની' વાત સૌ કરતાં હોય છે. અપશબ્દો બોલતાં આપણે ઘણીવાર જોયા છે. આગળ ઓવરટેક કરવા હોર્નથી અસર ન પડે ત્યારે અપશબ્દોનો વરસાદ વરસાવતાનો અનુભવ પણ આપણને થતો હોય છે.

આજકાલના જુવાનીયા કહે છે કે મારી સ્કુલમાં બધા ગાળો બોલે છે, એટલે બોલાઈ જાય છે, તેની સામેં નકારાત્મક વિચારો વાળા સૌથી વધુ અપશબ્દો બોલતા જોવા મળે છે. લાચારી અને મજબુરીમાં માનવીની ભાષામાં કરૂણા ભળતા તેની અસર આપણને થાય છે. તેમ ગુસ્સામાં કે ધાર્યું ન થવાથી આજનો યુવાન 'રફ' શબ્દોની સાથે ઘણા અપશબ્દો બોલતો જોવા મળે છે. રોડ પરથી નીકળતાં ઘણા ગાંડાઓ કે રઝળતા ભીખારીઓ મોટે મોટેથી અપશબ્દો બોલતા જોવા મળે છે.ઘણા એમ પણ કહે કે મોટા ગાળો બોલે તો વાંધો નહીં પણ બાળકોએ ન બોલવી જોઈએ, તો શું ગાળો બોલવાની ખાસ ઉંમર હોય શકે ? રાત-દિવસ ગાળો સાંભળતા સાંભળતા હવે અમારાથી પણ બોલાય જાય છે. અમુક યુવા વર્ગે કહ્યું કે અમારો મગજ જાય.ત્યારે પ્રથમ શબ્દ ગાળ જ નીકળે છે. આજના સોશિયલ મીડિયામાં પણ હવે તો ચેટીંગમાં બેફામ ગાળો લખતા થઈ ગયા છે. ગાળ, અપશબ્દ કે ખરાબ શબ્દો પ્રવર્તમાન લાઈફ સ્ટાઈલમાં બોલાતા રોજીંદો શબ્દો થઈ ગયા છે. વિદેશોમાં પણ અમુક શબ્દો અંગ્રેજીમાં ગાળ તરીકે બોલવામાં આવે છે. એક લોક વાયકા એવી આપણી તળપદી ભાષામાં ઘણા શબ્દો બોલાય છે, પણ તે સ્વીકાર્ય છે, આજે ઓટીટી પ્લેટ ફોર્મ પર આવતી ફિલ્મો, સ્ટેન્ડ અપ કોમેડી કે શ્રેણીમાં ખુલ્લેઆમ આવા શબ્દોનો પ્રયોગ થાય છે.

માણસ ગુસ્સામાં કે ધાર્યું ન થવાના સમયે ગાળ કે અપશબ્દનો પ્રયોગ વધુ કરતો હોય છે, એક રાર્વેના રોચક તારણમાં એવું જાણવા મળ્યું કે અપશબ્દો બોલીને આપણે ગુસ્સાને કંટ્રોલ કરીએ છીએ. કોઈને ગાળ દીધા બાદ હૃદય મનને શાંતિ સાથે સુખનો અનુભવ થાય છે. નકારાત્મક વિચારોને કારણે જ આવી બોલવાની ટેવ વિશેષ જોવા મળે છે. આજના યુગમાં અભણ કરતાં શિક્ષિત લોકો ગાળ વધુ બોલતા જોવા મળે છે. આપણને સમસ્યા કે મુશ્કેલી સમયે લડવાની શક્તિ અપશબ્દો આપતા હોય છે. ગમે તે ઝગડામાં શરૂઆત ગાળોના વરસાદથી થતી હોય છે, ગાળો બોલતો હોય અને તેને ટપારો તો પણ આજે ઝગડા થયા ઘણા બનાવો જોવા મળી રહ્યા છે. મોડો વાત વાતમાં ગાળો બોલતાં હોય છે. નાનપણમાં જો બાળકથી અપશબ્દો બોલાય જાય તો મા-બાપ એવો 'મેથી પાક' જમાડતા તેથી તે બીજીવાર બોલતાં સો વાર વિચાર કરતો હતો, ઘણી વાર આપણી ઈચ્છા કે મન ન હોય છતાં પણ આપણાં મોઢામાંથી ગાળ નીકળી જતી હોય છે.

**ચોપડીમાં આવતી નથી, કે શાળા શીખડાવતી નથી, તો છોકરાઓ કેમ બોલવા લાગે છે ગાળ: આસપાસનું વાતાવરણ અને સંગત આ કુટેવમાં મોટો ભાગ ભજવે છે: સારા શબ્દો સંબંધોનું નેટવર્ક ટકાવી રાખે છે: ગુગલે પણ ઘણા અપશબ્દોને બ્લેકલીસ્ટમાં મૂકયા છે**

### ભાષાના વધતા જતા રફ વલણ ચિંતાજનક સંકેત

અપશબ્દોના ઉપયોગ અંગે સામે આવેલા રાષ્ટ્રીય સર્વેના આંકડા પણ ભાષાની બદલાતી સંસ્કૃતિ તરફ ધ્યાન દોરે છે. 'ગાલી બંધ ઘર અભિયાન' હેઠળના સર્વેના અહેવાલ મુજબ, દિલ્હી ૮૦% સાથે સૌથી ઊંચે છે, પરંતુ માત્ર રાજ્યોની વાત કરીએ તો પંજાબ ૭૮%, ઉત્તર પ્રદેશ ૭૪%, બિહાર ૭૪%, રાજસ્થાન ૬૮% અને હરિયાણા ૬૨% સાથે ટોચના પાંચમાં આવે છે. આ સર્વેમાં ભારતભરમાં આશરે ૫૫% પ્રતિભાવદાતાઓએ અપશબ્દોના ઉપયોગને સામાન્ય વાતચીતમાં જોવા મળતી બાબત તરીકે સ્વીકાર્યો હતો. આ આંકડા ભાષાના વધતા રફ વલણ અંગે ચિંતાજનક સંકેત આપે છે, પરંતુ તેને કોઈ રાજ્યના તમામ લોકોની ભાષા શૈલીનું ચોક્કસ પ્રતિનિધિત્વ માનવું યોગ્ય નથી, કારણ કે આ પ્રતિભાવ આધારિત સર્વે છે અને વિવિધ અહેવાલોમાં પદ્ધતિ તથા કેટલાક રાજ્યના આંકડામાં તફાવત પણ જોવા મળે છે.

# કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નિકળી સાહસિકતાથી સચોટ પરિણામ મેળવો

## પર્વતો ખેડવા-જોખમ ઉઠાવવા જ સાહસ નથી

**ડો બી. આર. વાઘેલા**
**પ્રમુખ: શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ**

સાહસિક જીવનનો અર્થ ફક્ત પર્વતો ને ખેડવાનો નહીં પણ જોખમી ખેલ કરવા પૂરતું સીમિત નથી. એ માનસિક વ્યવહારિક અને સાહસિક જીવનને આપણે જોઈએ તો આપણા પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને ખૂબ મહેનત કરવી. સાહસિક અને સાર્થક જીવન જીવવું એ માત્ર એ આદર્શ નથી પરંતુ માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. સાહસ અને સાર્થકતાથી જે એકબીજા સાથે જોડાયેલા છે. સાહસ જીવનને ઉત્સાહ ને નવો વળાંક આપે છે, જ્યારે સાર્થક સ્થિરતા અને અર્થને પૂરો પાડે છે. જે આપણો ચોક્કસ ઘેરાવા માંથી આપણે બહાર આવી આપણું કાર્ય કરવું એ જીવનનું સાહસ ભર્યું કામ કહેવાય.

અનિશ્ચિતતા અને અસ્પષ્ટતા નો સ્વીકાર કરવો, ખુબ જરૂરી છે. જેમાં નિષ્ફળતા નો ડર રાખ્યા વગર આપણાથી થતી મહેનત કરવી અને નવા વિચારો અને અપનાવી આપણા પોતાના સપનાને પૂરા કરવા માટે ખૂબ જ આકરી મહેનત કરવી ઘણી વાર આપણે રૂઢિચુસ્તતા ને અપનાવી ગમતી નથી એ વાતને નકારકતા નથી પણ અત્યારના સમય પ્રમાણે એ વિચારોને થોડા સુધારીને અપનાવવા અને લોકો વચ્ચે બોલવું એક મોટું સાહસ છે. આપણા અંદરથી આવતા પ્રકાશની કોઈ ઝાંખી કરી શકાતી નથી,આપણા સામે હાર આવી શકે છે. પરંતુ આપણે પોતાને હારેલા માનવા જોઈએ નહીં,સાહસ બધા ગુણોમાં મહત્વપૂર્ણ છે કેમકે સાહસ વિના બીજાને કોઈ ગુણને સતત અપનાવી શકાતું નથી. જેમાં કામ પ્રત્યે જુસ્સો કરુણા અને હાસ્ય અને પોતાની જીવનશૈલી સાથે આગળ વધવાનું રહે છે.

આપણને ભગવાન તરફથી જે મળ્યું એ માટે હંમેશા આભારની ભાવના વ્યક્ત કરવી એ કૃતજ્ઞતા ની નિશાની છે. આપણે સાહસિક ત્યારે જ બની શકીએ કે આપણામાં જોખમ ઉઠાવવાનો કોઈ ભય ના હોય અને આપણે જે જોખમ ઉઠાવીએ છીએ એ લોકોના હકમાં અને આપણો હેતુ સારો અને શાંતિને સમર્પણ નો હોય જેના પર આપણું મુખ્ય ધ્યાન હોવું જરૂરી છે. ઘણીવાર લોકો એ વાતથી પણ ધ્યાનબાર રહેતા હોય છે જે આપણે નવા રસ્તાઓ શોધીએ એમાં આગળ વધુ બીજાના જીવનમાં પ્રકાશ પથરાઈ તેવું કામ કરવું આપણાથી થઈ શકતું હંમેશા મદદ કરવી કે સાહસ ભર્યો સ્વભાવ ને ગણતરી કહી શકીએ એમ નથી ત્યારે જ આપણું જીવન આપણે સાર્થક કહીએ છીએ. ભૂતકાળના કોઈપણ અફસોસ ને યાદ કરીને જીવવું એ સમયનો દુરુપયોગ છે.સાથો સાથ પ્રેરણા સ્ત્રોત તરીકે આપણે રોજ નવું શીખવાની જિજ્ઞાસા અને ઉત્સાહ ખૂબ જ જરૂરી છે જ્યારે તમે લોકોને મળો છો ત્યારે ખૂબ જ સારી રીતે વર્તનથી રહો છો એ મૂલ્યોમાં કરુણતા હોવી જોઈએ, અને એ બધા લોકોના હાવ ભાવ અને બોલવા પરથી આપણે નવું શીખીએ એ જ રીતે આપણું જીવન હોવું જોઈએ. આપણને જે પરિણામ મળે છે. એ પરિણામથી આપણે સંતોષ અને રાહત નો અનુભવ કરવો, ખૂબ જ જરૂરી છે.હું ખુશ છું, મારી મહેનત પ્રમાણે મને મળ્યું, એ રીતના વિચારોથી જીવવું એ સાહસિકતાના વિચારો કહેવાય. પોતાના હાથમાં વિશ્વાસ અને વૃદ્ધિથી પરિણામ વધુ જ સારું મળે એમ રહેવું ખૂબ જ જરૂરી. જેને આપણે સંતોષ રીતે અને પરિણામથી આપણી પોતાની માનસિક શાંતિને કોઈપણ ખલેલ ન પહોંચે એ રીતનું જીવન હોવું જોઈએ.

# ઓખા-ગોરિજા સેકશનમાં વરસાદી પાણીના નિકાલ માટે ખાસ વ્યવસ્થા

## રેલવે ટ્રેકનું ધોવાણ પણ અટકશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે સર્જાતી પાણીના નિકાલની સમસ્યાને હલ કરવા અને રેલ સંચાલનની સુરક્ષાને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઓખા-ગોરિંજા સેક્શનમાં વધારાના પાણી નિકાલ માર્ગનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદ દરમિયાન પાણીના સરળ પ્રવાહમાં મદદ મળશે તથા રેલવે ટ્રેકની આસપાસ પાણી ભરાવાની સ્થિતિ ઓછી કરી શકાશે. આનાથી અતિશય જળપ્રવાહને કારણે રેલવે ટ્રેકના ધોવાણ તેમજ પાળા (તટબંધ)ને થતા સંભવિત નુકસાનને અટકાવવામાં પણ સહાય મળશે.

નવનિર્મિત વધારાના પાણી નિકાલ માર્ગની લંબાઈ ૧૫ મીટર, પહોળાઈ ૩ મીટર અને ઊંચાઈ ૧.૯ મીટર છે. ભારે વરસાદ દરમિયાન મોટા પ્રમાણમાં પાણી રેલવે ટ્રેકની જમણી બાજુએ એકત્રિત થઈ જતું હતું, જેના કારણે રેલવે ટ્રેક ધોવાઈ જવાનું સતત જોખમ રહેતું હતું. હવે આ વધારાના પાણી નિકાલ માર્ગ મારફતે પાણી રેલવે ટ્રેકની જમણી બાજુથી ડાબી બાજુ વહીને આગળ નેશનલ હાઈવે પર સ્થિત પુલ દ્વારા બહાર નીકળી શકશે. આનાથી પાણીના નિકાલને વધુ અસરકારક બનાવવામાં અને રેલવે ટ્રેકની સુરક્ષાને મજબૂત કરવામાં મદદ મળશે. આ કામગીરીથી ચોમાસા દરમિયાન રેલ સંચાલનની વિશ્વસનીયતા તેમજ નિયમિતતા જાળવી રાખવામાં મદદ મળશે. પાણી નિકાલની બહેતર વ્યવસ્થાને કારણે પ્રતિકૂળ હવામાનમાં ટ્રેનોના સલામત સંચાલન તથા મુસાફરોને વધુ વિશ્વસનીય રેલ સેવા પૂરી પાડવામાં સહાયતા થશે.

આ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવા માટે રાત્રે ૨૩ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો હતો. નિર્માણ કાર્ય નિર્ધારિત સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ કરીને બ્લોક સમયસર સમાપ્ત કરવામાં આવ્યો હતો, જેથી રેલ સંચાલન નિર્ધારિત સમયપત્રક મુજબ પુનઃ શરૂ કરી શકાયું. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન રેલ સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદ દરમિયાન પાણીના અસરકારક નિકાલમાં મદદ મળશે.

# જિલ્લા-તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોને ભથ્થું ચૂકવવા રમીલા મેરની મુખ્યમંત્રીને રજુઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય દ્વારા રાજ્યના જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો માટે માનદ વેતન કે ભથ્થું મંજૂર કરવા બાબતે ગુજરાતના મુખ્યમંત્રીને રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય રમીલાબેન મુકેશભાઈ મેર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. રજુઆતમાં જણાવ્યા મુજબ, પંચાયતના સદસ્યો પ્રજાના સીધા મતદાનથી ચૂંટાઈ આવે છે અને ગ્રામ્ય વિસ્તારના વિકાસ, સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ તેમજ સરકારી લોકકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પોતાના મતવિસ્તારમાં સતત લોકસંપર્ક રાખીને પ્રજાના પ્રશ્નો રજૂ કરવા, પંચાયતની બેઠકોમાં ભાગ લેવા તથા વિવિધ વિકાસલક્ષી કાર્યોમાં સમય ફાળવવામાં આવે છે, જે દરમિયાન તેમને અનેક પ્રકારના આર્થિક ખર્ચ અને જવાબદારીઓનો સામનો કરવો પડે છે. સદસ્યોની આ લાગણીને સકારાત્મક રીતે ધ્યાને લઈને જરૂરી નીતિગત નિર્ણય કરવા તથા યોગ્ય જોગવાઈ કરવા માટે સંબંધિતોને સૂચનાઓ આપવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# તા.૩/૧૦ ને શનિવારનું રાશિ ભવિષ્ય

**સંવંત ૨૦૮૨, ભાદરવા વદ સાતમ, આર્દ્રા નક્ષત્ર, વરિયાન યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ** (બ,વ,ઉ) : પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો,દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન** (ક,છ,ઘ) : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક** (ડ,હ) : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ** (મ,ટ) : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા** (પ,ઠ,ણ) : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા** (ર,ત) : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક** (ન,ય) : જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.

**મકર** (ખ,જ) : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.

**કુંભ** (ગ ,સ,શ) : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસ માં સારું કામ કરી શકો.

**મીન** (દ,ચ,ઝ,થ) : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

# હસ્ત નક્ષત્રના જાતકોમાં કોઈ ને કોઈ કૌશલ્ય જરૂર જોવા મળે છે

સૂર્ય મહારાજ તા.૨૭ સપ્ટેમ્બરથી ૧૧ ઓક્ટોબર સુધી હસ્ત નક્ષત્રમાંથી પસાર થઈ રહયા છે જેને આપણે હાથિયો કહીએ છીએ અને તેને વરસાદ સાથે સાંકળીએ છીએ હાલ પિતૃપક્ષ ચાલી રહ્યો છે અને હસ્ત નક્ષત્ર છે ત્યારે હસ્ત નક્ષત્ર વિષે સમજીએ. હસ્ત નક્ષત્રના સ્વામી ચંદ્ર છે અને કન્યા રાશિમાં પડતું હોય બુધ રાશિસ્વામી બને છે અને સવિતા દેવ છે જે તેજ આપનાર છે. આ નક્ષત્રમાં જન્મેલા મિત્રો પર ચંદ્ર અને બુધનો પ્રભાવ પડે છે એટલેકે આ જાતકો સંવેદનશીલ હોવા સાથે યોગ્ય ગણતરી પણ કરી શકે છે અને લોજીક સારું હોય છે વળી ભાગ્યબળ ની સાથે સાથે તેમનામાં કર્મની ધગશ હોય છે જયારે તેઓ હાથથી થતી કારીગરી અને કામ માં કુશળ હોય છે એક ખાસ વાત કે હસ્ત નક્ષત્રના જાતકોમાં કોઈ ને કોઈ કૌશલ્ય જરૂર જોવા મળે છે વળી તે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવાની ક્ષમતા અને કપરા સમયમાં કઠિન કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે અને કોઈ પણ ઘટનાનું પૃથક્કરણ સારી રીતે કરી શકે છે અને તેઓ તેમના ભૂતકાળમાં થી શીખતાં હોય છે. હસ્ત નક્ષત્રના દેવતા સવિતા છે. ઋગ્વેદમાં સવિતા દેવને પ્રેરણા, ચેતના, પ્રકાશ અને ગતિ આપનારા દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા છે.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**



## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૧૦-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (લૌકી કોફતા)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (હાર્ટ એટેકથી બચવા હૃદય ની કાળજી લો)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ પોડકાસ્ટ (હાર્ટ એટેકથી બચવા હૃદય ની કાળજી લો)
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૦૩-૧૦-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ


## અબતક પંચાગ

**તા.૩-૧૦-૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ભાદરવા વદ સાતમ આઠમ તિથિનું શ્રાધ્ધ આઠમનો ક્ષય
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** વરિયાન **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૪૦ **સુર્યાસ્ત:** ૬.૩૨
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૩ થી ૧.૦૧

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | ૯ | ૩ | | ૮ |
| ૧ | ૮ | | | | ૨ | | ૫ | ૯ |
| | | ૩ | | | | ૧ | ૨ | |
| ૪ | | ૯ | ૫ | | | | | |
| | | | | ૪ | | ૨ | | |
| ૬ | ૧ | ૭ | | | | ૮ | | |
| | | | | ૩ | | | | |
| ૭ | | | ૯ | ૮ | | | | |
| | | ૪ | | | | | ૮ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૬ | ૪ | ૫ | ૮ | ૯ | ૧ | ૨ |
| ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૪ | ૮ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૭ | ૧ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૬ | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ |
| ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૧ | ૨ | ૪ | ૭ | ૮ | ૫ | ૩ |
| ૮ | ૪ | ૭ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૯ |

# એમડીઆરના હોબાળા વચ્ચે છેલ્લા નવ માસમાં યુપીઆઈના વ્યવહારો ૨૦ હજાર કરોડને પાર

## તહેવારોની સીઝનમાં રોજના ૮૦ કરોડ ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ; રૂ.૨,૦૦૦ થી વધુના પેમેન્ટ પર લાગનારા ચાર્જ સામે વેપારીઓનો ઉગ્ર અસંતોષ

**અબતક, રાજકોટ**

૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનાર નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ને લઈને દેશમાં ક્યાંક ક્યાંક હોબાળો મચી રહ્યો છે તેની વચ્ચે પણ યુપીઆઈની ઝડપી વૃદ્ધિ જારી રહી છે. નવા નિયમ મુજબ, રૂ. ૨,૦૦૦ થી વધુના નિશ્ચિત મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન પર ૦.૪% ના દરે એમડીઆર લાગશે, જેની મહત્તમ મર્યાદા રૂ. ૩૦૦ નક્કી કરવામાં આવી છે. નિયમોમાં આવી રહેલા ફેરફારો વચ્ચે પણ સામાન્ય લોકો અને વેપારીઓ દ્વારા યુપીઆઈનો વપરાશ ઉત્સાહભેર ચાલુ રહ્યો છે, જે દર્શાવે છે કે ભારતનું કેશલેસ ઈકોસિસ્ટમ વધુ મજબૂત અને ભરોસાપાત્ર બની રહ્યું છે.




ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) એ સફળતાનો એક નવો ઈતિહાસ રચી દીધો છે. વર્ષ ૨૦૨૬ના પહેલા નવ મહિનામાં જ દેશમાં યુપીઆઈ દ્વારા થતા કુલ ટ્રાન્ઝેક્શનનો આંકડો ૨૦ હજાર કરોડને પાર પહોંચી ગયો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના આંકડા અનુસાર, જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન કુલ ૨૦૫.૨૪ અબજ ટ્રાન્ઝેક્શન નોંધાયા છે, જેની કુલ કિંમત રૂ. ૨૬૧.૬૧ લાખ કરોડ થાય છે. ગયા વર્ષના આ જ સમયગાળાના ૧૬૫.૪૮ અબજ ટ્રાન્ઝેક્શન (રૂ. ૨૧૮.૧૭ લાખ કરોડ) ની સરખામણીએ વોલ્યુમમાં ૨૪ ટકા અને મૂલ્યમાં ૨૦ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે.

ડિજિટલ ચુકવણીના આ નેટવર્કમાં તહેવારોની મોસમ શરૂ થતાં જ ટ્રાન્ઝેક્શનમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સપ્ટેમ્બર મહિનામાં ગણેશ ચતુર્થીના તહેવાર દરમિયાન લોકો દ્વારા કરવામાં આવેલા ખરીદ-વેચાણને કારણે રોજના સરેરાશ ટ્રાન્ઝેક્શનનો આંકડો પ્રથમ વખત ૮૦ કરોડ (૮૦૦ મિલિયન) ને વટાવીને ૮૦.૨ કરોડ (૮૦૨ મિલિયન) પર પહોંચી ગયો છે, જે ઓગસ્ટમાં ૭૯.૧ કરોડ હતો. સપ્ટેમ્બરમાં દરરોજ સરેરાશ રૂ. ૯૭,૯૧૩ કરોડના નાણાકીય વ્યવહારો થયા છે, જે ઓગસ્ટના રૂ. ૯૬,૨૦૫ કરોડ કરતા વધારે છે.

### આજે 'નો યુપીઆઈ ડે'ના કારણે ૫૦ કરોડના વ્યવહારો અટકશે



કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરથી રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ૦.૪% એમડીઆર ટેક્સ લાગુ કરવાના નિર્ણય સામે વેપારીઓનો વિરોધ ઉગ્ર બન્યો છે. આ નિયમના વિરોધમાં આજે ગુજરાતભરમાં 'નો યુપીઆઈ ડે' પાળીને વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સાંકેતિક આંદોલનમાં ગુજરાતના ૬૦૦થી પણ વધુ ટ્રેડ યુનિયનો અને વેપારી મંડળો સક્રિયપણે જોડાયા છે. વેપારી સંગઠનોનું કહેવું છે કે, નવા એમડીઆર ચાર્જથી નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓના નફાના માર્જિન પર સીધી અને માતબર અસર પડશે. વેપારીઓ દ્વારા આજે ડિજિટલ સ્કેનર અને સાઉન્ડબોક્સ બંધ રાખીને રોકડ અથવા કાર્ડ દ્વારા વ્યવહાર કરવાનો નિર્ણય લેવાતાં, આજે રાજ્યમાં આશરે ૫૦ કરોડ રૂપિયાથી વધુના દૈનિક યુપીઆઈ વ્યવહારોને સીધી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. વેપારી મંડળોની માગ છે કે નાના વેપારીઓ અને ગ્રાહકોના હિતમાં યુપીઆઈ પરનો આ નવો ટેક્સ તુરંત નાબૂદ કરવામાં આવે.

શહેરી વિસ્તારની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ સ્માર્ટફોનનો વપરાશ વધતાં અને નાના-મોટા વેપારીઓ દ્વારા યુપીઆઈનો સ્વીકાર વધતાં ડિજિટલ પેમેન્ટ્સ ઝડપથી લોકપ્રિય બન્યા છે. કેશફ્રી પેમેન્ટ્સના સહ-સ્થાપક રીજુ દત્તાના જણાવ્યા મુજબ, સપ્ટેમ્બર મહિનામાં દિવસો એક ઓછો હોવા છતાં લોકોએ તહેવારોને કારણે મોટા મૂલ્યના વ્યવહારો કર્યા હતા, જેના કારણે દૈનિક ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં મોટો વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે ઓક્ટોબર ૨૦૨૫થી જ માસિક યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વોલ્યુમ સતત ૨૦ અબજથી ઉપર જળવાઈ રહ્યું છે.

# ગળપણની કડવાશ વધે તે પહેલાં ખાંડના વેપારીઓ ૧ લાખ કિલોથી વધુ સ્ટોક ૧૫ દિવસથી વધુ રાખી શકશે નહીં

## વેપારીઓ માટે સ્ટોક રાખવાનો સમય ગાળો પણ ઘટાડી ૧૫ દિવસ કરાયો

**અબતક, રાજકોટ**

૧ ઓક્ટોબરથી ખાંડની નવી સીઝન શરૂ થઈ છે. ભારત સરકારે તહેવારોની સીઝનમાં ગ્રાહકોને વાજબી ભાવે ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટેના પગલાંને વધુ મજબૂત બનાવ્યા છે.

સરકારે ૧૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો અને આસામ રાજ્ય સિવાય, ખાંડના વેપારીઓ માટે સ્ટોક રાખવાનો સમયગાળો ઘટાડીને ૧૫ દિવસ કર્યો છે અને સ્ટોક હોલ્ડિંગની મર્યાદા ૧,૦૦૦ ક્વિન્ટલ નક્કી કરી છે.

સ્ટોક મળ્યાની તારીખથી ૧૫ દિવસથી વધુ સમયગાળા માટે ખાંડનો સ્ટોક રાખવો નહીં. દેશભરમાં કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે ૧,૦૦૦ ક્વિન્ટલથી વધુ ખાંડનો સ્ટોક રાખવો નહીં. પ્રદેશની વિશિષ્ટ બજાર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો તથા આસામ રાજ્ય માટે સ્ટોક હોલ્ડિંગની મર્યાદા ૨,૦૦૦ ક્વિન્ટલ નક્કી કરવામાં આવી છે.




કોલકાતા ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી ખાંડ મેળવે છે અને ઉત્તર-પૂર્વીય પ્રદેશ સહિત દેશના પૂર્વીય ભાગમાં તેનો પુરવઠો પૂરો પાડે છે. આસામ માટે ઉચ્ચ મર્યાદા ભૌગોલિક મર્યાદાઓ, પરિવહન લોજિસ્ટિક્સ અને ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને પૂરી પાડવામાં આવી છે.

સુધારેલા નિયમોનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વિતરણ શ્રૃંખલામાં ખાંડનો અનાવશ્યક સંચય ન થાય અને સુગમ રીતે ખાંડની મિલોમાંથી વેપારીઓ દ્વારા પુરવઠો આગળ વધે અને આખરે અંતિમ ગ્રાહક સુધી પહોંચે. આ માપદંડનો મુખ્ય ઉદ્દેશ્ય સંગ્રહખોરી પર વધુ અંકુશ લાવવા, સટ્ટાકીય વેપારને અને વેપારીઓ દ્વારા ખાંડના સ્ટોકના સંગ્રહને રોકવાનો છે. ખાંડ રાખી શકાય તેટલા જથ્થા અને સમયગાળાને મર્યાદિત કરીને, સરકાર સપ્લાય ચેઈન દ્વારા ખાંડની વ્યવસ્થિત હેરફેરને સરળ બનાવવા અને ગ્રાહકોને વાજબી ભાવે તેની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માંગે છે.

ખાંડના સરેરાશ છૂટક ભાવમાં ઓગસ્ટના તેના સર્વોચ્ચ સ્તરથી

(અનુ. આઠમા પાને)

# છેલ્લા ૯ મહિનામાં ઈક્વિટી માર્કેટમાંથી ૩ લાખ કરોડ વિદેશીઓએ રોકાણ ઉઠાવી લેતા બજાર કડકભૂસ

## અમેરિકન બોન્ડની ઊપજ, મજબૂત ડોલર અને કાચા તેલના વધતા ભાવને કારણે રોકાણકારો અન્ય દેશો તરફ વળ્યાં

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ૯ મહિનામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી જંગી મૂડી પાછી ખેંચી લીધી છે, જે અગાઉના તમામ વાર્ષિક જાવકના વિક્રમોને પાર કરી ગઈ છે. આ સમયગાળામાં વિદેશી રોકાણકારોએ ૩ લાખ કરોડ રૂપિયાથી પણ વધુ રકમ પાછી ખેંચી છે. વર્ષ પૂર્ણ થવાને હજુ ૩ મહિના બાકી છે, ત્યારે ગૌણ બજારમાંથી આટલી મોટી રકમ ઉપાડવી એ એક ઐતિહાસિક ઘટના છે. આ આંકડા વિદેશી રોકાણકારોના ભારતીય બજાર પ્રત્યેના જોખમ ટાળવાના વલણને સ્પષ્ટપણે દર્શાવે છે.



નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડના આંકડા અનુસાર, ૨૦૨૬ માં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા ૩.૦૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું વેચાણ કરવામાં આવ્યું છે. તેની સરખામણીમાં વર્ષ ૨૦૨૫ માં ૨.૪ લાખ કરોડ અને ૨૦૨૪ માં ૧.૨૧ લાખ કરોડ રૂપિયા પાછા ખેંચવામાં આવ્યા હતા. જો સંપૂર્ણ સુલભ માર્ગ હેઠળ સરકારી બોન્ડ્સમાં થયેલા વેચાણને પણ ઉમેરવામાં આવે તો બંને સંપત્તિ વર્ગમાંથી કુલ ૩.૫૮ લાખ કરોડ રૂપિયાની જાવક નોંધાઈ છે. રોકાણકારોની આ સતત વેચવાલીને કારણે ૨૦૨૬ માં શેરબજાર દબાણ હેઠળ રહ્યું છે, જેમાં સેન્સેક્સ અને નિફ્ટી અનુક્રમે ૧૫.૫% અને ૧૪% તૂટ્યા છે. ડોલરના મૂલ્યમાં જોવામાં આવે તો આ બંને સૂચકાંકોમાં ૨૦% થી વધુનો ઘટાડો નોંધાયો છે.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસિસના સંસ્થાકીય ઈક્વિટીઝના મેનેજિંગ ડિરેક્ટર અને વડા ગૌતમ દુગ્ગડના જણાવ્યા મુજબ, અમેરિકન બોન્ડની ઊપજમાં વધારો, મજબૂત ડોલર અને વૈશ્વિક વ્યાજ દરોની અપેક્ષાઓમાં ફેરફારને કારણે ઉભરતા બજારોના શેરોનું આકર્ષણ ઘટ્યું છે. વધુમાં, કાચા તેલના ઊંચા ભાવ ભારતની આયાત અને કંપનીઓના નફાના માર્જિન પર

(અનુ. આઠમા પાને)




# વેપારીઓએ ક્યુઆર કોડ પર કાળું કપડું ઢાંકી યુપીઆઈ પેમેન્ટ પરના ચાર્જનો વિરોધ કર્યો

## ૧૨૧ વેપારી એસોસિએશનોએ 'નો યુપીઆઈ ડે' પાળી ૧૫ ઓક્ટોબરથી લાગુ થનારા એમડીઆર ચાર્જ સામે અનોખી રીતે રોષ વ્યક્ત કર્યો



તસવીરઃ શૈલેષ વાડોલીયા



**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૧૫ ઓક્ટોબરથી દરરોજના રૂ. ૨,૦૦૦ થી વધુ અને મહિને રૂ. ૧,૦૦,૦૦૦ થી વધુના ચોક્કસ મર્ચન્ટ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકા એમડીઆર ચાર્જ લાગુ કરવાના નિર્ણય સામે વેપારીઓનો અસંતોષ ઉગ્ર બન્યો છે. ચેમ્બર ઓફ કોમર્સ અને હોલસેલ મર્ચન્ટ વેપારી એસોસિએશન સહિત શહેરના ૧૨૧ હોલસેલ વેપારી એસોસિએશનોનું કહેવું છે કે વેપારીઓ પહેલેથી જ તમામ પ્રકારના ટેક્સ ભરે છે. આ નવા ચાર્જથી નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓના નફાના માર્જિન પર નકારાત્મક અસર પડશે, તેથી આ ચાર્જ તુરંત નાબૂદ કરવામાં આવે અથવા તેની લિમિટ વધારી દેવામાં આવે.

આ નવા નિયમના વિરોધમાં આજે તમામ વેપારી મંડળો દ્વારા 'નો યુપીઆઈ ડે' પાળીને સરકારના આ નિર્ણય સામે રોષ નોંધાવવામાં આવ્યો હતો. આ પ્રતીકાત્મક વિરોધ દરમિયાન હોલસેલ વેપારીઓએ તેમની દુકાનો અને પ્રતિષ્ઠાનોમાં લગાવેલા ક્યૂઆર કોડ, સાઉન્ડ બોક્સ અને સ્કેનર પર કાળું કપડું ઢાંકીને ડિજિટલ પેમેન્ટ પર લાદવામાં આવેલા નવા ચાર્જ સામે અનોખો વિરોધ વ્યક્ત કર્યો હતો. આજના આખા દિવસે વેપારીઓએ યુપીઆઈ દ્વારા થતા ઓનલાઈન પેમેન્ટ સ્વીકારવાનું બંધ રાખ્યું હતું અને ગ્રાહકો પાસેથી રોકડ અથવા કાર્ડથી વ્યવહારો કરવાનો આગ્રહ રાખ્યો હતો.

### યુપીઆઈ પર ચાર્જ લાગશે તો ધંધામાં મોટી નુકસાની આવશેઃ દીપકભાઈ



'અબતક' સાથેની વાતચીત દરમિયાન દીપકભાઈએ જણાવ્યું હતું કે, અત્યારે લોકો યુપીઆઈથી જ રોકડ મુક્ત પૈસા ટ્રાન્સફર કરે છે. જો યુપીઆઈ પેમેન્ટ ઉપર ચાર્જ લગાડવામાં આવશે તો ધંધામાં ખૂબ જ મોટી નુકસાની આવી શકે એમ છે. લોકો પાસે અવારનવાર છુટા પૈસાના પ્રોબ્લેમ રહેતા હોય છે, તેના ઉકેલ માટે લોકો યુપીઆઈ પેમેન્ટનો ઉપયોગ કરે છે. યુપીઆઈ પેમેન્ટ અટકી જશે તો વેપારીઓને ખૂબ જ મોટી તકલીફ પડશે. યુપીઆઈ ઉપર સરકાર ટેક્સ ન લગાડે તો તે દુકાનદારો અને આમ જનતા બંને માટે ખૂબ જ ફાયદાકારક રહેશે.

### ૬૦-૭૦% પેમેન્ટ યુપીઆઈથી થાય છે જેથી ટેક્સ રદ કરોઃ હિતેશભાઈ



'અબતક' સાથેની વાતચીતમાં વેપારી એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈએ જણાવ્યું હતું કે, ૧૫ ઓક્ટોબરથી સરકાર ઓનલાઈન પેમેન્ટ ઉપર જે એમડીઆર ટેક્સ લગાડી રહી છે તેનો સમગ્ર દેશમાં વિરોધ થઈ રહ્યો છે. ટેક્સનો બોજ માત્ર વેપારીઓને જ શિરે આવતો હોવાથી અત્યારે વેપારીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હાલમાં ૬૦ થી ૭૦ ટકા પેમેન્ટ યુપીઆઈથી થાય છે, તેથી સરકારને અમારી એ જ અપીલ છે કે શક્ય હોય તો આ ચાર્જ તુરંત હટાવવામાં આવે.

# "જીંદગીની ભાગદોડમાં યુવાધન દિલને ભૂલ્યાં" એટલે વધ્યું હૃદયરોગનું પ્રમાણ

## 'અબતક'ના જાણીતા અને લોકપ્રિય કાર્યક્રમ 'ચાય પે ચર્ચા' માં તબીબી ક્ષેત્રના નિષ્ણાંત ડો.મિલાપ ઠક્કર અને ડો.હિમાંશુ જોશીએ ઉપસ્થિત રહીને યુવાનોમાં વધતા હૃદયરોગના કારણો, લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો અંગે માહિતી રજૂ કરી હતી

**અબતક, રાજકોટ**

હાર્ટ એટેક એટલે માત્ર મોટી ઉંમરના લોકોની બીમારી , આ માન્યતા હવે ખોટી સાબિત થઈ રહી છે. આજની ભાગદોડભરી જીવનશૈલી, અનિયમિત ખોરાક, તમાકુ-ગુટખાનું સેવન, ઊંઘનો અભાવ, સતત વધતો માનસિક તણાવ અને શારીરિક પ્રવૃત્તિની કમીના કારણે યુવાનોમાં પણ હૃદય સંબંધિત સમસ્યાઓ ચિંતાનો વિષય બની ગઈ છે. ખાસ કરીને ૨૦થી ૩૦ વર્ષની ઉંમરના યુવાનોમાં હાર્ટ એટેકના કિસ્સાઓ સામે આવતાં હવે સવાલ માત્ર હૃદયરોગનો નથી, પરંતુ આપણી જીવનશૈલીનો પણ છે. અબતકના જાણીતા અને લોકપ્રિય કાર્યક્રમ 'ચાય પે ચર્ચા' માં તબીબી ક્ષેત્રના નિષ્ણાત ડો. મિલાપ ઠક્કર અને ડો. હિમાંશુ જોશી એ ઉપસ્થિત રહીને યુવાનોમાં વધતા હૃદયરોગના કારણો, લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો અંગે માહિતી રજૂ કરી હતી.

બહારથી સંપૂર્ણ સ્વસ્થ અને ફિટ દેખાતી વ્યક્તિના શરીરમાં પણ હાઈ બ્લડ પ્રેશર, વધેલું કોલેસ્ટ્રોલ

(અનુ. આઠમા પાને)

### 'બહારથી ફિટ દેખાવું' અને 'હૃદયથી સ્વસ્થ હોવું' એ બંને અલગ બાબતો છેઃ ડો. મિલાપ ઠક્કર

ડો. મિલાપ ઠક્કરે જણાવ્યું કે નાની વયે હૃદયની સમસ્યાઓ વધવા પાછળ આપણી દૈનિક ટેવો અને બદલાયેલી જીવનશૈલી જવાબદાર છે. બેઠાડુ જીવનની સાથે ફાસ્ટ ફૂડ, તળેલું, વધારે પડતું મીઠું અને પ્રોસેસ્ડ તેલનું સેવન આ બધી વસ્તુઓ અસર કરતી હોય છે. સૌરાષ્ટ્રમાં ગુટખા અને તમાકુનું સેવન સામાજિક અભિશાપ છે. યુવાનો એવું માને છે કે ગુટખા માત્ર મોઢાનું કેન્સર કરે છે, પરંતુ વાસ્તવમાં તમાકુ હૃદયની નસોને આંકુચિત કરી દે છે, જે હાર્ટ એટેકનું કારણ છે.મોડી રાત સુધી જાગવું, પૂરતી ૭-૮ કલાકની ઊંઘ ન લેવી અને કામ કે અંગત જીવનનું સતત ડિપ્રેશન/તણાવ કોર્ટીસોલ હોર્મોન વધારીને હૃદય પર સીધું દબાણ લાવે છે.ઘણા યુવાનો ૬-પેક એબ્સ કે જિમ જઈને બોડી બનાવીને પોતાને સંપૂર્ણ સ્વસ્થ માને છે, પરંતુ બહારથી ફિટ દેખાતી વ્યક્તિને પણ અંદરથી હાઇ બીપી, કોલેસ્ટ્રોલ કે ડાયાબિટીસ હોઈ શકે છે. 'બહારથી ફિટ દેખાવું' અને 'હૃદયથી સ્વસ્થ હોવું' એ બંને સાવ અલગ બાબતો છે. જો પરિવારમાં માતા-પિતા કે નજીકના સગામાં નાની વયે હૃદયરોગનો ઈતિહાસ હોય, તો તે વ્યક્તિને વારસાગત રીતે હૃદયરોગ થવાનું જોખમ અનેકગણું વધી જાય છે.

### ૨૫ વર્ષની ઉંમર બાદ નિયમિત બીપી, બ્લડ સુગર અને કોલેસ્ટ્રોલની તપાસ કરાવવીઃ ડો.હિમાંશુ જોશી

ડો. હિમાંશુ જોશીએ જણાવ્યું કે હાર્ટ એટેકના લક્ષણોમાં છાતીમાં દુખાવો કે ભારેપણું, ડાબા હાથ-ખભા-પીઠ કે જડબા સુધી દુખાવો, અચાનક પરસેવો, શ્વાસ લેવામાં તકલીફ, ઉબકા કે ચક્કર આવે તો તેને સામાન્ય ન ગણવું અને તાત્કાલિક તબીબી મદદ લેવી.૨૫ વર્ષની ઉંમર બાદ નિયમિત બીપી , બ્લડ સુગર અને કોલેસ્ટ્રોલની તપાસ કરાવવી, વજન અને કમરનો ઘેરાવો

(અનુ. આઠમા પાને)



ગેસ્ટઃ ડો.હિમાંશુ જોશી અને ડો.મિલાપ ઠક્કર

એન્કર : અંજલી સોરઠીયા અને જીજ્ઞેશ પ્રજાપતિ

### જાહેર સ્થળોએ હાર્ટ એટેક વખતે શું કરવું?

જો દર્દી હોશમાં હોય અને લક્ષણો જણાવતો હોય, તો તરત ઈમરજન્સીમાં કોલ કરીને હોસ્પિટલ લઈ જવો. જો હૃદયની ગતિ અટક ગઈ હોય તો સીપીઆર આપીને સર્ક્યુલેશન ફરી ચાલુ કરી શકાય અને જરૂર પડે ડિફિબ્રિલેટર મશીનથી શોક આપી શકાય. પબ્લિક પ્લેસ પર આવા મશીનો અને ટ્રેનિંગ હોવી જરૂરી છે.

ફ્રિડમ યુવા ગ્રુપ પ્રેરિત ગાંધી વિચાર યાત્રા સમિતિના સંયુક્ત ક્રમે

# "વંદે બાપુ" કાર્યક્રમ થકી શહેરમાં ગાંધી વિચાર થયાં "જીવંત"

**અબતક, રાજકોટ**

ફ્રીડમ યુવા ગ્રુપ - રાજકોટ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી સતત અવિરત પણે ગાંધી વિચારને જીવંત રાખી રહ્યો છે ત્યારે બાપુની ૧૫૮મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં 'વંદે બાપુ' કાર્યક્રમ દ્વારા ગાંધી વંદના કરવામાં આવેલ હતી.

આ વર્ષે શાંતિનો બીજો કોઈ રસ્તો નથી, તેનો રસ્તો એકમાત્ર શાંતિ જ છેની થીમ આ વર્ષ 'વંદે બાપુ' ભાવપૂર્ણ વેશભૂષા વંદના કાર્યક્રમ યોજાયો હતો.

ફ્રીડમ યુવા ગ્રુપ - રાજકોટ પ્રેરિત ગાંધી વિચાર યાત્રા સમિતિ તથા અમારા સહયોગી શૈક્ષણિક સંકુલો સેન્ટ ગાર્ગી સ્કૂલ અને શમ્સ શૈક્ષણિક સંકુલના સંયુક્ત ઉપક્રમે ગાંધી જયંતિના પાવન પર્વ નિમિતે આ ભવ્ય વંદનાનું આયોજન થયેલ હતું.

સેન્ટ ગાર્ગી અને શમ્સ સ્કૂલના ૩ થી ૧૨ વર્ષના નાના ભૂલકાઓ ગાંધી, કસ્તુરબા, સરદાર અને દેશભક્તોના વેશમાં સજ્જ થયા હતા તેમજ જ્યુબેલી ચોક 'ગાંધી વિચાર અમર રહો'ના નારાથી ગુંજી ઉઠ્યું હતું.

'વંદે બાપુ' કાર્યક્રમમાં રાજકોટના મેયર નેહલભાઈ શુક્લ, ડે.મેયર સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઈ પીપળીયા, ધારાસભ્ય

(અનુ. આઠમા પાને)

### બાળકોએ ગાંધીજી સહિતના દેશભક્તોનો વેશ ધારણ કરી આપ્યો વિશ્વ શાંતિનો સંદેશ




તસવીરઃ શૈલેષ વાડોલીયા

### મહાત્મા ગાંધીજી ગરીબોના ઘરમાં દીવો પ્રગટે અને લોકો સ્વદેશી વસ્તુઓનો ઉપભોગ કરે તેના ચુસ્ત અનુયાયી હતાંઃ ડો. માધવ દવે



ભાજપ દ્વારા શહેરના ત્રિકોણ બાગ પાસે આવેલ ખાદી ગ્રામોદ્યોગ ભંડાર ખાતે સામૂહિક ખાદીખરીદીનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ ખાદી ખરીદીના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, મેયર ડો. નેહલ શુકલ, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિતતમામ શ્રેણીના કાર્યકર્તાઓએ સામૂહિક ખાદી ખરીદી કરી હતી. ગરીબોની હાલત નિહાળી બાપુએ પોતાના દેહ પર આજીવન માત્ર એક કાપડ જ ધારણ કર્યુ. અને ખાદી, ચરખા દ્વારા સ્વાવલંબી બનવાનો સંદેશ આપ્યો. ત્યારે ગાંધીજીના પદચિન્હો પર ચાલવાના પ્રયાસ રૂપે લોકો સ્વચ્છતા, સાદગી અને ખાદીના ઉપયોગ પરત્વે જાગૃત બને અને સ્વદેશી ખાદીને પ્રાધાન્ય આપી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હાલ ચાલી

(અનુ. આઠમા પાને)

# નરેશભાઈ પટેલ, મૌલેશભાઈ ઉકાણી અને રામભાઈ મોકરિયા સહિત સાત મહાનુભાવોને ગાંધી એવોર્ડથી નવાજાશે

## સેવાકીય સંસ્થા નીયો ફાઉન્ડેશન, તેજસ શિશાંગિયા, ઈન્દિરાબેન શિંગાળા અને નાગરિક બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકને પણ ગાંધી એવોર્ડ એનાયત થશેઃ કોર્પોરેશન અને ગુજરાત પ્રવાસન નિગમ આયોજીત ગાંધીધૂન કાર્યક્રમમાં મેયરની જાહેરાત













**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે રાષ્ટ્રપિતા મહાત્માગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે મહાત્માગાંધી મ્યુઝિયમ ખાતે ગાંધીધૂન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડ્યા હતાં. દર વર્ષે ગાંધી જયંતિના દિવસે કોર્પોરેશન દ્વારા ગાંધી એવોર્ડની જાહેરાત કરવામાં આવતી હોય છે. આ વર્ષે સાત મહાનુભાવોના નામ ગાંધી એવોર્ડ માટે જાહેર કરવામાં આવ્યા છે. જેઓને આ જનરલ બોર્ડમાં એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

આજે કોર્પોરેશન અને ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડના સંયુક્ત ઉપક્રમે ગાંધી જયંતિ નિમિત્તે મહાત્માગાંધી મ્યુઝિયમમાં ગાંધીધૂન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત દિવસભર ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોને મહાત્માગાંધી મ્યુઝિયમમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવ્યો હતો. ગાંધીધૂનમાં "વૈષ્ણવ જન તો તને કહીએ જે પીડપરાઈ જાણે રે" રઘુપતિ રાઘવ રાજા રામ' જેવા બાપુને પ્રીય સુમધુર ગીતોથી વાતાવરણ ગાંધીમય બની ગયું હતું.

સામાજીક શ્રેષ્ઠી નરેશભાઈ પટેલ, સમાજ શ્રેષ્ઠી જાણીતા ઉદ્યોગપતિ અને દાતા મૌલેશભાઈ ઉકાણી, રાજ્યસભાના પૂર્વ સાંસદ અને જાણીતા ઉદ્યોગપતિ દાતા રામભાઈ મોકરિયા, સેવાકીય સંસ્થા તરીકે નીયો ફાઉન્ડેશન, સહકારી ક્ષેત્ર માટે રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, નારી રત્ન તરીકે ઈન્દિરાબેન શિંગાળા તથા કલાક્ષેત્રે તેજસભાઈ શિશાંગિયાને ગાંધી એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કોર્પોરેશના જનરલ બોર્ડમાં સાતેય મહાનુભાવોને ગાંધી એવોર્ડથી સન્માનિત કરાશે.

NeoRajkot Foundation
Together We Make Rajkot Great

# નવાગામના સરકારી ખરાબામાં ચંદનની આડમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

## ૪.૦૧૦ કિલો વજનના ગાંજાના ૨૧૩ છોડ જપ્તઃ રાજકોટના જીવરાજ પાર્કમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધે ગાંજો વાવ્યાનું ખુલતા ધરપકડ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ નવાગામના સરકારી ખરાબામાં ચંદનની આડમાં ગાંજાનું વાવેતર ઝડપાયું હતું. કુવાડવા રોડ પોલીસે દરોડો પાડી ૪.૦૧૦ કિલોગ્રામ વજનના ૨૧૩ ગાંજાના છોડ કબ્જે કરી વાવેતર કરનાર રાજકોટના જીવરાજપાર્કમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધની ધરપકડ કરી હતી.

દરોડાની વિગત મુજબ, કુવાડવા પોલીસ મથકના પીઆઈ એ.એન.જાનીની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના એએસઆઈ ખોડુભા જાડેજા, હેડ કોન્સ્ટેબલ મહેશ રબારી, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા, જયદિપભાઈ ધોળકીયાને ખાનગીરાહે બાતમી મળેલ કે, રમણીક દેવજી દલસાણીયા નવાગામ આણંદપર દિવેલીયાપરા સ્મશાનથી આગળ ઈંટુના ભઠ્ઠા પાસે જયંતિભાઈ હાંડાની વાડીની બાજુમા સરકારી ખરાબો વાળી ઓરડી બનાવી ત્યા રહી ચંદનનુ વાવેતર કરેલ છે, જેની અંદર ગાંજાના છોડવાનુ પણ વાવેતર કરેલ છે તેવી ચોક્કસ બાતમીના આધારે કુવાડવા રોડ પોલીસની ટીમે સરકારી ખરાબામાં ફેન્સિંગ મારેલ હોય ત્યા દરોડો પાડ્યો હતો.

પોલીસની ટીમે એક સિમેન્ટના બાંધકામ વાળી છત પર પતરાવાળી ઓરડી પાસે ખાટલા ઉપર એક શખ્સ હાજર હોય તેને અટકમાં લઈ નામ પૂછતા પોતાનું નામ રમણીક દેવજી દલસાણીયા (ઉ.વ.-૭૦, હાલ રહે. જીવરાજ પાર્ક શ્યામલ કુંજ એપાર્ટમેન્ટ ફ્લેટ બી-૨૦૨ મવડી, મુળ રહે. અરણી ગામ ઉપલેટા) હોવાનુ જણાવેલ હતું. જે બાદ પોલીસે તે શખ્સની પુછતાછ કરતાં તેને સરકારી ખરાબાની જગ્યામાં ઓરડી બનાવી આજુબાજુમાં ચંદનના તથા અન્ય ઝાડ વાવેલ હોવાનુ જણાવેલ હતું. સરકારી ખરાબાની જગ્યા આશરે ૧૦૦૦ વાર જોવામાં આવેલ.

તેમજ ચંદનના ઝાડનુ વાવેતર કરેલ હોય જેની વચ્ચે ફેન્સિંગ પાસે છુટક છુટક ગાંજાના છોડ વાવેતર કરેલ હોવાનુ પણ આરોપીએ જણાવેલ હતું. જે બાદ પોલીસે સરકારી ખરાબામાં રહેલ ચંદનના ઝાડ વચ્ચે વાવેતર કરેલ ૪ કિલો ગાંજાના ગાંજાના લીલા છોડ ૨૧૩ મૂળિયા રૂ.૨ લાખનો જથ્થો સહિત રૂ.૨.૦૫ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી પુછતાછ આદરી હતી.

# ફલ્લા નજીક ગાય આડી ઉતરતા સર્જાયો અકસ્માતઃ રાજકોટના આધેડનું મોત

## જામનગરમાં કંપનીમાં કામદારના યુનિફોર્મનું માપ લઈ પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો

**એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરીઃ પરિવારમાં હૈયાફાટ રૂદનના દ્રશ્યો સર્જાયા**

**અબતક રાજકોટ**

જામનગર હાઈવે પર ફલ્લા નજીક ગાય આડી ઉતરતા કારનો અકસ્માત સર્જાયો હતો જેમાં રાજકોટ સંત કબીર રોડ પર રહેતા ૪૫ વર્ષીય આધેડને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે જામનગર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ગત રાત્રે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા જામનગર પંચ એ ડિવિઝન પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી મૃતક જામનગર કંપનીમાં યુનિફોર્મના માપ લઈ પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં સંત કબીર રોડ પર શેરી નંબર ૧૦ માં રહેતા અને દરજી કામ કરતા વિશાલભાઈ દિનેશભાઈ ગોહેલ ઉંમર વર્ષ ૪૫ વર્ષીય આધેડ ગત ૨૮ તારીખના રાત્રે ૧૧ વાગ્યા આસપાસ કાર લઈ ને જામનગર થી રાજકોટ પરત ફરી રહ્યા હતા ત્યારે ફલ્લા નજીક ગાય આડી ઉતરતા કારનો અકસ્માત સર્જાયો હતો જેમાં ચાલક વિશાલભાઈ ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક જામનગર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગત રાત્રે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા જામનગર પંચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે મૃતક પોતે દરજી કામ કરતા હોય અને જામનગર કંપનીમાં કામદારોના યુનિફોર્મનું માપ લેવા ગયેલ હોય અને પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો આ અંગે પંચ એ ડિવિઝનના હેડ કોન્સ્ટેબલ ગીરુભા જાડેજા એવધુ કાર્યવાહી હાથ ધરી છે


**જામનગર મહાનગર સેવા સદન**
**વોટર વર્કસ શાખા**
*** ઈ - ટેન્ડર નિવિદા ***

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શ્રી શહેરી વિકાસ યોજના ગ્રાન્ટ હેઠળ મ્યુ. કમિશ્નર જામનગર મહાનગરપાલિકા જામનગર દ્વારા વોટર વર્કસ શાખાના નીચે મુજબના કામ માટે રજીસ્ટ્રડ કોન્ટ્રાકટરો પાસેથી ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં (જીએસટી વગર) |
|---|---|---|
| ૧ | પ્રોવાઇડીંગ, સપ્લાઇંગ,લોવરીંગ, લેઇંગ, ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ ૪૬૫૦ મીટર ડી.આઇ.કે-૭ પાઇપલાઇન ૧૦૦ એમ.એમ ટુ ૫૦૦ એમ.એમ. ડાયા ફોર વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ફ્રોમ સમર્પણ ઇ.એસ.આર. ટુ હનુમાન ટેમ્પલ એન્ડ હનુમાન ટેમ્પલ ટુ ધરારનગર-૨ વિથ ઓલ એલાઇડ વર્કસ, જામનગર. | ૬૨૫.૯૭ |
| ૨ | પ્રોવાઇડીંગ, સપ્લાઇંગ, લોવરીંગ, લેઇંગ, ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ ૪૩૦૦ મીટર ડી.આઇ. કે-૭ પાઇપલાઇન ૧૦૦ એમ.એમ. ટુ ૭૫૦ એમ.એમ ડાયા ફોર વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ફ્રોમ પટેલ પાર્ક હેડ વર્કસ ટુ પવન ચકકી એરિયા એન્ડ ધર્મશાળા ટુ પવન ચકકી વિથ ઓલ એલાઇડ વર્કસ, જામનગર. | ૪૫૯.૦૭ |

ઇ.એમ.ડી. તથા ડોકયુમેન્ટ ફી મ્યુનિસિપલ કમિશનર જામનગર મહાનગરપાલિકાની તરફેણમાં ભરવાની રહેશે. સદરહું કામની ટેન્ડર નિવિદા, ડોકયુમેન્ટસ તથા ટેન્ડરને લગત વધુ માહિતી માટે જામનગર મહાનગરપાલિકાની વેબ સાઇટ https://jmctender.nprocure.com પરથી મેળવી શકાશે. ટેન્ડર ઇલેકટ્રોનીક ફોરમેટમાં વેબ સાઇટ https://jmctender.nprocure.com પરથી ડીજીટલ સહી સાથે ઓનલાઇન સબમિટ કરવાનું રહેશે. ઉપરોકત ટેન્ડર તા. ૦૫-૧૦-૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

કાર્યપાલક ઇજનેર
વોટર વર્કસ શાખા

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/વો.વ./૦૨૧/૧૦૯/૨૦૨૬-૨૭
તા. ૩૦-૦૯-૨૦૨૬ ૧૩



**છઠ્ઠી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી**



**સ્વ. ઘોઘાભાઈ જીણાભાઈ મકવાણા (ભુવાશ્રી)**
સ્વ.તા. ૦૨-૧૦-૨૦૨૦, શુક્રવાર

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી વસમી વિદાય લઇ ચંદન જેવું જીવન જીવીને સુખ સૌને આપી ગયા. આપે વારસામાં આપેલા આદર્શ સદ્‌ગણોનાં જીવન પંથે અમો ચાલીશું. સમય વહી જશે, સ્મરણો અમારા હૃદયમાં ભુતકાળ બનીને નહીં પરંતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે. આપની વિદાયને છ વર્ષ વીતી ગયા છતા હયાતીનો અહેસાસ હજુય લાગે છે. સ્નેહ સાગરમા સંભારણા તાજા કરીએ તો હૈયે ભીનાશ હજુય લાગે છે. આપના પવિત્ર આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના...

ખીમજીભાઇ ટીડાભાઇ મકવાણા — અશ્વિનભાઇ રમેશભાઇ મકવાણા
રમેશભાઇ ટીડાભાઇ મકવાણા — દર્શનભાઇ રમેશભાઇ મકવાણા
સ્વ. કનુભાઇ ટીડાભાઇ મકવાણા — દર્શિતભાઇ રમેશભાઇ મકવાણા
જીતેન્દ્રભાઇ ખીમજીભાઇ મકવાણા — ક્રિશ જીતેન્દ્રભાઇ મકવાણા
નિલેશભાઇ કનુભાઇ મકવાણા — રાજ નિલેશભાઇ મકવાણા
જયંતિભાઇ પ્રભુદાસભાઇ ચોલેરા — મીત જયંતિભાઇ ચોલેરા
દર્શ જયંતિભાઇ ચોલેરા — તથા મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ

• મે. સમજુ ટ્રેકટર્સ • ઓરેંજ ડીજીટલ વર્લ્ડ (Ex. BMW Showroom)
• ઓમ પાર્ટી લોન્સ • ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE-2460111





"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

**નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય**
તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર
હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી

**સંદેશો**

સત્યમેવ જયતે

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

સત્યમેવ જયતે

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

સત્યમેવ જયતે

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

**"વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત."**
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

સત્યમેવ જયતે

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**

તંત્રી લેખ

# પૂ.બાપુનું 'યુવા ભારત'નું સાકાર થતું સપનું

એશિયન ગેમ્સમાં ભારતીય રમતવીરોના સર્વશ્રેષ્ઠ અને ઐતિહાસિક દેખાવે સમગ્ર દેશમાં હરખની હેલી જગાડી છે. એક સમયે જ્યાં વૈશ્વિક રમતગમતના મંચ પર ભારતની હાજરી માત્ર સીમિત ગણાતી હતી આજે ભારતના યુવાનો સુવર્ણ, રજત અને કાંસ્ય પદકોની સરવાણી વહાવી રહ્યા છે. આ ભવ્ય સફળતાએ કોઈ અકસ્માત નથી, પરંતુ પાછલા કેટલાક વર્ષોથી દેશમાં પ્રાદેશિક ધોરણે રમતગમત અને યુવા પ્રતિભાઓને શોધીને તેમને યોગ્ય મંચ પૂરો પાડવાની સરકારની સુઆયોજિત રણનીતિનું પરિણામ છે. 'ખેલો ઈન્ડિયા' અને 'ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ' જેવી યોજનાઓએ ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારમાં છુપાયેલા હીરાઓને શોધીને તેમને વૈશ્વિક કક્ષાનું વિશિષ્ટ પ્રશિક્ષણ આપ્યું છે.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના પવિત્ર અવસરે એશિયન ગેમ્સની આ ઐતિહાસિક સફળતા વધુ અર્થસભર બની રહે છે. બાપુએ હંમેશાં 'સ્વદેશી' અને સશક્ત 'યુવા ભારત'નું સપનું જોયું હતું. ગાંધીજીનું માનવું હતું કે દેશનું સાચું સામર્થ્ય તેના ગ્રામીણ વિસ્તારો અને યુવાધનમાં પડેલું છે.

આજે જ્યારે નાના નાના શહેરો અને ગામડાંઓમાંથી આવતા યુવાનો પોતાની દેશી રમતગમતની કોઠાસૂઝ, અથાક પરિશ્રમ અને આત્મવિશ્વાસના બળે વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓને માત આપી રહ્યા છે, ત્યારે ગાંધીજીની 'આત્મનિર્ભર' અને 'સ્વાવલંબી' ભારતની વિભાવના રમતગમતના ક્ષેત્રે ચરિતાર્થ થતી દેખાય છે. દેશની માટીમાંથી ઊભરેલા આ ખેલાડીઓ આજે વિશ્વમંચ પર ત્રિરંગો લહેરાવી રહ્યા છે, જે સ્વદેશી સામર્થ્યની શ્રેષ્ઠ મિસાલ છે.

આજે ભારત રમતગમતના એક નવતર 'સુવર્ણયુગ'માં પ્રવેશ કરી ચૂક્યું છે. હવે ભારતીય ખેલાડીઓ માત્ર ભાગ લેવા માટે નહીં, પરંતુ વિજયી બનવાના સંકલ્પ સાથે મેદાનમાં ઊતરે છે. એથ્લેટિક્સ, શૂટિંગ, આર્ચરી કે બેડમિન્ટન જેવા પરંપરાગત ખેલ હોય કે પછી નવીન રમતો-દરેક ક્ષેત્રમાં ભારતીય યુવાનોનું વર્ચસ્વ વધી રહ્યું છે. ખેલાડીઓનું માનસિક મનોબળ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈજ્ઞાનિક પ્રશિક્ષણે ભારતને સ્પોર્ટ્સ સુપરપાવર બનવા તરફ ઝડપથી આગળ ધપાવ્યું છે.

એશિયન ગેમ્સનો આ દેખાવ માત્ર પદકો જીતવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દેશના કરોડો યુવાનો માટે પ્રેરણાનો સ્રોત બન્યો છે. ગાંધીજીના વિચારોમાંથી પ્રેરણા લઈ, પ્રાદેશિક પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી તૈયાર કરાયેલું આ યુવા ભારત આજે ગર્વથી કહી રહ્યું છે કે રમતગમતનું ભવિષ્ય હવે ભારતમાં સુરક્ષિત છે. જો આ જ દિશામાં અને આ જ ઉત્સાહથી પ્રયાસો ચાલુ રહેશે, તો આગામી ઓલિમ્પિક્સમાં પણ ભારત વિશ્વના નકશા પર એક નવી અને અજેય શક્તિ તરીકે ઊભરી આવશે તેમાં કોઈ શંકા નથી.

## જાણીતા હર્બલ પ્રોડક્ટ્સના વ્યવસાયી જીતેન્દ્ર દેવાણીનો કાલે જન્મ દિવસ



રાજકોટના જાણીતા હર્બલ પ્રોડક્ટ્સના વ્યવસાયી અને સેવાભાવી જીતેન્દ્રભાઈ દેવાણીનો (જન્મદિવસ તાઃ-૩-૧૦-૨૦૨૬ શનિવાર,)ના છે. તેઓએ (સ્વસ્તિક એજન્સી) છેલ્લા ૨૫ વર્ષથી હાથલા થોરનું જ્યુસ, એલોવેરા જેલ, સરગવાનો પાવડર, ઘઉંના જવારા સહિત વિવિધ આરોગ્યવર્ધક ઉત્પાદનોના હોલસેલ તથા રિટેલ વેચાણ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. સ્વાસ્થ્યપ્રદ અને સ્વદેશી ઉત્પાદનોને લોકો સુધી પહોંચાડવાના તેમના પ્રયાસો અનેક લોકો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. તેમના વ્યવસાયિક માર્ગદર્શનથી ઘણા નાના વેપારીઓને આ ક્ષેત્રમાં આગળ વધવાની પ્રેરણા મળી છે. સાથે સાથે સામાન્ય વર્ગના લોકોને યોગ્ય માર્ગદર્શન આપી સ્વરોજગાર તરફ પ્રોત્સાહિત કરવાનું સેવાકાર્ય પણ તેઓ સતત કરી રહ્યા છે. આ પાવન અવસરે દેવાણી પરિવાર, મણિયાર પરિવાર અને સંઘાણી પરિવાર તરફથી જીતેન્દ્રભાઈ દેવાણીને જન્મદિવસની શુભેચ્છાની વર્ષા ૯૭૨૫૬૨૭૨૪૫ પર થઈ રહી છે.

## સાંસદ રૂપાલાને શુભકામના પાઠવતું મહેતા દંપતી



સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલાના જન્મદિવસ નિમિત્તે રેલવે યુનિયનના પ્રતિનિધિ રાજેશભાઈ મહેતા અને તેમના ધર્મપત્ની એડવોકેટ-નોટરી હીનાબેન મહેતાએ શુભકામના પાઠવી હતી.

## અણિયારીટીંબામાં સુરાપુરા દાદાના નૂતન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

**અબતક, રાજકોટ**

વાંકાનેર નજીક અરણીટીંબા ગામે પંચાયત કચેરી પાસે નિર્માણ પામેલા સુરાપુરા દાદાના નૂતન મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન તા. ૪ ઓક્ટોબર, રવિવારના રોજ કરવામાં આવ્યું છે. કુળ પરંપરા અને આસ્થાના પ્રતીક સમાન સુરાપુરા દાદાના નૂતન મંદિરે યોજાનારા આ પાવન પ્રસંગે પરિવારજનોને સહપરિવાર ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મહોત્સવનો પ્રારંભ સવારે ૯ વાગ્યે થશે, જ્યારે બપોરે ૧ વાગ્યે બીડું હોમવાનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ બપોરે ૧:૧૫ કલાકથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.રાજકોટથી અરણીટીંબા આવવા-જવા માટે વિશેષ વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે. વાહન સેવાનો લાભ લેવા ઈચ્છતા પરિવારજનોને તા. ૨ ઓક્ટોબર, શુક્રવારના સવારે ૧૦ વાગ્યા સુધીમાં પરિવારના સભ્યોની સંખ્યા વોટ્સએપ દ્વારા જણાવવા વિનંતી કરવામાં આવી છે.

કમિશનમાં વધારો કરવા સહિતની માંગણી સાથે

# એલપીજી ડિસ્ટ્રિબ્યુટરોના ૨૬મીએ દિલ્હીમાં ધરણાં - વિરોધ પ્રદર્શન



### ઈ-કેવાયસી માટે રૂ.૨૩૬ વળતર ચૂકવો, ગ્રાહકો પર વિકલ્પ લાદવામાં ન આવે તેવી પણ માંગઃ રાજકોટમાં યોજાઈ બેઠક

**અબતક, રાજકોટ**

કમિશન વધારા સહિતની માંગણીઓ સાથે દેશભરના એલપીજી ડિસ્ટ્રિબ્યુટરો આગામી ૨૬મીએ દિલ્હીમાં ધરણાં વિરોધ પ્રદર્શન યોજાશે. ડિસ્ટ્રિબ્યુટરોના લાંબા સમયથી પડતર પ્રશ્નો, વધતા ઓપરેશનલ ખર્ચ, મર્યાદિત કમિશન તથા વિવિધ નીતિગત મુદ્દાઓ અંગે ચર્ચા કરવા રાજકોટ ખાતે રાષ્ટ્રીય કક્ષાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં એલપીજી ડિસ્ટ્રીબ્યુટર એસોસિયેશન ઈન્ડિયા (લડાઈ) રાષ્ટ્રીય અધ્યક્ષ બી.એસ.શર્મા, નાયબ અધ્યક્ષ કે.કે.ધનોત્રયા, ગુજરાતના પ્રમુખ રાજેન્દ્ર કુમાર રાઠોડ, રાષ્ટ્રીય કારોબારીના સદસ્ય સુરેશભાઈ પરમાર અને જોનલ અધ્યક્ષ કમલસિંગ તોમર સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય માંગણીઓમાં વધતા વિતરણ ખર્ચને ધ્યાનમાં રાખીને વહીવટી ચાર્જ તથા હોમ ડિલિવરી ચાર્જમાં તાત્કાલિક રૂ.૭૫નો વધારો કરવામાં આવે ઈ-કેવાયસી માટે રૂ.૨૩૬નું વળતર આપવામાં આવે. ગ્રાહકો ઉપર કોઈ એક વિકલ્પ લાદવામાં ન આવે. ગ્રાહકોને તેમની જરૂરિયાત અને પસંદગી મુજબ એલપીજીનો વિકલ્પ ઉપલબ્ધ રહે તથા ભારત ગ્રાહક હિતોનું રક્ષણ થાય, નવા ડોમેસ્ટીક કનેક્શન અંગે સ્પષ્ટતા કરવામાં આવે. નવા કનેક્શન અંગેની અનિશ્ચિતતા દૂર કરવામાં આવે અને જ્યાં જરૂરી હોય ત્યાં નવી કનેક્શન પ્રક્રિયા પુનઃ શરૂ કરવામાં આવે.

રાજકોટ ખાતે મળનારી બેઠકમાં રાષ્ટ્રીય કક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે સાથે જ ગુજરાતના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહેશે. રાજકોટની ટીમ દ્વારા આ મામલે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વર્ષોથી પોતાના પ્રશ્નોને લઈને ડિસ્ટ્રીબ્યુટર ઓપરેશન છે ત્યારે આ પ્રશ્નોનું નિરાકરણ આવે અને સરકાર સુધી પોતાની વાત પહોંચે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સમગ્ર દેશમાં એલપીજી ડિસ્ટ્રીબ્યુટરની હાલત ઘણા વર્ષોથી કફોડી બની છે. અમુક ડિસ્ટ્રીબ્યુટરોને આ વ્યવસાયથી પોતાનું ઘર ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે ત્યારે આગામી સમયમાં પોતાના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે આ લડતના મંડળ શરૂ કરવામાં આવ્યા છે. રાજકોટ ખાતે મળનારી ડિસ્ટ્રીબ્યુટરોની બેઠકમાં લડોતના મંડાણ શરૂ કરવામાં આવ્યા છે અને આગામી સમયની રણનીતિ પણ નક્કી કરવામાં આવશે.

ડિસ્ટ્રિબ્યુટરોના પ્રશ્નોને રાષ્ટ્રીય સ્તરે રજૂ કરવા માટે તા.૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નવી દિલ્હી ખાતે જંતર-મંતર પર વિશાળ શાંતિપૂર્ણ ધરણાં અને વિરોધ કાર્યક્રમ યોજાશે.

ગુજરાતમાંથી પણ કારોબારી સભ્યો તથા આશરે ૨૦૦ જેટલા ડિસ્ટ્રિબ્યુટરો જંતર-મંતર કાર્યક્રમમાં જોડાઈને ગુજરાતના ડિસ્ટ્રિબ્યુટર સમુદાયનો એકસૂરો અવાજ રાષ્ટ્રીય સ્તરે રજૂ કરશે.

જંતર-મંતર કાર્યક્રમ બાદ સરકાર તથા ઓઈલ કંપનીઓ તરફથી મળતા પ્રતિસાદ અને માંગણીઓ અંગેની પ્રગતિના આધારે રાષ્ટ્રીય સંગઠનો દ્વારા આગળની સામૂહિક રણનીતિ નક્કી કરવામાં આવશે. આગામી સમયમાં પણ પ્રશ્નોનો ઉકેલ ન થાય ત્યાં સુધી લડત યથાવત રહેશે.

# એક્ટિવિટી મ્યુઝિક ગ્રુપ દ્વારા રવિવારે સદાબહાર હિન્દી ગીતોનો સંગીતમય કાર્યક્રમ યોજાશે

### હેમુ ગઢવી હોલ ખાતે નિઃશુલ્ક યોજાનારા કાર્યક્રમની વિગતો આપવા આયોજકોએ 'અબતક'ની શુભેચ્છા મુલાકાત લીધી



**અબતક, રાજકોટ**

એક્ટિવિટી મ્યુઝિક ગ્રુપ દ્વારા સદાબહાર હિન્દી ગીતોનો વિશેષ મ્યુઝિકલ કાર્યક્રમ "મેરે પ્યાર કી ઉંમર હો ઈતની સનમ..." રવિવારના રોજ રાત્રે ૮.૦૦ થી ૧.૦૦ વાગ્યા દરમિયાન હેમુ ગઢવી હોલના મિની ઓડિટોરિયમ, ખાતે કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપવા માટે ચંદ્રેસભાઈ ફિચડીયા, નરેન્દ્રભાઈ કોઈન મેન, નયનાબેન વ્યાસ અને ભાવેશભાઈ મૃગએ 'અબતક' મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ કાનપ્રિય સંગીતમય સંધ્યામાં સંગીતપ્રેમી જનતા માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવી છે.આ કાર્યક્રમમાં ગાયક કલાકારો અને સિંગર ચંદ્રેશ ફિચડીયા તથા સહ આયોજક નિશાબેન ભટ્ટીના નેતૃત્વ હેઠળ અનેક કલાકારો પોતાના મધુર સ્વરથી સંગીતરસ પીરસશે. આ કાર્યક્રમમાં એન્કર અને સિંગર પુનમબેન પંડ્યા, સંજીવ વોરા, નિતિનભાઈ ટાંક, મહેશભાઈ આડેસરા, ભરતભાઈ રાજાણી, પ્રદિપભાઈ પાલા, પરેશભાઈ ખખ્ખર, હિમાંશુ ફિચડીયા, ગિરીશભાઈ ખખ્ખર, ભાવેશભાઈ મૃગ, મહેન્દ્રભાઈ રૂપારેલીયા, તેજલ ભટ્ટી તેમજ ગેસ્ટ સિંગર બીના રાવલ અને નયનાબેન વ્યાસ પોતાની ગાયકીના સૂર રેલાવશે.

આ ઉપરાંત ભરતભાઈ વેકરીયા, અતુલભાઈ કાલરીયા, સંજયભાઈ પારેખ અને આશીષભાઈ રાઠોડ જેવા સહયોગીઓ પણ ખાસ હાજર રહેશે. સંગીતમય સંધ્યામાં અતિથિ વિશેષ તરીકે વૈભવભાઈ ચોકસી (ગ્રાહક સુરક્ષા મંત્રી) તથા મેહુલ મહેન્દ્રભાઈ રવાણી (અરહંત ઈન્વેસ્ટમેન્ટ) ઉપસ્થિત રહેશે. તેમજ જીગ્નેશ નટવરલાલ વાગડિયા (પ્રમુખ - સોની યુવા સોશિયલ ટ્રસ્ટ), કિશોરભાઈ ફિચડીયા, હેમાંશુભાઈ પારેખ, સુરેશભાઈ (બંસી જ્વેલર્સ) તથા નરેન્દ્રભાઈ સોરઠીયા (કોઈનમેન) પણ અતિથિ તરીકે હાજરી આપશે. આયોજકો દ્વારા શહેરની સમગ્ર જનતાને આ મધુર સંગીતમય કાર્યક્રમનો લાભ લેવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે ચંદ્રેશભાઈ ફિચડીયા (મો. ૯૯૨૪૦૭૬૯૧૭) અથવા નિશાબેન ભટ્ટીનો સંપર્ક સાધી શકાશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુરૂવારે પદવીદાન સમારોહ

### રાજ્યપાલના હસ્તે ૧૫૦ને ગોલ્ડ મેડલ, ૪૨ હજાર વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આગામી તા.૮ ઓક્ટોબરના ૬૧મો પદવીદાન સમારોહ યોજવામાં આવશે. જેમાં આચાર્ય દેવવ્રતના હસ્તે ૧૫૦ થી વધુ ગોલ્ડ મેડલ પહેરાવવામાં આવશે. જયારે ૪૨ હજાર વિદ્યાર્થીઓને ડિગ્રી આપવામાં આવશે. યુનિવર્સિટીના નવા ઓડિટોરિયમ હોલ ખાતે આ કોન્વોકેશન યોજાવાનો છે ત્યારે વિદ્યાર્થીઓને બિરદાવવાના આ અવસરને લઈ પરીક્ષા વિભાગ તેમજ યુનિવર્સિટીના વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હિરક જયંતી એટલે ૬૦મા વર્ષની ઉજવણી કરી રહ્યું છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના ૨૩મી મે ૧૯૬૭ના દિવસે થઈ હતી. ત્યારથી અવિરત આપણે પદવીદાન સમારંભો યોજતા રહ્યા છીએ. આ વખતે તા. ૮મી ઓક્ટોબરના કુલાધિપતિ અને રાજ્યના ગવર્નર આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રાંગણમાં આપણા નવનિર્મિત ઓડિટોરિયમમાં લગભગ ૪૨,૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને ૧૫૦ થી વધારે ગોલ્ડ મેડલનું વિતરણ રાજ્યપાલના વરદ હસ્તે થવાનું છે. જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે હિરક જયંતી દરમિયાન આવતો મોટો ઉત્સવ છે.૮મી ઓક્ટોબરે ૬૧મા કોન્વોકેશનનો કાર્યક્રમ યોજાવાનો છે ત્યારે યુનિવર્સિટી તંત્ર અત્યારે કામગીરીમાં લાગેલું છે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ જ્યારે પ્રવેશ મેળવે છે ત્યારે તેમના મનમાં ડિગ્રી મેળવવાનું એક બહુ મોટું સપનું હોય છે. જેથી જે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે તે બધાને ડિગ્રી અનાયત કરવાનો એક વિશેષ અવસર આ હોય છે.

# ગાંધીજીની પ્રતિમાને ભાવપૂર્વક પૂષ્પાંજલિ અર્પણ કરતા ભાજપ અગ્રણીઓ



**અબતક, રાજકોટ**

મહાત્મા ગાંધીજીની ૧૫૭ મી જન્મજયંતી નિમીતે આજરોજ રાજકોટ શહેરના જયુબેલી બાગ ખાતે આવેલ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને શહેર ભાજપના હોદ્દેદારો રાજકોટ પધારેલ રાજયના આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનસેરીયા, રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, મૈયર ડો. નેહલ શુકલ, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, પુર્વ ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણી, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, નીતીનભાઈ ભારદ્વાજ, રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસકપક્ષ નેતા હિરેન ખીમાણીયા, દંડકનેતા સુરેન્દ્રસિંહ રાણા સહિત શહેર હોદ્દેદારો, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડના પ્રભારી, વોર્ડ પ્રમુખ, મહામંત્રીઓ, મોરચાના પ્રમુખ મહામંત્રી વિગેરેએ ઉપસ્થિત રહી ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરેલ હતી. આ કાર્યક્રમમાં શહેર ભાજપના વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા અને શૈલેષ દવેએ જહેમત ઉઠાવી હતી.

# ભારતીય પાઈલટ સ્મિત મચ્છરના શીઘ્ર સ્વાસ્થ્ય માટે કરાઈ પ્રાર્થના





**અબતક, રાજકોટ**

દુબઈથી તેલઅવીવ જઈ રહેલી વિમાન સેવા દરમિયાન ભારતીય પાઈલટ સ્મિત મચ્છર પર થયેલા દુર્ભાગ્યપૂર્ણ હુમલામાં તેઓ ગંભીર રીતે ઘવાયા છે. ગુજરાતના સંતાન અને દેશનું ગૌરવ એવા પાઈલટ સ્મિત મચ્છર ઝડપથી સંપૂર્ણ સાજા થઈ જાય અને તેમનું આયુષ્ય દીર્ઘાયુ બને તે માટે રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા પવિત્ર પંચનાથ મહાદેવ મંદિર ખાતે એક વિશેષ મહાઆરતી અને પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહાઆરતી અને પ્રાર્થના સભામાં રાજકોટના લોકસભા સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો.નેહલ શુકલ તેમજ મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ, કોર્પોરેટરો અને ભાજપના હોદ્દેદારો તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌ આગેવાનો અને કાર્યકર્તાઓએ સ્મિત મચ્છરના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે વિશેષ પૂજા-અર્ચના કરી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સ્મિત મચ્છરની બહાદુરીને બિરદાવી હતી અને પરિવારજનોને આ મુશ્કેલ સમયમાં હિંમત જાળવી રાખવા માટે સાંત્વના પાઠવી હતી.

# દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પ્રેરિત સાહિત્ય સેતુના પુસ્તક પરબનો છઠ્ઠા વર્ષમાં પ્રવેશ

### પુસ્તક પરબમાં પાંચ હજારથી વધુ પુસ્તકોનો રસથાળ



**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા આજે મહાત્મા ગાંધી જયંતિના પવિત્ર દિવસે કાલાવડ ઉપર નૂતનનગર હોલ પાસે આવેલ કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં રાજકોટની જૂની પેઢીના મોભી, વાંચનપ્રેમી, સાહિત્ય પ્રેમી, બિલ્ડર, મોઢવણિક સમાજના અગ્રણી રસિકભાઈ મહેતાનું પુસ્તક પરબ સાથે નામ જોડી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ તેની સ્થાપનાને સફળ પાંચ વર્ષ પૂર્ણ થયેલ છે અને છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. આ એવું પરબ છે કે જ્યાં જ્ઞાનની તરસ છીપાય છે. રાજકોટવાસીઓએ હોંશે-હોંશે પુસ્તક પરબનેવધાવી લીધેલ છે.

સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઈ ગાદેશા, મંત્રી મુકેશ દોશી, સંયોજકો અનુપમ દોશી, જનાર્દન આચાર્ય માહિતી આપતા વધુમાં જણાવે છે કે વાંચકોને મનગમતા પુસ્તકો મળે, સમાજમાં વાંચન વધે, ગુજરાતી ભાષાનું સંવર્ધન થાય, ભાષાનો પ્રચાર-પ્રસાર થાય તેમજ પુસ્તકપ્રેમીઓને કોઈ ડિપોઝીટ, લવાજમ કે સભ્ય ફી વગર નિઃશુલ્ક જોઈએ તેટલા પુસ્તકો વાંચવા મળે આ હેતુસર પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ.

સંસ્થાના કમિટી મેમ્બર નલિન તન્ના, પંકજ રૂપારેલીયા પુસ્તક પરબમાં રહેલ પુસ્તકો અંગે માહિતી આપતા જણાવે છે કે સંસ્થા પાસે ગુજરાતી, અંગ્રેજી, હિન્દીના પાંચ હજારથી વધુ પુસ્તકોનો રસથાળ છે.

પુસ્તક પરબની વ્યવસ્થાપક કમીટીમાં કમીટી મેમ્બર તરીકે હરેનભાઈ મહેતા, હસુભાઈ શાહ, નૈષધભાઈ વોરા, જયેન્દ્રભાઈ મહેતા, પરિમલભાઈ જોષી, વિપુલભાઈ ભટ્ટ, જીતુભાઈ ગાંધી, રમેશ શિશાંગીયા, મહેશ પરમાર, હિરેન મહેતા, દિનેશભાઈ ગોવાણી, ઉપમન્યુ રાવલ, મહેશ જીવરાજાની, અનિલ ધોળકિયા, શરદભાઈ દવે, દક્ષિણભાઈ જોશી, સંજય ગાંગાણી, દીપકભાઈ ત્રિવેદી, મહેશ વ્યાસ, ડો.હાર્દિક દોશી, રાહુલભાઈ ગોહેલ, કિશોર ટાકોદરા, ઉર્મિશ વ્યાસ, નયન ગંધા, કમલેશ ટોલીયા, વિજય ઓઝા વગેરે કાર્યરત છે.

પુસ્તક પરબ અંગે સાહિત્ય સેતુના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# એઈમ્સ હોસ્પિટલના મહિલા ઈન્ટર્ન તબીબની છેડતી કરનાર નર્સીંગ કર્મી સામે ગુનો નોંધાયો

## લલિત શર્મા નામના શખ્સે નોકરી દરમિયાન મેડિકલની છાત્રાના કમરના ભાગે સ્પર્શ કરી દ્વિઅર્થી વાતો કરી'તી : ગાંધીગ્રામ પોલીસે જાતીય સતામણીની કલમો હેઠળ ફરિયાદ નોંધી

**અબતક, રાજકોટ**

રાજ્યની એકમાત્ર એઈમ્સ હોસ્પિટલમાં મહિલા ઈન્ટર્ન તબીબની નર્સીંગ કર્મચારી દ્વારા જાતીય સતામણી કરવામાં આવી હતી. સાથે ફરજ બજાવતી વેળાએ મહિલા તબીબના કમરના ભાગે સ્પર્શ કરી ખંભે હાથ રાખી દ્વિઅર્થી વાતો કરી નર્સીંગ કર્મચારીએ છેડતી કરતા ઈન્ટર્ન તબીબોએ તાત્કાલિક નર્સિંગ કર્મચારીને સસ્પેન્ડ કરી ફોજદારી પગલાં લેવાની માંગણી સાથે એઈમ્સ હોસ્પિટલ પરિસરમાં જ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જે મામલે ગાંધીગ્રામ પોલીસે જાતીય સતામણી સહીતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર એઈમ્સ હોસ્પિટલમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતી અને ત્યાં જ ઈન્ટર્ન તબીબ તરીકે ફરજ બજાવતી યુવતીએ ફરિયાદમાં આરોપી તરીકે અહીં એઈમ્સ હોસ્પિટલમાં નર્સીંગ સ્ટાફ તરીકે નોકરી કરતા લલિત શર્માનું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે બીએનએસની કલમ ૭૫(૨)હેઠળ ગુનો નોંધ્યો હતો.



પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઈન્ટર્ન તબીબે ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગઈ તા. ૨૫/૦૯/૨૦૨૬ થી મારી ડ્યુટી એઈમ્સ હોસ્પીટલમાં ડ્રેસીંગ વિભાગમાં આવેલ હતી. તા. ૨૬/૦૯/૨૦૨૬ ના રોજ સવારના નવ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી નોકરી દરમ્યાન મારી સાથે હેલ્પમાં નર્સીંગ સ્ટાફના લલીતભાઈ હતા. હું મારા ફોનમાં સ્ટેટસ જોતી હતી ત્યારે લલીતભાઈએ અચાનક મારો ફોન લઈ લીધેલ અને તેમાં મારા ફોટા જોવા લાગેલ હતો. જેથી મે તેમને કહેલ કે, તમે આવી રીતે મારો ફોન ન જોઈ શકો. બાદ મે મારો મોબાઈલ પરત લઈ લીધો હતો. બાદ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સવારના નવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી મારી ડ્રેસીંગ વિભાગમાં નોકરી હતી. ત્યારે પણ લલીતભાઈની પણ મારી સાથે નોકરી હતી. તે દીવસે અમે બંને ડ્રેસીંગ રૂમમાં અમારી નોકરી પર હતા. ત્યારે કોઈ દર્દી ન હોય જેથી લલીતભાઈ રૂમનો દરવાજો આડો કરેલ હતો અને કોઈપણ રીતે મારી સાથે વાત કરવાની કોશીશ કરી કહેલ કે, આજે આપણે બહાર જમવા જઈએ. જેથી મે કહેલ કે મારે મેસમાં જમવાનુ છે. તેણે કહેલ કે, હું તને પાર્ટી આપુ. જેથી મે ના પાડી કહેલ કે, તમારા લગ્ન થઈ ગયેલ છે જેથી તમારું વર્તન યોગ્ય નથી. ત્યારે લલીતભાઈએ કહેલ કે ''ઘર કી દાલ ડેઈલી ડેઈલી કોન ખાતા હે તેમ કહ્યું હતું. બાદ હું ડ્રેસીંગ રૂમમાં ખુરશી ઉપર બેઠી હતી, ત્યારે મને ખુરશી સહીત પોતાની તરફ ખેંચેલ હતી. જેથી હું ખુરશી પરથી ઉભી થઈ ગયેલ હતી. બાદ થોડીવાર પછી હું ત્યાં રૂમમાં જ સ્ટીલની ત્રણ ખુરશી જોઈન્ટ કરેલ બાકડો છે તેના પર બેઠી હતી. ત્યારે લલીત મારી બાજુમાં આવી બેસી ગયેલ અને મને કમરના ભાગે સ્પર્શ કરવાનો ઈશારો કરી 'કેન આઈ ટચ યુ' તેમ કહી મને બે ત્રણ વાર કમરના ભાગે સ્પર્શ કરવાનો ઈશારો કરેલ હતો. જેથી મે તેને કહેલ કે 'આપ ઐસા નહી કર શકતે. ત્યારે લલીતએ અચાનક મારાં કમરમાં હાથ નાખી મને પકડી લીધેલ હતી. બાદમાં મારા ખભા પર હાથ મુક્યો હતો. જેથી હું એકદમ ગભરાઈ ગયેલ અને ત્યાંથી ઉભી થઈને બહાર નીકળી ગયેલ હતી. વધુમાં મળતી માહિતી અનુસાર ઈન્ટર્ન તબીબ ઈમરજન્સી વિભાગમાં જઈ સહકર્મચારીઓને બનાવ બાબતે જાણ કરી હતી. જેથી તેણીએ સમગ્ર મામલે આ લલીત વીરૂધ્ધ એઈમ્સ હોસ્પીટલના ચેરમેનને લેખીતમાં ફરિયાદ કરી હતી.

### હવસખોર શખ્સ સામે પગલાં લેવાની માંગ સાથે ઈન્ટર્ન તબીબોએ હડતાળ પાડી'તી

નર્સિંગ કર્મચારી લલિત શર્મા દ્વારા મહિલા ઈન્ટર્ન તબીબની છેડતી કરવામાં આવી હતી. જે બનાવ અંગે ભોગ બનનારે અન્ય સહકર્મીઓને જાણ કરી હતી. જેથી ઈન્ટર્ન તબીબોએ એઈમ્સ હોસ્પિટલ પરિસરમાં જ ઘટના અંગે વિરોધ નોંધાવી તાત્કાલિક લલિત શર્મા સામે સસ્પેન્શન અને ફોજદારી પગલાં લેવાની માંગ સાથે હડતાળ પાડી હતી. જો કે, એઈમ્સ હોસ્પિટલ તંત્રએ તાત્કાલિક બનાવની ગંભીરતાને ધ્યાને રાખી ફરીયાદ નોંધાવવા સહીતની પ્રક્રિયામાં સાથે રહી કાયદેસરની કાર્યવાહી આદરતા તબીબોએ ગત રાત્રિના હડતાળ સમેટી લીધી હતી.

# રેલનગરની પરિણીતાએ પતિના આડા સંબંધ અને ઝઘડાથી કંટાળી આપઘાત કર્યો'તો

## પ્રેમ લગ્ન કરનારી મહિલાના પતિને પરસ્ત્રી સાથે આંખ મળી જતાં શારીરિક - માનસિક ત્રાસ આપતો : પિતાની ફરીયાદ પરથી યુનિ. પોલીસે જમાઈ સામે મરવા મજબૂર કર્યાનો ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

ઘંટેશ્વર વિસ્તારમાં આવેલ વર્ધમાનનગરના એપાર્ટમેન્ટના નવમાં માળેથી મોતની છલાંગ લગાવી પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. જે મામલે હવે નવો વળાંક આવ્યો હતો. પ્રેમ લગ્ન કરનારી પરિણીતાના પતિને અન્ય મહિલા સાથે આડા સંબંધ હોય પતિ અવાર નવાર ઝગડા કરી શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. જે ત્રાસથી કંટાળી અંતે પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. જે મામલે મૃતકના પિતાની ફરીયાદ પરથી યુનિવર્સીટી પોલીસે જમાઈ સામે મરવા મજબુર કર્યાનો ગુનો નોંધ્યો હતો.

ઘંટેશ્વર એસઆરપી કેમ્પ સામે વર્ધમાનનગરમાં વર્ધમાનગ્રીન એપાર્ટમેન્ટના સી-વિંગમાં ફ્લેટ નં.-૯૦૨ માં રહેતા ૫૩ વર્ષીય પ્રૌઢ લલીતભાઈ કેશવભાઈ સોલંકીએ આરોપી તરીકે જમાઈ મિલન રાજેશભાઈ આંબલીયા (રહે. મધુવન પાર્ક-૧,રેલનગર, રાજકોટ)નું નામ આપતાં યુનિ. પોલીસે મરવા મજબૂર કર્યાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

પ્રૌઢએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું પીપળીયા ગામ નજીક હું હેર સલુન ધરાવું છું. મારે સંતાનમાં એક પુત્ર યશ (ઉવ ૨૪) અને પુત્રી માન્સી (ઉવ ૨૩) હતી. પુત્રી માન્સીએ સાડા ત્રણ વર્ષ પહેલા અમારી જ્ઞાતિના મિલન રાજેશભાઈ આંબલીયા સાથે પ્રેમ લગ્ન કરેલ હતા. શરૂઆતના છ માસ અમે પુત્રી અને જમાઈ સાથે વાતચીત કરતા ન હતા. બાદમાં અમે પુત્રીના સાસરિયાઓ સાથે સમાધાન કરી લીધેલ હતું બાદમાં રાજીખુશીથી અમે એકબીજાના ઘરે આવ-જા કરતા હતા. મારી પુત્રી શિતલપાર્ક પાસે આવેલ આર કે વર્લ્ડ સોલાર કંપનીમા પ્રાયવેટ નોકરી કરતી હતી. જયારે જમાઈ મિલન ફ્યુઝન નામે સલુન ચલાવે છે.

વધુમાં પ્રૌઢએ જણાવ્યું હતુ કે, ગઈ તા. ૨૪/૦૯/૨૦૨૬ ના બપોરના એક વાગ્યે મને મારા જમાઈ મિલનનો ફોન આવેલ કે, માનસી સવારથી ઝગડો કરે છે તો હવે તમારે શુ કરવાનુ છે? તેમ જણાવી કોન્ફરન્સમા મારી દીકરી માનસી સાથે મિલનએ વાત કરાવેલ અને માનસીએ જણાવેલ કે, મિલનને અન્ય સ્ત્રી સાથે સબંધ છે અને મારે તે મોબાઈલ ડીટેઈલ કઢાવી પ્રુફ કરાવુ છે. હુ સલુને આવુ છું તેમ માનસીએ મિલનને જણાવતા મિલનએ કહેલ કે, તું અહી આવીશ તો હું મરી જઈશ અને બધાના નામ લખતો જઈશ તેમ ધમકી આપેલ હતી. બાદ માનસીનો ફોન તેની સાસુ દક્ષાબેનએ લઈ ફોનમા મારી સાથે વાત કરી જણાવેલ કે, તમે માનસીને તેડી જાવ બાદ થોડી વારે માનસીએ મને ફોન કરી કહેલ કે, તમે ધકો ન ખાતા મારે અહીં જ રહેવુ છે તેમ જણાવેલ હતુ. આશરે ચાર વાગે હુ દુકાને જવા નિકળેલ ત્યારે મારા દિકરા યશએ મને ફોન કરી જણાવેલ કે, માનસી તેડી જવાનુ કહે છે તો તમે જઈને તેને તેડી આવો. જેથી હું મારુ મોટર સાયકલ લઈ માનસીના ઘરે રેલનગરથી પુત્રીને તેડી આવ્યો હતો. પુત્રીને ઘરે ઉતારી હું સલુને જતો રહેલ હતો જયારે મારી પત્ની અમારા એપાર્ટમેન્ટ ખાતે ચાલતા સુંદરકાંડમાં ગઈ હતી. આશરે સાત વાગ્યે મારા પડોશી આનંદભાઈ ભટ્ટનો મને ફોન આવેલ કે, માનસીએ તેની જાતે નવમા માળેથી નીચે ઠેકડો મારેલ છે અને તેને શરીરે ગંભીર ઈજાઓ થયેલ છે, અમે માનસીને એઈમ્સ હોસ્પિટલ ખાતે સારવારમા લઈ જઈએ છીએ, તમે સીધા ત્યા જ આવજો તેમ કહેતા હું એઈમ્સ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. અડધી કલાકની સારવાર બાદ તબીબે મારી પુત્રી માન્સીને મૃત જાહેર કરી દીધી હતી. જેથી જરૂરિ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ પુત્રીનો અગ્નિ સંસ્કાર કરી નાખ્યો હતો.

પ્રૌઢ પિતાએ જણાવ્યું હતું કે, મારી દીકરી માનસી આશરે અઢી મહીના પહેલા પહેલીવાર રિસામણે આવેલ ત્યારે તેણે જણાવેલ કે, આશરે ત્રણેક મહીના પહેલા તા. ૨૮/૦૬/૨૦૨૬ ના રોજ હુ તથા મિલન તથા તેના મિત્ર આયુષભાઈ (નામ બદલાવેલ છે) તેની પત્નિ વિધિબેન (નામ બદલાવેલ) સાસણગીર ફરવા ગયેલ હતા. ત્યા કોઈ કારણસર આયુષભાઈ અને તેના પત્નિ વીધી વચ્ચે ઝગડો થયેલ જેથી મિલન વિધિબેનને મનાવવા ગયેલ એટલે મેં મિલનને કહેલ કે, તમારે મનાવવા જવાની શું કામ જરૂર હતી. તેમ કહેતા મિલન મારી સાથે ઝગડો કરેલ અને મારો ફોન પણ તોડી નાખેલ હતો તેમજ મને જાપટ મારેલ હતી. ત્યારથી મીલન મારી સાથે સરખી વાત કરતા નથી, જેથી મિલનને વીધી સાથે કંઈક આડા સબંધ હોવાનુ મને લાગે છે અને મે વારંવાર ના કહેવા છતા મિલનએ આ વિધિ સાથે પાર્ટનરશીપમા ફ્યુઝન સલુન શોપ ચાલુ કરેલ છે, ત્યારથી તેનુ વર્તન બદલાય ગયેલ છે. અવાર નવાર મિલન અને વીધી ફોનમા વાતો કર્યા કરતા હોય, મે મીલનને વાતો કરવાની ના કહેતા મિલન મારી સાથે ઝગડા કરે છે. મારા સાસુ સસરાને આ બાબતે વાત કરતા તેઓ પણ મિલનનુ ઉપરાણુ લઈ મને હેરાન કરે છે. મારે વિધિ સાથે સબંધ રાખવા ન હોય છતાએ મને પરાણે સંબંધ રાખવાનુ કહે છે અને તુ જોતી નથી તેમ કહ્યા કરે છે. જે બાબતે મે સમજાવટ કરતા બંને પક્ષે સમાધાન થઈ જતાં પુત્રીને સાસરિયાઓ તેડી ગયેલ હતા.બનાવના દિવસથી આશરે દસ દિવસ પહેલા પણ માનસી ફરીવાર રિસામણે આવેલ અને ત્યારે પણ જણાવેલ કે, સલુનમાં કામ કરતા જતીન રાઠોડએ મને જણાવેલ મિલન અને વીધી અવાર નવાર સોંપીંગ કરવાના બહાને ફરવા જતા રહે છે અને હુ સલુને જાવ તો મારી સાથે જગડા કરે છે. મિલનને અવાર નવાર વીધી સાથેના સંબંધ તોડવાનુ કહેતા મિલન કહેવા લાગતો કે, તારે જ્યાં જવુ હોય ત્યા જા મને તુ જોતી જ નથી તેમ કહે છે. તા-૨૩/૦૯/૨૦૨૬ ના રોજ મારી દીકરી સલુને ગયેલ ત્યારે પણ મારા જમાઈ મિલનએ મારી દિકરી સાથે ઝગડો કરેલ અને તે વખતે વીધી પણ ત્યા હાજર હતી. તેણે માનસીને તારા બે દિવસમા છુટાછેડા કરાવવા છે તેમ કહેલ હતું તેવું માન્સીએ જણાવેલ હતું.

જેથી અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ ધરાવતા જમાઈએ વારંવાર દીકરી સાથે ઝગડા કરી છૂટાછેડા આપવાનું કહી શારીરિક - માનસિક ત્રાસ આપતાં પુત્રીએ અંતે કંટાળી નવમાં માળેથી મોતની છલાંગ લગાવી આપઘાત કરી લેતા પિતાએ જમાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.

### રાજકોટમાં ગુરૂ-શિષ્યના સંબંધને લાંછનરૂપ બનાવ

# મધર ટેરેસા સ્કૂલના શિક્ષકે ધો.-૮ ની છાત્રા પર દુષ્કર્મ આચર્યું

## નરાધમ શિક્ષક મોહિત ટાંક ગણિતમાં સારા માર્ક્સ આપવાનું કહી શાળામાં પણ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી હગ-કિસ કરી અડપલાં કરતો

## ગણિત વિષયમાં નાપાસ કરી દેવાની ધમકી આપી સ્કૂલેથી કારમાં અપહરણ કરી સ્વામિનારાયણ ચોક નજીક આવેલ ફ્લેટએ લઈ જઈ દેહ ચૂંથ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગુરૂ-શિષ્યના પવિત્ર સંબંધને લાંછનરૂપ બનાવ સામે આવ્યો છે. મધર ટેરેસા સરકારી સ્કૂલમાં ધો.-૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની છાત્રાને ગણિત વિષયમાં નાપાસ કરી દેવાની ધમકી આપી નરાધમ શિક્ષક મોહિત ટાંકએ છાત્રાનું શાળાએ કારમાં અપહરણ કરી સ્વામિનારાયણ ચોક નજીક આવેલ ફ્લેટએ લઈ દુષ્કર્મ આચર્યું હતું. હેવાન બનેલા શિક્ષકે ગણિત વિષયમાં સારા માર્ક્સ આપવાનું કહી છાત્રાની એકલતાનો લાભ ઉઠાવી શાળા પરિસરમાં પણ શારીરિક અડપલાં કરતો હતો. માસુમે આપવીતી વર્ણવતા માતા-પિતા સ્તબ્ધ થઈ ગયા હતા. સમગ્ર મામલે તાલુકા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી નરાધમ શિક્ષક મોહિત ટાંકની ધરપકડ કરી હતી.

બનાવ અંગે ભોગ બનનાર છાત્રાની માતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સીતાજી ટાઉનશિપ પાછળ આવેલ મધર ટેરેસા સરકારી સ્કૂલ નં.૮૮ ના શિક્ષક મોહિત ટાંકનું નામ આપી પોલીસને જણાવ્યું કે તેની પુત્રી ૨૦૨૩ થી લઈ ૨૦૨૬ સુધી એમ ત્રણ વર્ષ ધો. ૬થી ૮માં સરકારી શાળામાં અભ્યાસ કરતી હતી. હાલ બીજી શાળામાં અભ્યાસ કરે છે. ગઈ તા. ૨૩ ના રોજ તે ઘરે હતી ત્યારે પુત્રીને ગુમસુમ જોઈ ચિંતા થઈ હતી. હિંમત આપી પૂછતા કહ્યું કે મમ્મી, હું ગત જાન્યુઆરી



માસમાં જ્યારે ધો. ૮માં અભ્યાસ કરતી હતી ત્યારે મેથ્સનો પિરિયડ લેવા આવતા મોહિત ટાંક સરે મેથ્સમાં સારે માર્ક્સ આપી પાસ કરાવી દઈશ, મને બહુ ગમે છે તેમ કહ્યું હતું. ત્યારબાદ ક્લાસમાં કોઈ ન હોય ત્યારે તેને હગ અને કિસ કરતા હતા. તે વિરોધ કરે તો મેથ્સમાં ફેઈલ કરવાની ધમકી આપતા હતા, જેને કારણે કોઈને કાંઈ કહી શકતી ન હતી. ગત જાન્યુઆરી માસમાં સવારે સ્કૂલે પહોંચી ત્યારે ઓફિસમાં બેઠેલા મોહિત સરે તેને બોલાવી કહ્યું કે આપણે ઘરે જવું છે, જેનો તેણે ઈન્કાર કરતા તેની પાછળ આવી તેણીની બેગ ખેંચવા લાગ્યા હતા અને કહ્યું કે તને કોઈ પૂછે તો કહેજે બૂક ઘરે ભૂલી ગઈ છું, એટલે સર મને ઘરે મુકવા આવે છે, જો તું તેમ નહીં કરે તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ અને ભણતરમાં આગળ નહીં વધવા દઉં તેમ ધમકી આપેલ હતી.

શિક્ષકની ધમકીને કારણે ડરી જતાં સાથે જવા સિડીથી ઉતરતી હતી ત્યારે અન્ય છાત્રાઓ અને તેના વાલીઓ તેને જોઈ ગયા હતા. પૂછ્યું ક્યાં જાય છે તો કહ્યું કે બૂક ઘરે ભૂલી ગઈ છું એટલે મોહિત સર મને ઘરે મુકવા આવે છે તેવું બહાનું બતાવ્યું હતું. આ પછી મોહિત સર તેને પોતાની કારમાં મવડી રોડ પરના સ્વામિનારાયણ ચોકની આજુબાજુ આવેલા ફ્લેટે લઈ ગયા હતા. તેને બેડરૂમમાં લઈ હગ અને કિસ શરૂ કરી દીધી હતી. તેણે પુછ્યું સર આ શું કરો છો તો કહ્યું કે મેથ્સમાં પાસ થવું છે ને, આગળ વધવું છે ને તો કોઈને આ વાત કહીશ તો મેથ્સમાં ફેઈલ કરી દઈશ. આ પછી તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું.આ પછી તેને પોતાની કારમાં બેસાડી સ્કૂલે ઉતારી દીધી હતી. આ ઘટનાક્રમ પણ તેને ખાલી ક્લાસમાં બોલાવી પછી અવારનવાર હગ અને કિસ કરતા હતા. તેમ પણ કહેતા કે જો હું કહું તેમ નહીં કરવા દે તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ, હું મારી જાતે હાથમાં છરકા મારી દઈશ. પુત્રીની આપવીતી જાણ્યા બાદ ચોંકી ઉઠેલા વાલીઓએ રાજકોટ તાલુકા પોલીસ મથકના પીઆઈ એસ.આર. મેઘાણીનો સંપર્ક કરતા તત્કાળ પોક્સો સહિતની કલમો નોંધી શિક્ષક મોહિતની અટકાયત કરી આકરી પૂછપરછ શરૂ કરી છે.

### માસુમ પુત્રીએ શિક્ષકના કુકર્મનો ભાંડો ફોડતા માતા-પિતા સ્તબ્ધ : તાલુકા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી હેવાનને દબોચ્યો

# ગોંડલ ચોકડી નજીક મનીષ કાર્ગોમાંથી સવા બે લાખની મતા ઉઠાવી જનાર તસ્કર ઝબ્બે

## ક્રાઈમ બ્રાન્ચની ટીમે રેઈનકોટ પહેરી ત્રાટકેલ ગોપાલ બોળીયાને દબોચી રોકડ રકમ રિકવર કરી : બેલડીની શોધખોળ : બે સાગરીતોની શોધખોળ

**અબતક, રાજકોટ**

ગોંડલ ચોકડી નજીક આવેલ મનીષ કાર્ગો પેઢીમા રેઈનકોટ પહેરી ત્રાટકી રૂ. ૨.૨૫ લાખની મતા ચોરી જનાર તસ્કર ટોળકીના સાગરીતને ક્રાઈમ બ્રાન્ચે દબોચી રોકડ રકમ રિકવર કરી છે જયારે અન્ય બે શખ્સોની શોધખોળ આદરી છે. બનાવ અંગે મનહર પ્લોટ શેરી નં.૧૫ માં રહેતાં દર્શનભાઈ મનિષભાઈ જયસ્વાન (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે રાજકોટ, ગોંડલ ચોકડી, અંલગ હાઉસની બાજુમા, મનિષ કાર્ગો નામની ટ્રાંસ્પોર્ટની ઓફિસ ચલાવી ધંધો કરે છે. ગઈ તા. ૨૨ ના સાંજના સાતેક વાગ્યાની આસપાસ ઓફીસેથી નિકળેલ હતો અને આઠેક વાગ્યાની આસપાસ ઓફીસમા કામ કરતા માણસો તાળું મારી ઘરે ગયેલ. અને બીજા દીવસે ઓફીસે ગયેલ અને



ઓફિસની અંદર ગયેલ તો બુકિંગ ઓફીસ તથા બોસ ઓફીસ બન્નેના દરવાજાના તાળા તુટેલ હાલતમા જોવામા આવેલ હતાં.તેમજ બોસ ચેમ્બરની ઓફિસની પાછળની બાજુની બારી તુટેલ હાલતમાં હતી અને ત્યારબાદ ઓફીસમાં તપાસ કરતા વ્યાપારના કામકાજ માટે બુકિંગ ઓફીસમા રાખેલ રૂ. ૮૧ હજાર તથા બોસ ચેમ્બરમાં રાખેલ રૂ.૧.૪૪ લાખ મળી આવેલ નહીં. ત્યારબાદ ઓફીસમા રાખેલ સી.સી.ટી.વી કેમેરા ચેક કરતા કોઈ અજાણ્યો ઈસમ રાત્રીના ચારેક વાગ્યાની આસપાસ મોઢે રૂમાલ બાધી અને શરીરે સફેદ કલરના કપડા પહેરેલ ઓફીસમા પ્રવેશ કરેલ કરી રૂ.૨.૨૫ લાખની ચોરી કરી નાસી છૂટ્યાનું સામે આવ્યું હતું. બનાવ અંગેની ગંભીરતા જોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે અન-ડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વી.ડી.ડોડીયા અને ટીમ તપાસમાં હતી ત્યારે કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોળીયા, રાહુલભાઈ ગોહેલ તથા રાજેશભાઈ જલુને મળેલ હકીકતના આધારે ચોરી કરનાર તસ્કર ગોપાલ છગન બોળીયા (ઉ.વ.૩૧, રહે. ગીતાંજલી સોસાયટી શેરી નં.૬,ગોકુલધામ પાસે) ને જામનગર રોડ, રેલનગર અંડર બ્રીજ પાસેથી પકડી પાડી રોકડા રૂ.૭૦ હજાર કબ્જે કર્યા હતાં.જ્યારે ગેંગના અન્ય સાગરીત અંકિત મહાદેવ વિકાણી (રહે. ગોંડલ ચોકડી), ચંદુ ઉર્ફે અદુડો મનજી સાડમીયા (રહે. ગોંડલ ચોકડી) ની શોધખોળ યથાવત રાખી છે. ત્રણેય આરોપીઓ ચોરી કરવાની ટેવ ધરાવે છે અને કાર્ગોનો ઓફિસમાં ચોરી કરવા રેઈનકોટ પહેરીને પહોંચ્યા બાદ બે શખ્સો અંદર ઘુસ્યા હતાં અને એક શખ્સ બહાર રેકી કરતો હતો. ચોરી કર્યા બાદ ત્રણેય શખ્સોએ રકમના સરખા ભાગ પાડી અલગ પડી ગયાં હતા.

# રૈયા ગામેથી ગુમ થયેલા બંને બાળકો શાપરથી હેમખેમ મળ્યા

## બાળકોના લાપતા થવા અંગેના સમાચાર વાયરલ થતાં ગૌપ્રેમીએ બંનેને ઓળખી પોલીસને જાણ કરી : નાનીને મળવા જેતપુર જતાં'તા, બકરીનું બચ્ચું એકલું રહેતું ન હોય સાથે લઈ ગયા'તા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના રૈયા ગામેથી બે સગા ભાઈઓ બકરીના બચ્ચા સાથે ભેદી રીતે લાપતા થઈ જતાં પોલીસે બંને તરુણોની શોધખોળ આદરી હતી. દરમિયાન બે બાળકો ગુમ થઈ ગયા અંગેના સમાચાર વાયરલ થતાં શાપરના ગૌપ્રેમીએ બંને બાળકોને ઓળખી તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જેથી યુનિવર્સીટી પોલીસે તાત્કાલિક બંને બાળકોનો કબ્જો સંભાળી પરીવાર સાથે ભેંટો કરાવ્યો હતો. બંને બાળકો જેતપુર મુકામે નાનીને મળવા જતાં હોવાનું અને બકરીનું બચ્ચું એકલું રહેતું ન હોય માટે સાથે લઈ ગયાનું સામે આવ્યું છે. રૈયા ગામમાં રહેતા રવિભાઈ વિકાણી બે બાળકો સુરેશ(ઉ.વ.૧૦) અને



દેવરાજ(ઉ.વ.૮) તા. ૨૯ ના ઘરેથી બકરીનું બચ્ચું લઈ નીકળી ગયા બાદ લાપતા બન્યા હતા. બાળકોના પિતાએ પ્રથમ ઓડશ પાડોશમાં અને સગા સંબંધીઓમાં તપાસ કરી હતી. પરંતુ બંને બાળકોનો કોઈ પતો ન લાગતા અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ કે.કે. ગોહિલની રાહબરીમાં પીએસઆઈ આઈ.એ. બેલીમ તથા ટીમે બાળકોને શોધી કાઢવા માટે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન બંને બાળકો શાપરમાંથી હેમખેમ મળી આવ્યા હતા.પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, બંને ભાઈઓ જેતપુર રહેતા તેના નાનીને મળવા માટે ઘરેથી ભાગ્યા હતા. પગપાળા શાપર સુધી પહોંચી ગયા હતા. દરમિયાન સોશિયલ મીડિયા પર બાળકો ગુમ થયાના સમાચાર વાયરલ થતા શાપરના ગૌભક્ત ભરતભાઈએ બંનેને ઓળખી કાઢ્યા હતા અને બંનેને બેસાડી નાસ્તો કરાવી પોલીસને જાણ કરી હતી.બંને ભાઈઓ વગર બકરીનું બચ્ચું રહેતું ન હોવાથી ઘરેથી નીકળ્યા ત્યારે તેને પણ સાથે લઈ ગયા હતા. ઘરેથી નીકળ્યા બાદ આખો દિવસ પગપાળા શહેરમાં રખડતા રહ્યા હતા. બાદમાં જેતપુર તરફ જવા નીકળ્યા હતા. પોલીસે ગુમ થયેલા બંને બાળકોનુ પરિવાર સાથે મિલન કરાવતા પરિવાર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કામગીરીમાં યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ વાવેચા, મુન્નાભાઈ ઢાપા અને કીર્તેશભાઈ જરીયા સાથે રહ્યા હતા.

# પોલીસની નશામુક્તિ માટે દોડ: વોકેથોન થી 'સે નો ટુ ડ્રગ્સ'નો સંદેશનો અપાયો

## 'નશામુક્ત સમાજ, સ્વસ્થ સમાજ'ના સંકલ્પ સાથે રેસકોર્સમાં પોલીસ પરિવાર અને નાગરિકો જોડાયા; યુવાનોને રમતગમત તરફ વળવા અપીલ






અબતક રાજકોટ

ગાંધી જયંતીના પાવન અવસરે રાજકોટ શહેર પોલીસ દ્વારા 'સે નો ટુ ડ્રગ્સ - નશામુક્ત ભારત' અભિયાન અંતર્ગત નશામુક્તિ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે વિશાળ વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. રેસકોર્સ ખાતે યોજાયેલી આ વોકેથોનમાં મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ પોલીસ પરિવારના સભ્યો જોડાયા હતા.પોલીસના માદક પદાર્થ વિરોધી શાખા દ્વારા યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં ખાસ કરીને યુવાનોમાં ડ્રગ્સના દુષણ સામે જાગૃતિ ફેલાવવાનો અને નશામુક્ત સમાજના નિર્માણ માટે સામૂહિક સંકલ્પ કેળવવાનો હતો.

રેસકોર્સના બહુમાળી ભવન ચોકથી સવારે ૭ વાગ્યે વોકેથોનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અંદાજે ૫ કિલોમીટરના રેસકોર્સ રિંગ રોડના માર્ગ પર યોજાયેલી વોકેથોન ફરી બહુમાળી ભવન ચોક ખાતે પૂર્ણ થઈ હતી. 'સે નો ટુ ડ્રગ્સ', 'નશામુક્ત સમાજ સ્વસ્થ સમાજ', 'સ્વસ્થ યુવા, સુરક્ષિત સમાજ' અને 'ડ્રગ ફ્રી માઈન્ડ્સ, સ્ટ્રોંગર ઈન્ડિયા' જેવા સંદેશો સાથે ઉપસ્થિતોએ નશાથી દૂર રહેવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી.કાર્યક્રમ દરમિયાન યુવાનોને ડ્રગ્સથી દૂર રહેવા સાથે રમતગમત અને સક્રિય જીવનશૈલી તરફ વળવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નશામુક્ત સમાજના નિર્માણ માટે પોલીસ સાથે સમાજની સહભાગિતા પણ જરૂરી હોવાનું જણાવાયું હતું.રાજકોટ પોલીસ દ્વારા યોજાયેલી આ વોકેથોન માત્ર એક રેલી પૂરતી મર્યાદિત ન રહેતાં નશાના દુષણ સામે સામૂહિક જાગૃતિ અને યુવાનોને સ્વસ્થ દિશામાં આગળ વધવાનો સંદેશ આપતું અભિયાન બની હતી.

### ડ્રગ્સથી દૂર રહો, સ્પોર્ટ્સ ખેલો અને નવા ભારતના નિર્માણ માટે તૈયાર રહો : ચૈતન્ય માંડલિક




ગાંધી જયંતીના પાવન અવસરે યોજાયેલી નશામુક્તિ વોકેથોન દરમિયાન ચૈતન્ય માંડલિકે યુવાનોને ડ્રગ્સથી દૂર રહી રમતગમત અને સક્રિય જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી. નશામુક્ત યુવા શક્તિ જ સ્વસ્થ, સુરક્ષિત અને સશક્ત સમાજના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

# જૈનમ નવરાત્રી મહોત્સવની વિવિધ કમિટીના સભ્યો દિવસ-રાત ખડેપગે

## ગઝીબો, ફૂડના સ્ટોલ, માતાજીનું મંદિર, સાઉન્ડ સીસ્ટમ સહિત તમામ વ્યવસ્થા માટે જહેમત ઉઠાવી રહ્યા છે

JAINAM
UNITING COMMUNITY

અબતક, રાજકોટ

જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ના ૧૦ વર્ષ પૂર્ણ થઈ ૧૧માં વર્ષે આયોજીત મહોત્સવને સફળ બનાવવા માટે વિવિધ જવાબદારીઓ નિભાવતી કમીટીનાં કાર્યકરો દીવસ રાત એક કરીને ખૂબ જ જહેમત ઉઠાવી રહયા છે. જૈનમની મંડપ કમીટીમાં રાજેશભાઈ મોદી, જુગલભાઈ દોશી, બી.કે. શાહ, કીર્તીભાઈ દોશી, અજયભાઈ વોરા, જીજ્ઞેશભાઈ મહેતા, હેમલભાઈ પારેખ, જીનેશભાઈ મહેતા, ઉદયભાઈ ગાંધી અને નીતેશભાઈ મહેતા ખૂબ જ જહેમત ઉઠાવીને આ કાર્યને ઓપ આપી રહયા છે.

કાર્યાલય કમીટીનાં ચિરાગભાઈ દોશી, બ્રિજેશભાઈ મહેતા (રાજ), કૌશીકભાઈ કોઠારી, ભરતભાઈ કાગદી, હીતેશભાઈ શાહ, નિશાંતભાઈ વોરા, ભવ્યભાઈ વોરા, વંદીતભાઈ દામાણી તથા પારસભાઈ શેઠ વિગેરે મધ્યસ્થ કાર્યાલયની વ્યવસ્થા સંભાળી રહયા છે.સ્ટેજ ઉપરથી સંચાલન અંગેની વિવિધ જવાબદારી અને કામગીરી માટે જયેશભાઈ મહેતા, ધર્મેશભાઈ શાહ, રાકેશભાઈ શાહ (અક્કી) તથા શૈલેનભાઈ શાહ અત્યારથી જ પોતાની તૈયારીઓ કરી રહયા છે. હીતેશભાઈ શાહ, દર્શનભાઈ શાહ, નિશાંતભાઈ વોરા, આકાશભાઈ મહેતા, ઉમંગભાઈ ગોસલીયા અને નિખીલભાઈ ઉંચાટ સહીતનાં કમીટી મેમ્બરો જહેમત ઉઠાવી રહયા છે.

સિઝન પાસ માટે ખેલૈયાઓને વધુ કંઈ માહીતી જોઈતી હોય તો જૈનમનાં મોબાઈલ નંબર ૯૦૯૯૫ ૨૯૯૯૫ ઉપર શૈલેનભાઈ શાહનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# 'નમો નવરંગ' નિ:શુલ્ક ગરબા કોચીંગ ક્લાસમાં યુવાધનને ગરબે રમતા નિહાળી અભિભુત થતા સાંસદ, મેયર અને શહેર ભાજપ પ્રમુખ



અબતક,રાજકોટ

નવરાત્રી મહાપર્વને અનુલક્ષી ને રાજકોટ યુવાધન તથા સર્વે નાગરીકો માટે ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા આયોજીત નમો નવરંગ નિશુલ્ક ગરબા કોચિંગ ક્લાસ નું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૭ સપ્ટેમ્બર થી તા.૯ ઓક્ટોબર સુધી બહેનો માટે સાંજે ૬ થી ૭ તથા ભાઈઓ માટે રાત્રે ૯:૦૦ થી ૧૦:૦૦ નિષ્ણાંત દાંડીયા ટ્રેનરોના માર્ગદર્શન હેઠળ દાંડીયાના વિવિધ સ્ટેપ્સ, તાલ અને રમઝટની વિશેષ તાલીમ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ ને યુવાધન અને નાગરિકોને પ્રોત્સાહિત કરવા ખાસ રાજકોટ શહેરના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, મેયર નેહલભાઈ શુક્લ તથા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે ઉપસ્થિત રહેલ. તેમજ ઈઝરાયેલ જઈ રહેલ ફ્લાઈટના પાઈલટ કેપ્ટન સ્મિત મરછરે પોતાના સાહસ થી ૧૭૪ મુસાફરોના જીવ બચાવ્યા. મૂળ ગુજરાતના વીર કેપ્ટન સ્મિત મરછરજીના સ્વાસ્થ માટે હાટકેશ્વર મંદિર ખાતે પ્રાર્થના કરવામાં આવી. આ પ્રંસગે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગિયા તથા મયુરીબેન ભાલાળા તથા બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેલ તેમજ આ પ્રસંગે જુદાજુદા વોર્ડના કોર્પોરેટરઓ, સંગઠન ના હોદેદારઓ, તમામ શ્રેણીના કાર્યકર્તાઓ શહેરના હોદેદારઓ તથા શહેરીજનો પણ ઉપસ્થિત રહેલ. તેમજ આ પ્રસંગે રાજકોટ શહેરના લોકલાડીલા સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા સાહેબના જન્મદિવસ પ્રસંગે ઉપસ્થિત સર્વ એ રૂપાલા સાહેબને જન્મદિવસ ની શુભકામના પાઠવી.

નમો નવરંગ નિશુલ્ક ગરબા કોચિંગ ક્લાસમાં બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો રાજકોટ શહેરના જુદાજુદા વિસ્તાર માંથી તાલીમ લેવા આવે છે. ધારાસભ્ય ડો.દર્શિતા શાહ રાજકોટ નાં યુવાધન અને નાગરિકોને અપીલ કરી તા.૦૯-૧૦- સુધી ચાલુ આ કોચિંગ ક્લાસમાં જોડાવવા યુવાધન તથા નાગરીકને અનુરોધ કરેલ છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### બજાર ...

અસર કરી શકે છે, જેનાથી કમાણી અંગે ચિંતા વધે છે. આ વર્ષના ૯ મહિનામાંથી ૬ મહિનામાં વિદેશી રોકાણકારો વેચવાલ રહ્યા છે, કારણ કે તાઈવાન અને દક્ષિણ કોરિયા જેવા કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત બજારોમાં તેજીને કારણે રોકાણકારો ત્યાં નાણાં રોકી રહ્યા છે.

જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં આ વિદેશી બજારો ધીમા પડતા ભારતમાં વિદેશી રોકાણકારોનું ૪૬,૧૮૦ કરોડ રૂપિયાનું સંયુક્ત રોકાણ આવ્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં પશ્ચિમ એશિયાના તણાવ અને અન્ય કારણોસર ફરી ૩૩,૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચાયા હતા. સરકારી બોન્ડ્સમાં, જૂન અને જુલાઈમાં ૪૯,૩૫૫ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું પરંતુ બ્લૂમબર્ગ દ્વારા સૂચકાંકમાં સામેલ કરવામાં વિલંબ થતાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ૧૧,૪૩૯ કરોડ રૂપિયાનું રોકાણ પાછું ખેંચાયું હતું. જીક્વોન્ટ અને ફર્સ્ટ ગ્લોબલના સ્થાપક શંકર શર્માએ જણાવ્યું હતું કે ભારતમાં વિદેશી રોકાણકારોનો મૂડ અત્યંત નકારાત્મક છે અને તેઓ મોટા શેરોમાંથી બહાર નીકળીને માત્ર પસંદગીના નાના અને મધ્યમ કદની કંપનીઓના શેરો જ ખરીદી રહ્યા છે.

### ખાંડ...

૧૫ ટકાનો ઘટાડો થયો છે અને લોઅર એક્સ-મિલ ભાવનો લાભ સપ્લાય ચેઈન દ્વારા આગળ વધતાં તેમાં વધુ ઘટાડો થવાની ધારણા છે. એક્સ-મિલ ખાંડના ભાવમાં આશરે ૨૮ ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા ત્રણ અઠવાડિયાથી તે સ્થિર રહ્યા છે.

ખાંડની મિલોને તેમના સંબંધિત વિસ્તારોમાં પ્રવર્તતી કૃષિ-આબોહવાની પરિસ્થિતિઓ અનુસાર પિલાણ કામગીરી શરૂ કરવા માટે અગાઉથી જ સલાહ આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર અમુક ખાંડ ઉત્પાદક પ્રદેશોમાં શેરડી પર અલ નીનો સ્થિતિ સાથે સંકળાયેલા અસમાન અને અપર્યાપ્ત વરસાદની અસર પર નજર રાખવાનું ચાલુ રાખશે અને સ્થાનિક ઉપલબ્ધતા, ગ્રાહક હિત અને શેરડીના ખેડૂતોના હિતો વચ્ચે સંતુલન જાળવવા માટે તમામ જરૂરી અને સમયસર પગલાં લેશે.

(ચોથા પાનાનું ચાલું)

### દિલને ભૂલ્યાં...

કે ડાયાબિટીસ જેવી સમસ્યાઓ છુપાયેલી હોઈ શકે છે. ઘણીવાર છાતીમાં થતી તકલીફને લોકો ગેસ કે એસિડિટી માનીને અવગણે છે, અને આ બેદરકારી ગંભીર બની શકે છે. ત્યારે હાર્ટ એટેકના જોખમને સમજવું, તેના લક્ષણોને ઓળખવા અને સમયસર જરૂરી કાળજી લેવી અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. હૃદયરોગ એ અચાનક બનતી ઘટના હોઈ શકે છે, પરંતુ તેના મૂળિયાં આપણી વર્ષો જૂની ખોટી આદતોમાં રહેલા હોય છે. હાર્ટ એટેક આવે પછીની સારવાર કરતા, હાર્ટ એટેક આવે જ નહીં તેવું સંભાળભર્યું જીવન જીવવું એ જ બુદ્ધિમાની છે.

જે મહિલાઓને પીરિયડ્સ ચાલુ હોય તેમાં ફીમેલ હોર્મોન્સ હાર્ટને સુરક્ષિત રાખે છે તેથી એટેકનું પ્રમાણ ઓછું હોય છે. પરંતુ મેનોપોઝ પછી પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં રિસ્ક સરખું થઈ જાય છે. ક્યારેય પણ ઈન્ટરનેટ પર સર્ચ કરીને કે જાતે મેડિકલ સ્ટોરમાંથી દવાનું સેવન કરવું જોઈએ નહીં. હંમેશા તબીબી સલાહ મુજબ જ સારવાર લેવી જોઈએ. ૪૦ વર્ષ પછીના પુરુષો અને ૪૫ વર્ષ પછીની મહિલાઓએ હિમોગ્રામ, કિડની, હાર્ટ, સુગર, કોલેસ્ટ્રોલ, ઈસીજી, એક્સ-રે અને સોનોગ્રાફી જેવા ટેસ્ટ કરાવી લેવા જોઈએ. એટેક કન્ફર્મ ન થાય ત્યાં સુધી જાતે કોઈ દવા લેવી જોખમી બની શકે છે, કારણ કે જો બીપી લો હોય તો વધુ તકલીફ થઈ શકે છે. આથી તાત્કાલિક નજીકની હોસ્પિટલ પહોંચવું હિતાવહ છે.

### ડો. હિમાંશુ જોષી...

નિયંત્રણમાં રાખવો. ફેમિલી હિસ્ટ્રી હોય તો ડોક્ટરની સલાહ મુજબ જરૂરી હાર્ટ ચેકઅપ કરાવવું.તમાકુ-ગુટખાથી દૂર રહેવું, મીઠું-તેલ ઓછું લેવું, ફળ-શાકભાજી વધારવા અને રોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ કસરત કરવી. બીપી કે ડાયાબિટીસની દવા ચાલતી હોય તો ડોક્ટરની સલાહ વિના દવા બંધ કે ઓછી ન કરવી.

### વંદે બાપુ...

ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટિલાળા, ઉદયભાઈ કાનગડ, ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, મહામંત્રીઓ, શહેર કોંગ્રેસના અગ્રણીઓ, કેળવણીકારો, ઉદ્યોગપતિઓ સહકારી અને સામાજિક અગ્રણીઓ, જ્ઞાતિ આગેવાનો, સમસ્ત મોઢ વણિક જ્ઞાતિના આગેવાનો, અગ્રણી વેપારીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી પૂ.બાપુને પુષ્પાંજલિ અર્પિત કરેલ હતી. જેમાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ડો. માધવ દવે...

રહેલા ટેરીફના મુદ્દે ''વોકલ ફોર લોકલ ''આત્મનિર્ભર ભારત''હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી''ના સુત્ર સાથે સમગ્ર દેશવાસીઓને સ્વદેશી વસ્તુઓ ખરીદવા, વાપરવાનો આગ્રહ કર્યો છે અને દેશને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો નિર્ધાર કર્યો છે, જેથી દેશનો રૂપિયો દેશમાં રહે અને સામાન્ય માણસ થી ધનિક સુધી સૌ કોઈ દેશના વિકાસ કાર્યમાં સહભાગી બની ગાંધીજીના સ્વપનને સાકાર કરે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મુખ્યમંત્રી...

તેવી જ રીતે, પૂ.બાપુને પ્રિય ખાદીને 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન'ના સંદેશ સાથે નવી પેઢી અને યુવાનો સાથે જોડવાના પ્રયાસો થઈ રહ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા વર્ષોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગરીબ, વંચિત અને છેવાડાના માનવી સુધી સુખ-સુવિધાઓ પહોંચાડવાની નેમ સાથે રાષ્ટ્રના વિકાસને ગતિ આપવામાં આવી છે. પૂ.બાપુના અહિંસા, સર્વોદય અને વિશ્વબંધુત્વના વિચારોને અનુરૂપ 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાથી ભારત સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જોઈ રહ્યું છે અને સંવાદ, ભાગીદારી તથા માનવકેન્દ્રિત સહકાર માટે વિશ્વસનીય સહયોગી તરીકે પોતાની ભૂમિકા નિભાવી રહ્યું છે.

અંતમાં મુખ્યમંત્રીએ સર્વધર્મ પ્રાર્થના સભા દ્વારા સૌને પૂ.બાપુના સત્ય, અહિંસા, પ્રેમ અને સર્વોદયના માર્ગે ચાલવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. હૃદયમાં પ્રેમ, જીવનમાં અહિંસા, સમાજમાં સમરસતા અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ રાખીને સૌએ પોતાના કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ તેવી ભાવના વ્યકત કરી તેમણે પૂ.બાપુને ભાવવંદના અર્પણ કરી હતી.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે ગાંધીજી એક એવા દૈવી વ્યક્તિત્વ હતા. જેમણે નાના-નાના પ્રયાસોથી માનવજીવન બદલવાનું કાર્ય કર્યું છે. તેમણે આજની વૈશ્વિક સ્થિતિનો સંદર્ભ આપી સ્પષ્ટ કર્યું કે આખરે તો સમાધાન માટે વાતચીતના ટેબલ પર જ આવવું પડે છે. જો દેશો આ સંવાદ પહેલાં કરી લે તો લાખો માનવ જિંદગીઓ અને પીડા બચી શકે છે. હિંસા સામે અહિંસા અને અસત્ય સામે સત્યની ગાંધી વિચારધારા આજે પણ સમગ્ર વિશ્વ માટે શાશ્વત અને અનિવાર્ય છે.

પોરબંદરની પવિત્ર ભૂમિ સાથે જોડાયેલી આ વૈશ્વિક ઓળખને તેમણે ગૌરવપૂર્ણ ગણાવી હતી. આ સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વિઝનનો ઉલ્લેખ કરતાં આહવાન કર્યું કે સ્વચ્છતા એ માત્ર ઉજવણી નથી પરંતુ આપણા દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનવી જોઈએ. ઘર, શેરી અને દેશને સ્વચ્છ રાખીને ગાંધીજીના વિચારોને આચરણમાં ઉતારવાએ જ બાપુ પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ છે.

ગાંધીજીની જન્મભૂમિ ખાતે યોજાયેલી આ પ્રાર્થના સભામાં પૂ.બાપુના સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સર્વધર્મ સમભાવના શાશ્વત જીવનમૂલ્યોનું સ્મરણ કરવામાં આવ્યું હતું. કલાકાર વૃંદે સુંદર પ્રાર્થના અને ભાવમય ગીતો રજૂ કર્યા હતા.

પ્રાર્થના સભામાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પોરબંદર મનપા મેયર સાગર મોદી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શીતલબેન ઓડેદરા, પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખિરિયા, પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, જિલ્લા કલેક્ટર એસ. ડી .ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી બી. બી ચૌધરી, મનપા કમિશનર ટી. સી તીરથાણી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

### જીએસટીની આવક...

૧૪.૭% ના જીએસટી કલેકશન ગ્રોથ કરતા ઘણો વધારે છે. વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ છ મહિના દરમિયાન, ગુજરાતની જીએસટી આવક ૨૯% વધીને રૂ. ૪૯,૮૫૮ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૩૮,૫૪૦ કરોડ હતી. આ ઉપરાંત, રાજ્ય વેરા વિભાગે સપ્ટેમ્બર માસમાં વેટ દ્વારા રૂ. ૨,૯૩૦ કરોડ, વીજળી ડ્યુટી દ્વારા રૂ. ૧,૧૦૨ કરોડ અને વ્યવસાય વેરા (પ્રોફેશન ટેક્સ) દ્વારા રૂ. ૨૪ કરોડ એકત્રિત કર્યા છે. આમ, સપ્ટેમ્બર મહિનામાં જીએસટી, વેટ, ઈલેક્ટ્રિસિટી ડ્યુટી અને પ્રોફેશનલ ટેકસમાંથી વિભાગની કુલ આવક રૂ. ૧૨,૨૨૨ કરોડ નોંધાઈ છે.

આગામી ૭ ઓક્ટોબરના રોજ જીએસટી પરિષદની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. અહેવાલો અનુસાર, આ બેઠકમાં કરના દરોમાં કોઈ મોટા ફેરફાર કરવાને બદલે પ્રક્રિયાગત સુધારાઓ અને તાજેતરના દરોના સરળીકરણના અમલીકરણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કેન્દ્રીય નાણામંત્રીએ સંકેત આપ્યો છે કે આ બેઠકમાં ઈલેક્ટ્રોનિક બિલિંગ અને કર શાખના નિયમો સહિત નવા સુધારાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. અગાઉ ઓગસ્ટ મહિનામાં પણ કુલ આવક ૧૪.૮ ટકા વધીને રૂ.૧,૯૯,૮૫૩ કરોડ નોંધાઈ હતી અને કર પરત (રિફંડ)માં ૬૭.૯ ટકાનો તીવ્ર વધારો જોવા મળ્યો હતો.

### શાપર-વેરાવળ...

પસાર થતી હાઈ ટેન્શન વીજ લાઈનના કોઈ કારણોસર ગેસ વીજ લાઈન સાથે અડી જતા બંને યુવકો ને પ્રચંડ વીજ કરંટ લાગ્યો હતો. વીજ કરંટમાં રાજકોટ કોઠારીયા રોડ પર ડાયમંડ પાર્ટી પ્લોટ સામે રહેતા હિરેનભાઈ અરવિંદભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૩૨ વર્ષીય યુવક અને રાજકોટ સાઈબાબા સર્કલ પાસે રહેતા દીતેશ ભાઈ હરીશભાઈ હંસસોડા ઉંમર વર્ષ ૪૨ વર્ષીય નામના બંનેનું ઘટના સ્થળ પર કમ કમાતી ભર્યું મોત નીપજ્યું હતું ઘટનાને પગલે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતો આ અંગે હિરેનભાઈ માતા-પિતાના એકના એક પુત્ર હોય અને દિપેશભાઈ પોતે પત્ની અને માતાપિતા સાથે રહેતા હોય બંને પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે સાપર વેરાવળ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ખાદીની ખરીદી...

રોજગારી મળતી રહેશે. આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઇડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે.

આ ઉપરાંત, ખાદીના વેચાણને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ શહેરોમાં ખાસ પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું દર વર્ષે આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધી જયંતી નિમિત્તે તા. ૭ ઓક્ટોબર સુધી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે, તા. ૦૧ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન ભરૂચ ખાતે અને ૧૧ થી ૧૭ ઓક્ટોબર દરમિયાન વડોદરા ખાતે ખાદી પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓ યોજાશે. રાજ્ય સરકાર દ્વારા તમામ નાગરિકોને આ મેળાઓની મુલાકાત લઈ સ્વદેશી ખાદી વસ્ત્રોની ખરીદી કરીને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કરવા અપીલ કરવામાં આવી છે.

### સ્માર્ટ એડવાઈઝરી...

ઉપયોગથી રોગ-જીવાતની ત્વરિત ઓળખ થશે અને તેના નિવારણ માટે સચોટ ભલામણો મળશે. એઆઈ સંચાલિત અને મેન્યુઅલ ચેટ-બોટ મારફત ખેડૂતો પોતાના કૃષિ વિષયક પ્રશ્નોનું ક્ષણવારમાં નિરાકરણ મેળવી શકશે. કૃષિલક્ષી સહાય યોજનાઓ, સુધારેલું કૃષિ સાહિત્ય અને વિવિધ મંડીઓના બજાર ભાવની માહિતી સરળતાથી મળી રહેશે.

પૂર, દુષ્કાળ કે કમોસમી વરસાદ જેવી આફતો સમયે પાક નુકસાનીનું સચોટ આંકલન સેટેલાઈટ ઈમેજરીથી થશે, જેથી સરકારી યોજનાઓ અને રાહત-સહાયના પગલાં વિના વિલંબે અમલી બનાવી શકાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના કૃષિ ભવન ખાતે હાઈ-ટેક વિડીયો વોલ, કન્ટ્રોલ રૂમ અને ૧૫ વિષય નિષ્ણાતોની ટીમ સાથેનું આધુનિક 'કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર' સતત કાર્યરત છે. આ સેન્ટર વોટ્સએપ, ચેટબોટ અને હેલ્પલાઈન દ્વારા ખેડૂતોને ૨૪x૭ માર્ગદર્શન પૂરું પાડે છે. ક્ષેત્રીય કચેરીઓ અને યોજનાકીય સંપત્તિઓનું જીઓ-ટેગિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

ઈસરો (એસએસી) સાથેની આ ભાગીદારી ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીકલ ક્રાંતિનો નવો સૂર્યોદય લાવશે અને રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ અને સક્ષમ બનાવશે.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**ભાટિયા :** મુળ કેનેડી વાળા હાલ ભાટીયા રહેતા કાંતિલાલ ઠાકરશીભાઈ બદયાણી ના ધર્મ પત્ની ગુણવંતી બેન કાંતિલાલ બદિયાણી (ઉ.વર્ષ ૮૭) તે સ્વ.મનસુખલાલ, જેન્તીભાઈ, સ્વ.ગોપાલભાઈ, તથા આદર્શ ઈલે.વાળા દામોદરભાઈ ના માતૃ નું તા.૧/૧૦ ને ગુરુવાર ના રોજ અવસાન પામેલ છે. સદગત ની પ્રાર્થનાસભા તા. ૨/૧૦ ને શુક્રવાર ના રોજ દુધેશ્વર મહાદેવ મંદિર ભાટીયા ખાતે સાંજે ૪:૩૦ થી ૫ દરમ્યાન રાખેલ છે.

**રાજકોટ :** ચા.મ.મો. બ્રાહ્મણ મુળ નાની બરાર હાલ રાજકોટવાળા કુમુદિનીબેન (કુમાબેન) ચેતનભાઈ મહેતા, તે ઉમિયાશંકર નરભેરામના પુત્રવધુ તે ચેતનભાઈ ઉમિયાશંકર મહેતાના પત્ની વિપુલભાઈ ઉમિયાશંકર મહેતાના નાનાભાઈના પત્ની સાગર અને ઋષિના માતા, સ્વ. નટવરલાલ નાનાલાલ પંડ્યાના પુત્રી પ્રફુલભાઈ નટવરલાલ પંડ્યા, દિલીપભાઈ નટવરલાલ પંડ્યાના બહેનનું તા. ૧ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું-બેસણું તા. ૩ ના રોજ શનિવારે ચા.મ.મો. બ્રાહ્મણ બોર્ડિંગ 'ગુલાબવાડી' મીલપરા શેરી નં. ૧ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સોરઠીયા બ્રહ્મક્ષત્રિય - જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ. મોતીલાલ મોહનલાલ પડીયાના ધર્મ પત્ની ગં.સ્વ. મંજુલાબેન મોતીલાલ પડીયા, ઉમર વર્ષ ૭૭, તે સ્વ. સુપુત્રી ભારતી મોતીલાલ પડીયા, સરોજબેન ભરતકુમાર વાઢેર, મીતાબેન ભાવેશભાઈ મેર, હિમાંશુ મોતીલાલ પડીયા, તથા ઉર્વશીબેન પિયુષકુમાર છાટબારના માતા સ્વ. ગંગારામ ગોપાલજી જોગી જેતપુરના સપુત્રી તથા કીર્તિકુમાર ગંગારામ જોગી તેમજ જસુમતીબેન લલિતકુમાર મણિયારના મોટા બહેનનું તારીખ ૧૫/૦૭/૨૦૨૬ ને બુધવારના અષાડી બીજના રોજ અવસાન પામેલ છે.

**રાજકોટ :** સ્વ. જયેશભાઈ મથુરદાસ મહેતા ના ધર્મપત્ની સ્વ. અલ્કાબેન (ઉં. વ. ૬૫) તે જૂનાગઢ નિવાસી સ્વ. ભગવાનદાસ ભુપતરાય કામદાર ના સુપુત્રી,પારસભાઈ તથા દર્શનભાઈ ના માતુશ્રી તથા આ. સૌ શિલ્પાબેન અને હિરલબેન ના સાસુ તારીખ ૦૧.૧૦.૨૦૨૬ના રોજ અવસાન પામેલ છે. સદગત નુ ઉઠમણું તા. ૦૩.૧૦.૨૦૨૬ શનિવાર ના રોજ ૧૦.૩૦ વાગે તથા પ્રાર્થના સભા સવારે ૧૧ વાગે રોયલ પાર્ક ઉપાશ્રય, કેકેવી હોલ પાસે કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ધુંધરાળા નિવાસી હાલ રાજકોટ સ્વ. અનિલભાઈ વાડીલાલ સંઘવી (ઉ.વ.૭૮) તે હર્ષાબેનના પતિ, સ્વ. દિલીપભાઈ વાડીલાલભાઈ સંઘવીના મોટાભાઈ, જયંતિલાલ લાભશંકર દોશીના જમાઈ, ધવલ, ભાવીન, પ્રિતિબેન ભાયાણીના પિતા, અમીષા, અમી, રાજેશભાઈ ભાયાણીના સસરા તેમજ સાક્ષી, દિયા, વિહાનના દાદાનું તા. ૧ ના રોજ ગુરૂવારે અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૩ ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે તેમજ પ્રાર્થનાસભા ૧૧ વાગ્યે સ્થળ : માણીભદ્ર આસ્થા ભવન, ચૌધરી હાઈસ્કૂલની સામે મણિયાર દેરાસરની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ.રમણિકલાલ ત્રિભોવનદાસ ઝીંઝુવાડીયાના પુત્ર લલિતભાઈ (દીપુભાઈ) (ઉ.વ.૬૦) તે સ્વ.જગનભાઈ, સ્વ.હસુભાઈ તથા દિનેશભાઈના ભત્રીજા તથા સુરેશભાઈ, સરોજબેન, રંજનબેન, હસુબેનના મોટાભાઈ ધર્મેશ તથા ગોપાલના પિતાનું તા.૦૨/૧૦ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૦૩/૧૦/૨૬ને શનિવારના રોજ બપોરે ૪ થી ૬ ૐકારેશ્વર મહાદેવ શિવધારા પાર્ક, રાજલક્ષ્મી સોસાયટી મોરબી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. મો.નં.૮૧૪૦૯ ૦૩૬૧૩, ૯૫૫૮૯ ૯૫૯૬૯ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# અદાણી ગ્રીન એનર્જીએ બેટરી સ્ટોરેજ ક્ષમતામાં કર્યો વધારો



## ભારતની કાર્યરત સ્ટોરેજ સિસ્ટમ ક્ષમતામાં ૫૦%થી વધુ હિસ્સો: એક જ સ્થળે વિશ્વની સૌથી વિરાટ બેટરી સ્ટોરેજ સિસ્ટમ

**અબતક, રાજકોટ**

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની, અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL) એ ગુજરાતના ખાવડા સ્થિત તેની કાર્યરત બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) ક્ષમતામાં જૂન ૨૦૨૬માં ૩.૫૫ GWh થી વધારીને ૬.૬૩ ગીગાવોટ-અવર કરી છે. આ સાથે ભારતની અંદાજે કુલ ૧૨.૬ GWh ની કાર્યરત BESS ક્ષમતામાં AGEL નો હિસ્સો હવે ૫૦% થી વધુ છે. ક્ષમતામાં આ સિદ્ધિ ખાવડાને વિશ્વના એક જ સ્થળે સ્થિત સૌથી વિરાટ કાર્યરત બેટરી એનર્જી સ્ટોરેજ ઈન્સ્ટોલેશન તરીકે મજબૂત બનાવે છે, જેમાં ૬.૬૩ GWh ની કાર્યરત ક્ષમતા શામેલ છે.

કંપનીએ ગુજરાતના ખાવડા ખાતે BESS નું ઓન-સાઈટ નિર્માણ શરૂ કર્યાના ૧૪ માસમાં જ ૬.૬૩ GWh નો સીમાચિહ્ન આંક હાંસલ કર્યો છે. ક્ષમતામાં કરવામાં આવેલો તાજેતરનો આ વધારો તેના નિર્માણના આરંભથી માત્ર દસ મહિનામાં જ કાર્યરત કરવામાં આવ્યો છે. કંપની દ્વારા ૫૩૮ ચોરસ કિલોમીટરની બિન-ઉપજાઉ જમીન પર વિકસાવવામાં આવી રહેલા ૩૦ જીડબલ્યું ના રિન્યુએબલ એનર્જી પ્રકલ્પ સાથે આ સિસ્ટમને જોડવામાં આવી છે.

અદાણી ગ્રીન એનર્જી લિ.ની ૬.૬૩ GWh BESS ક્ષમતા એટલી સ્વચ્છ ઊર્જા સંગ્રહી શકે છે કે જેનાથી દરરોજ લગભગ ૨૦ લાખ આવાસોને વીજળી પૂરી પાડી શકવા તેમજ નાગપુર, પટના કે વિઝાગ જેવા શહેરોની વીજળીની ટોચની માંગ ને પણ કેટલાક કલાકો સુધી સંતોષી શકાય છે. ખાવડાની આ સ્ટોરેજ ક્ષમતા ૧,૫૦,૦૦૦ થી વધુ મધ્યમ કદના ઈલેક્ટ્રિક વાહનોની બેટરી સ્ટોરેજ ક્ષમતાની સમકક્ષ છે અને તે દિલ્હી મેટ્રોની અંદાજિત દૈનિક વીજળીની જરૂરિયાત કરતાં લગભગ બમણી જરૂરિયાત પૂરી કરી શકે તેટલા પ્રમાણમાં ઊર્જા સંગ્રહી શકે છે, જે આ ઈન્સ્ટોલેશનના અભૂતપૂર્વ કદને દર્શાવે છે. ૬.૬૩ જીડબલ્યુએન સુધીનું આ ક્ષમતા-વિસ્તરણ ગ્રીડમાં સ્વચ્છ વીજળીનો સંગ્રહ અને જરૂરિયાત અનુસાર તેનો પુરવઠો પૂરો પાડવાની સવલત આપતી હોવાથી રિન્યુએબલ એનર્જીના એકીકરણને મજબૂત બનાવે છે. નાણા વર્ષ ૨૬-૨૭માં અદાણી ગ્રીન એનર્જી ૧૦ ત્રહ્ઠવ થી વધુ ક્ષમતા ઉમેરવાની દિશામાં આગળ વધી રહી છે અને આગામી ૫ વર્ષમાં ૫૦ ત્રહ્ઠવ ની સ્ટોરેજ ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્ય રાખે છે. વધુમાં મોટા પાયે, સ્થિર અને જરૂરિયાત મુજબ વિતરિત કરી શકાય તેવી પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ઊભી કરવાની તેની વ્યાપક વ્યૂહરચનાના ભાગરૂપે પમ્પડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ પર પણ કંપની કામ કરી રહી છે.

# સોરઠીયા રજપૂત સમાજના તેજસ્વી તારલાઓ જનપ્રતિનિધિ, વ્યકિતવિશેષનું રવિવારે સન્માન

**અબતક,રાજકોટ**

દેશળબાપુ સંપૂર્ણાનંદ બાપુ ત્યા સંત પૂ. દેવુ ભગતજીના આશીર્વાદ અને પ્રેરણાથી ત્થા વિવિધ દાતાઓના અને કુશળ કાર્યકર્તા ભાઈ બહેનોના સાથ સહકારથી સોરઠીયા રજપૂત સમાજ યાજકોટના તેજસ્વી તારલાઓ કે જેઓ ગત વર્ષે એલ.કે.જી. થી અનુસ્નાતક કક્ષાએ ઉત્તિર્ણ થયેલ છે તેમનું ત્થા સોરઠીયા રજપૂત સમાજના વિવિધ ગામ-શહેરોમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ત્થા વિશિષ્ઠ સિદિધ પ્રાપ્ત કરનારા ભાઈ બહેનોનું સન્માન તા. ૪-૧૦-૨૬ રવિવારના રોજ અરવિંદભાઈ મણીયાર હોલ, ખાતે બપોરના ૨ થી ૭ દરમ્યાન સન્માન સમારોહ યોજાશે.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ડો. સોનાજી ચૌહાણ (મહા ગુજરાત રજપૂત સમાજ મહામંડળના પ્રમુખ) રહેશે ત્થા પ્રેરક ઉપસ્થિતિ પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયર નેહલભાઈ શુક્લ, પૂર્વ ડે. મેયરથી માવજીભાઈ ડોડીયા, રાજકોટ કાર રીપેર એસોશીએશન પ્રમુખ ત્થા રજપૂત સમાજ અગ્રણી કીશોરભાઈ રાઠોડ, મહામંડળના મહામંત્રી પ્રવીણભાઈ પરમાર નિવૃત્ત જજ અનીલભાઈ બારડ, ડો. અનીલભાઈ પટેલ (સંપૂર્ણાનંદ ફાઉન્ડેશન), કશ્યપભાઈ શુક્લ, મહેશભાઈ ચૌહાણ (હરિવંદના કોલેજ) ત્થા પંકજભાઈ પઢીયાર વિ. ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવશે.

કાર્યક્રમમાં સમાજના કલાકાર ચેતનસિંહ ચૌહાણ તથા તેમની ટીમ દ્વારા ગીતો રજૂ કરશે ત્થા કાર્યક્રમનું સંચાલન કિશોરભાઈ ડોડીયા કરશે. કાર્યક્રમને સફળ બનાવવા અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત સમાજના પ્રમુખ વિજયભાઈ ચૌહાણ, સોરઠીયા રજપૂત સમાજ, રાજકોટના પ્રમુખ કાર્તિકભાઈ ચૌહાણ, મહામંત્રી નીલેશભાઈ સોલંકી, અખિલ ગુજરાત સોરઠીયા રજપૂત યુવા શક્તિ ગ્રુપના પ્રમુખ મુકુન્દભાઈ રાઠોડ સહીત સોરઠીયા રજપૂત સમાજની વિવિધ પાંખ સંપૂર્ણાનંદજી રજપૂત ફાઉન્ડેશન, સોરઠીયા રજપૂત વિમેન્સ ફાઉન્ડેશનના મહિલા કાર્યકર્તા બહેનો, યુવા શક્તિ ગ્રુપના યુવા કાર્યકર્તા ભાઈઓ ત્થા ભવનના મેનેજર હસુભાઈ મકવાણા સહિત સૌ કાર્યકર્તા ભાઈ બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# યુનિટી ફાઉન્ડેશન દ્વારા નવરાત્રી ઉજવાશે



**અબતક,રાજકોટ**

નવરાત્રીના પાવન પર્વને પરંપરા, સંસ્કાર અને આધુનિક વ્યવસ્થાના સુમેળ સાથે ઉજવવાના હેતુથી યુનિટી ફાઉન્ડેશન, સજકોટ દ્વારા આ વર્ષે ભવ્ય સંસ્કારી નવરાત્રી'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને સામાજિક એકતાની ભાવનાને કેન્દ્રમાં રાખીને યોજાનાર આ નવરાત્રીમાં પ્રાચીન ગરબી અને દાંડિયા મુખ્ય આકર્ષણ રહેશે.

અનુભવી કોરિયોગ્રાફરની માર્ગદર્શિકા હેઠળ દીકરીઓને તાલ, લય, સ્ટેપ્સ અને રાજકોટની આગવી ગરબા પરંપરાનો સુંદર સમન્વય કરાવીને શાનદાર રજૂઆત માટે તૈયાર કરવામાં આવી રહી છે.

# એન.આઈ.ડી.સી. દ્વારા થ્રેડસ ઓફ નવરાત્રી પ્રદર્શનમાં વિદ્યાર્થિનીઓની કલ્પનાને મળ્યું સર્જનાત્મકતાનું મંચ

## વિદ્યાર્થિઓ દ્વારા હસ્તનિર્મિત ચણિયાચોળી, કલાત્મક આભૂષણો, કમરપટ્ટા, ફૂટવેર, નવરાત્રી વિશેષ ગોગલ્સ સહિત એસેસરીઝનું ભવ્ય પ્રદર્શન યોજાયું



ઉદઘાટન સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રીના હસ્તે યુનિવર્સિટીના બીજા વિભાગોના ડીન અને ડિરેક્ટર્સની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પ્રદર્શનની મુલાકાત પ્રમુખ પ્રકાશ પટેલ તથા આરતી પટેલે પણ લીધી હતી.

**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (એસપીયુ) સંલગ્ન નૂતન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન એન્ડ કમ્યુનિકેશન (એનઆઈડીસી) દ્વારા નવરાત્રીની સાંસ્કૃતિક પરંપરા, સર્જનાત્મકતા અને હસ્તકૌશલ્યની ઉજવણીના હેતુથી ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર દરમિયાન 'થ્રેડ્સ ઑફ નવરાત્રી' નામે બે દિવસીય ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદર્શનમાં એનઆઈડીસીના વિદ્યાર્થીઓ દ્વારા નવરાત્રીની થીમને આધારે તૈયાર કરવામાં આવેલી વિવિધ રચનાઓ અને હસ્તનિર્મિત ઉત્પાદનો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં હાથથી બનાવેલા ચણિયાચોળી, હસ્તનિર્મિત કલાત્મક આભૂષણો, સુશોભિત કમરપટ્ટા, કસ્ટમાઇઝ્ડ નવરાત્રી ફૂટવેર, નવરાત્રી વિશેષ ગોગલ્સ સહિત વિવિધ ઉત્સવી એસેસરીઝનો સમાવેશ થતો હતો. પ્રદર્શનનું તેમણે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી સર્જનાત્મક કૃતિઓ અને હસ્તનિર્મિત ઉત્પાદનોની પ્રશંસા કરી હતી.

# આત્મીય યુનિ.ના દિક્ષાંત સમારોહમાં મહાનુભાવોએ જીવનના મૂલ્યો અંગે પ્રેરણાત્મક સૂચનો આપ્યા

## ૨૦૨૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત અને ૪૩ તેજસ્વી તારલાને સુવર્ણ ચંદ્રકથી બહુમાનિત કર્યા



**અબતક, રાજકોટ**

આત્મીય યુનિવર્સિટીનો સાતમો દીક્ષાંત સમારોહ તા.૨૬ સપ્ટેમ્બરના રોજ ભવ્ય અને ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થયો. આ સમારોહમાં આ વર્ષે પદવી મેળવનાર કુલ ૨,૦૨૩ વિદ્યાર્થીઓમાં ૧,૩૩૯ સ્નાતક, ૪૨૪ અનુસ્નાતક, ૨૪૭ ડિપ્લોમા અને ૧૩ પીએચ.ડી. વિદ્યાર્થીઓ તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં શ્રેષ્ઠ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર ૪૩ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ દીક્ષાંત સમારોહની શરૂઆતમાં વિડિઓ કોન્ફરન્સથી પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજીએ જણાવ્યું કે મુશ્કેલી જીવનનો અંત નથી, પરંતુ વિકાસનો આરંભ જરૂર બની શકે છે. જીવનમાં પડકારો દરમિયાન માણસે ધીરજ, આત્મવિશ્વાસ અને સંકલ્પશક્તિને વધુ મજબૂત બનાવવી જોઈએ. તેમણે માતા-પિતા પ્રત્યે આદર અને કૃતજ્ઞતા જાળવવાનું વિશેષ મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓની સિદ્ધિ પાછળ માતા-પિતાના ત્યાગ, પ્રાર્થના અને સહકારનું મહત્વપૂર્ણ યોગદાન વિષે તેઓએ વાત કરી હતી. ત્યારબાદ આત્મીય યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ત્યાગવલ્લભ સ્વામીજીએ જણાવ્યું હતું કે શિક્ષણનો સાચો હેતુ માત્ર કારકિર્દી બનાવવાનો નથી, પરંતુ સારા અને સંવેદનશીલ મનુષ્યનું નિર્માણ કરવાનો છે. તેમને આત્મીય યુનિવર્સિટીમાં ચાલતા જીવન વિદ્યાના સંદર્ભની વાત કરતા જણાવ્યું હતું કે શૈક્ષણિક જ્ઞાન વ્યક્તિને વ્યવસાયિક ક્ષેત્રે આગળ વધારે છે, જ્યારે જીવનની વિદ્યા વિદ્યાર્થીના જીવનને સમજવાની, યોગ્ય નિર્ણયો લેવાની અને સંબંધોને સાચવવાની દિશા આપે છે. તેમણે વિદ્યાર્થીઓને વિનમ્રતા, કરૂણા, પ્રામાણિકતા, જવાબદારી અને માનવીય મૂલ્યોને જીવનમાં કેન્દ્રસ્થાને રાખવા પ્રેર્યા હતા. વ્યક્તિની સાચી સફળતા માત્ર પદ, પ્રતિષ્ઠા કે આવક ન હોવી જોઈએ, પરંતુ તેના વર્તન, સંસ્કાર અને સમાજ પ્રત્યેના યોગદાનથી તેને માપવી જોઈએ તેવો તેમણે સંદેશ આપ્યો હતો.

વિશ્વભરમાં વ્યાવસાયિક દ્રષ્ટિએ ફેલાયેલ ઔદ્યોગિક ઈન્સ્ટ્રી કેન્ટ આર.ઓ. સિસ્ટમ્સ લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર અને દિલ્હીથી પધારેલ ડો.મહેશ ગુપ્તાએ વિદ્યાર્થીઓને શિસ્ત, સમયપાલન, સતત મહેનત અને નિષ્ઠાને સફળતાના મુખ્ય આધારસ્તંભ ગણાવ્યા હતા.

# રાજ્ય સરકાર દ્વારા ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, રાગી જેવા પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરાશે: વિજય કોરાટ

## આજ થી ૩૧ ઓકટોબર સુધી ખેડુતો ઓનલાઈન નોંધણી કરાવી શકશે



**અબતક, રાજકોટ**

પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે રાજ્યના ખેડૂતો અને કૃષિકારોના ઉત્કર્ષ માટે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાતો થતી હોય છે. જેનાથી ખેડૂતોને આવતા સમયમાં ખુબ જ આર્થીક ફાયદો થાય છે. રાજ્ય સરકાર દ્વારા ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, રાગી જેવા વિવિધ પાકના ટેકાના ભાવ જાહેર કરી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં વિવિધ પાકોના મણ પર ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં બાજરી અને જુવાર પર સરકાર પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦નું વધારાનું બોનસ આપશે. આ સીઝન માટે બાજરીના રૂ.૨૭૭૫, જુવાર (માલદંડી) ના રૂ.૩૭૪૯, જુવાર (હાઈબ્રીડ)ના રૂ. ૩૬૬૯ અને મકાઈના રૂ.૨૪૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરાયા છે. વિશેષ બાબત એ છે કે, રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં બાજરી અને જુવારની ખરીદી પર ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ આપવાની પણ જાહેરાત કરી છે.

ટેકાના ભાવે પાક વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ તા.૨ થી ૩૧ ઓક્ટોબર,૨૦૨૬ સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. જેમાં રાજ્ય સરકાર દ્વારા તા.૧૬ નવેમ્બરથી ૧૫ જાન્યુઆરી,૨૦૨૭ સુધી નિયત જણસ-પાકની ખરીદી કરવામાં આવશે.

# રામાનંદી સાધુ સમાજ દ્વારા કાલે એક દિવસીય રાસોત્સવ

**અબતક, રાજકોટ**

સમસત રોમાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ - રાજકોટ પ્રેરીત સમસ્ત રામાનંદી યુવા મંડળ-રાજકોટ મુખ્ય સંસ્થા દ્વારા સમાનંદી સાધુ સમાજના ભાઈઓ બહેનો રામાનંદી રાસોત્સવ નું આવતી કાલે તા.૦૩-૧૦-૨૦૨૬ શનિવાર એક દિવસીય રાસોત્સવનુ ભવ્ય આયોજન રાધે રાસોત્સવ ગ્રાઉન્ડ, મોવડી ગ્રીન પાર્ટી પ્લોટ, પોલીસ હેડ કવાટર્સ, મવડી, સ્પીડવેલ ચોક, ખાતે રાખવામાં આવેલ છે.

આ ભવ્ય આયોજનમાં માટલા ઉપર માટલુ ફેમ દેવપગલી (એકટર) ની ખાસ ઉપસ્થિતી રહેવાના છે જેનું આગામી ફિલ્મ અંગ્રેજ જોવે છે? તેનુ પ્રમાશનપણ કરવામાં આવશે. સાથે આ રામાનંદી રાસોત્સવમાં રામાનંદી સાધુ સમાજ માટે અમે રામાનંદી ફેમસ રામાનંદી'નવુ સોન્ગ ભરત રામાનુજ દ્વારા ગાવામાં આવેલ છે. સમસ્ત રામાનંદી યુવા મંડળ રાજકોટના પ્રમુખ દિલીપભાઈ અગ્રાવત અને અધ્યક્ષ નિખિલભાઈ ના માર્ગદર્શન હેઠળ જીતુભાઈ અગ્રાવત, ધર્મેશભાઈ રામાવત, શીવલાલ અગ્રાવત, કપિલભાઈ અગ્રાવત, તુષાર અગ્રાવત વગેરે રામાનંદી રાસોત્સવ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહયા છે.

# ડિવાઈન રિહેબિલીટેશન સેન્ટર દ્વારા શ્રેષ્ઠ દિવ્યાંગોને અપાશે દિવ્યરત્ન અને દિવ્યભૂષણ પુરસ્કાર

**અબતક, રાજકોટ**

ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર રાજકોટ દ્વારા વર્ષ ૨૦૨૪થી પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર દિવ્યાંગોને પુરસ્કૃત કરવામાં આવે છે. આ દિવ્ય પ્રતિભા સન્માન કાર્યક્રમ અંતર્ગત સતત ત્રીજા વર્ષે ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર દ્વારા છ શ્રેષ્ઠ દિવ્યાંગોને દિવ્ય રત્ન તેમજ દિવ્ય ભૂષણ પુરસ્કાર આપશે. ત્રણ શ્રેષ્ઠ દિવ્યાંગોને પ્રતિ પુરસ્કાર ૨૧,૦૦૦ ની રકમ સાથે દિવ્ય રત્ન પુરસ્કાર આપવામાં આવશે. જ્યારે અન્ય ત્રણ શ્રેષ્ઠ દિવ્યાંગોને પ્રતિ પુરસ્કાર ૧૧,૦૦૦ ની રકમ સાથે દિવ્ય ભૂષણ પુરસ્કાર આપવામાં આવશે. આ પુરસ્કાર માટે સમગ્ર ગુજરાતના ૫૦% કે તેથી વધુ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર ધરાવનાર શારીરિક કે માનસિક દિવ્યાંગ વ્યક્તિઓ અરજી કરી શકે છે. દરેક અરજી નિષ્ણાતો દ્વારા તપાસવામાં આવશે અને તેમાંથી શ્રેષ્ઠ દિવ્યાંગોની પસંદગી કરવામાં આવશે.

અરજી ફોર્મની વિગત માટે ડિવાઈન રિહેબિલિટેશન સેન્ટર મો.૯૦૧૬૯ ૪૮૧૩૭ નંબર પર સોમથી શનિ સવારે ૧૦થી સાંજે ૭ વાગ્યા દરમિયાન સંપર્ક કરી શકાશે.

અરજી કરવાની છેલ્લી તારીખ ૧૦મી ઓક્ટોબર છે. પુરસ્કાર સમારંભ રાજકોટ ખાતે તારીખ ૨૦મી ડિસેમ્બરના રોજ રાખવામાં આવશે તેવું સેન્ટરના ડિરેક્ટર કુંજ વછરાજાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# નાગરિકો, યુવાનો અને સ્વયંસેવકો શહેરને હરિયાળુ અને સ્વચ્છ બનાવવા સંકલ્પબદ્ધ




## ગાંધી જયંતિએ સ્વચ્છતાની મહા રેલીમાં મારો કચરો, મારી જવાબદારીનો ગુંજ્યો સંદેશ

**અબતક, રાજકોટ**

ગાંધી જયંતિના પવિત્ર દિવસે રાજકોટ શહેરમાં સ્વચ્છતાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. ક્લીનઅપ રાજકોટ તેમજ પોસ્ટ ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે સ્વચ્છતાની મહા રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શહેરના નાગરિકો, યુવાનો અને સ્વયંસેવકો ઉત્સાહભેર જોડાયા હતા.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. નાગરિકો કચરો માત્ર કચરાપેટીમાં જ નાખે, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે, પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરે અને પર્યાવરણનું સંરક્ષણ કરે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. સાથે સાથે વૃક્ષારોપણને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, જેથી રાજકોટને વધુ હરિયાળું અને સ્વચ્છ શહેર બનાવી શકાય.

આ રેલી દ્વારા શહેરમાં સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક જવાબદારી અંગે સકારાત્મક સંદેશ ફેલાયો હતો. આયોજકો દ્વારા રાજકોટના તમામ નાગરિકોને આહ્વાન કરવામાં આવ્યું હતું કે તેઓ સ્વચ્છતા અભિયાનમાં સક્રિય ભાગીદાર બને અને શહેરને ભારતનું સર્વોત્તમ સ્વચ્છ શહેર બનાવવા માટે પોતાનો ફાળો આપે.

# મારવાડી યુનિવર્સિટીનાં કૃષિ વિભાગના વિદ્યાર્થીઓએ ગીર ગંગા ટ્રસ્ટની મુલાકાત લઈ કામગીરી નિહાળી

## વિદ્યાર્થીઓએ ટ્રસ્ટ દ્વારા બનાવાયેલા હિરાબા સરોવર, વિરવીરૂ સરોવર તેમજ બોર અને કુવા રિચાર્જ પ્રોજેકટને નિહાળ્યો હતો

**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીના એગ્રીકલ્ચર (કૃષિ) વિભાગના વિદ્યાર્થીઓએ 'ગીરગંગા પરિવાર ટ્રસ્ટ' દ્વારા કરવામાં આવતી જળસંચય અને જળસંવર્ધનની વિવિધ પ્રવૃત્તિઓની મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ટ્રસ્ટ દ્વારા નિર્માણ કરવામાં આવેલા હીરાબા સરોવર, વીર-વીરુ સરોવર, તેમજ બોર રિચાર્જ અને કૂવા રિચાર્જ જેવા આધુનિક અને પરંપરાગત વોટર રિચાર્જિંગ પ્રોજેકટ્સની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ પાણીના ગ્રાઉન્ડ વોટર લેવલ વધારવા માટે કરવામાં આવતા તાંત્રિક અને પ્રાયોગિક કાર્યોને નજીકથી નિહાળી ઊંડું જ્ઞાન મેળવ્યું હતું.મુલાકાત દરમિયાન ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સાખિયાએ વિદ્યાર્થીઓ સાથે વિશેષ સંવાદ સાધ્યો હતો.

યુનિવર્સિટીના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટની આ ભગીરથ કામગીરીને બિરદાવી હતી અને પ્રત્યક્ષ અનુભવ થકી મળેલા આ જ્ઞાન બદલ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.મારવાડી યુનિવર્સીટી ના પ્રોફેસરો ડો. ખુશ્બુબા જાડેજા, ડો.સુરમ લીખીતા રેડી, ડો.સાગર કનેરિયા, ડો. સ્વપનેન્દ્ર બેનર્જી તેમજ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના આગેવાન ડો.યશવંતભાઈ ગોસ્વામી, રમેશભાઈ ઠક્કર, ગીતાબેન વોરા વગેરે લોકો હાજર રહ્યા હતાં.

### કુમકુમના પગલા પડ્યાં માડીના હેત ઢળ્યા જોવા લોકો ટોળે વળ્યા રે માડી તારા આવવાના એંધાણ થયાં

# એ હાલો.. મોઢવણિક જ્ઞાતિજનો માટે રવિવારે વેલકમ નવરાત્રી મહોત્સવ

## ન્યારી ડેમ રોડ સ્થિત યુવીએમસી પાર્ટી લોન્સ ખાતે દર વર્ષની પરંપરા મુજબ ધમાકેદાર આયોજન જ્ઞાતિજનોને ઉમટી પડવા હાંકલ



**વેલકમ નવરાત્રી મહોત્સવ અબતક પર લાઈવ નિહાળો**

ઈન કેબલ ૫૬૧ | ડેન નેટવર્ક ૫૭૩ | રિયલ જીટીપીએલ-સુરત ૩૫૦ | સહયોગ નેટવર્ક ૧૦૫

અબ તક CHANNEL

YouTube Live / LIVE @abtakmedia

વેલકમ નવરાત્રી મહોત્સવ તા.૪ને રવિવારે અબતક પર લાઈવ નિહાળો સાંજે ૬.૩૦ વાગ્યાથી

### અલગ અલગ ચાર ગ્રુપમાં કોન્ટેસ્ટ, લાખેણા ઈનામોની વણઝાર સાથે રસપ્રચુર અલ્પાહારની વ્યવસ્થા, બાળકોના ગ્રુપમાં ભાગ લેનાર તમામ બાળકોને સ્યોર ગિફ્ટ

**અબતક, રાજકોટ**

વિશ્વના સૌથી મોટા નૃત્ય મહોત્સવનો આરંભ થવા જઈ રહ્યો છે.આદ્યશક્તિની આરાધના કરવાના આ અલૌકિક અવસરના વધામણા કરવા દર વર્ષની પરંપરા અનુસાર આ વર્ષ પણ શ્રી મોઢવણિક મહાજન, શ્રી મોઢવણિક સમાજ અને શ્રી મોઢવણિક યુવા ગ્રુપ દ્વારા જ્ઞાતિજનો માટે આગામી તા.૪ ઓક્ટોબરને રવિવારે સાંજે ૬:૩૦ કલાકથી વેલકમ નવરાત્રી મહોત્સવનું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે.જેમાં અલગ અલગ ચાર ગ્રુપમાં કોન્ટેસ્ટ રાખવામાં આવી છે. રાસોત્સવના વિજેતાઓને લાખેણા ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.

શ્રી મોઢવણિક મહાજનના પ્રમુખ ભાગ્યેશ વોરા, શ્રી મોઢવણિક સમાજના પ્રમુખ ધર્મેશ શેઠ તથા મોઢવણિક યુવા ગ્રુપના પ્રમુખ કિરેન છાપીયાના જણાવ્યાનુસાર ફક્ત મોઢવણિક જ્ઞાતિજનો માટે આગામી રવિવારે ૬:૩૦ કલાકથી શહેરના ન્યારી ડેમ રોડ સ્થિત યુવીએમસી પાર્ટી લોન્સ ખાતે વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬નું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ ત્રણ વર્ષ સફળતાપૂર્વક આયોજન કરાયા બાદ આ વખતે સતત ચોથા વર્ષે જ્ઞાતિજનો માટે ધમાકેદાર આયોજન કરાવ્યું છે. જેમાં ભવ્યાતિ ભવ્ય રાસોત્સવ સાથે રસપ્રચુર અલ્પાહારની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. અલગ અલગ ચાર ગ્રુપમાં કોન્ટેસ્ટ યોજાશે. જેમાં ૫ થી ૧૫ વર્ષ માટે ગ્રુપ એ, ૧૬ થી ૩૦ વર્ષ માટે ગ્રુપ બી, ૩૧ થી ૪૫ વર્ષ માટે ગ્રુપ સી અને ૪૬ વર્ષથી વધુ ઉંમરના જ્ઞાતિજનો માટે ગ્રુપ ડી રહેશે. જેના પાસનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. નિર્ણાયકો જ્ઞાતિની બહારના હશે. જેનો નિર્ણય આખરી રહેશે. ખ્યાતનામ કલાકારો અને સાજિંદાઓ પોતાના મધુર સૂર અને તાલના સંગાથે ખેલૈયાઓને મોજ કરાવશે. મનમોહક લાઈટિંગ, અધતન સાઉન્ડ સિસ્ટમ તથા મખમલી હરિયાળુ ગ્રાઉન્ડ તમામ લોકોને ગરબે રમવા માટે મજબૂર કરી દે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

મોઢવણિક મહાજન, મોઢવણિક સમાજ તથા મોઢવણિક યુવા ગ્રુપ આયોજિત વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ નો આનંદ જ્ઞાતિજનો મન ભરીને માણી શકે તે માટે સુંદર બેઠક વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. રાસની રમઝટ વચ્ચે રસપ્રચુર અલ્પાહાર પીરસવામાં આવશે. રસોત્સવમાં ચાર કોન્ટેસ્ટમાં વિજેતા બનનારા ખેલૈયા ને લાખેણા ઈનામો આપી તેઓની ગરબા રમવાની કલાને બિરદાવવામાં આવશે તેમજ ગ્રુપ એ માં ભાગ લેનાર તમામ ભૂલકાઓને શ્યોર ગિફ્ટ આપવામાં આવનાર છે. જ્ઞાતિજનોને ઉમંગભેર વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ માં ઉમટી પડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વેલકમ નવરાત્રિ મહોત્સવ - ૨૦૨૬ અંતર્ગત નાણાકીય જાગૃતિ સાથે 'સંપત્તિ વૃદ્ધિ અને આર્થિક સુરક્ષા'નો સંદેશ આપવાની પહેલ અંતર્ગત પ્રશાંત ગાંગડિયા (કોર ફિનકેપ) દ્વારા લોકોને પોતાના હાલના રોકાણ પોર્ટફોલિયોની સમીક્ષા કરાવવામાં આવશે.

મોઢવણિક મહાજન, મોઢવણિક સમાજ તથા મોઢવણિક યુવા ગ્રુપ આયોજિત વેલકમ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા માટે ભાગ્યેશ વોરા, ધર્મેશ શેઠ અને કિરેન છાપીયાની રાહબરી હેઠળ પ્રભારી કેતન પારેખ, સંજય મણીયાર, કેતન મેસ્વાણી તેમજ સુનિલ વોરા, અશ્વિન વડોદરિયા, નિતીન વોરા, જગદીશ વડોદરિયા, ઈલેશ પારેખ, ધર્મેશ વોરા, ડો. અતુલ વોરા, નિતીન મણીયાર, અતુલ પારેખ, મહેન્દ્ર ગાંધી, જયેશ ગાંધી, જયેન્દ્ર પારેખ, યોગેશ પારેખ, દીપક મહેતા, કેતન વોરા, હિત શેઠ, રસિક વોરા, ધીરેન્દ્ર મહેતા, ચંદ્રકાંત મહેતા, આશિષ મહેતા, રોહિત શાહ, અમિત પટેલ, દીપેશ પારેખ, દોલત દોશી, શ્રેયાંશ મહેતા, ડો. કમલેશ પારેખ, યતીન ધ્રાફાણી, નીતા પારેખ, જીગ્નેશ મેસ્વાણી, યોગેશ પારેખ, છાયા વજરિયા, સંજય મહેતા, ધર્મેશ મહેતા, ક્રિષ્ના મણિયાર, મુકેશ પારેખ, જીગ્નેશ દોશી, હિના દોશી, યશ બખાઈ, મીરા મહેતા, સુનિલ બખાઈ, નયન પરીખ, બિંદીયા મણિયાર, જયેન્દ્ર મહેતા, ભાવિક મહેતા, શૈલજા શાહ, કલ્પેશ દોશી, મનીષ શાહ, કેતન બોઘાણી, પિયુષ પટેલ, સંદીપ પટેલ, સાવન ભાડલીયા, દિપક કલ્યાણી, રશ્મિકાંત શાહ સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યાં છે. તેમ અંતમાં શ્રી મોઢવણિક મહાજન રાજકોટના મેનેજર સુરેશ રાજ પુરોહિતની યાદીમાં જણાવાયું છે.

---

### ''વસુધૈવ કુટુંબકમ''

# મોદીના વિચારો શાંતિ અને યુદ્ધ સમાપ્તિના : રશિયાના રાષ્ટ્રપતિ

## રશિયા સાથે ભારતના મજબૂત અને મિત્રતાપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો હોવા છતાં, ભારતે આ મુદ્દા પર સંપૂર્ણપણે તટસ્થ રહીને માનવતાવાદી વલણ અપનાવ્યું



**અબતક, રાજકોટ**

રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષમાં શાંતિ સ્થાપવાના વૈશ્વિક પ્રયાસો વચ્ચે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું મોટું નિવેદન સામે આવ્યું છે. મોસ્કોમાં આયોજિત વાલ્ડાઈ ક્લબ ફોરમ દરમિયાન પુતિને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાંતિ પ્રયાસોની સરેઆમ પ્રશંસા કરતા જણાવ્યું છે કે, પીએમ મોદી પાસે આ સંઘર્ષનો શાંતિપૂર્ણ અને સર્વસ્વીકૃત ઉકેલ લાવવા માટે ખૂબ જ વ્યાવહારિક અને ઉમદા વિચારો છે.

રશિયા સાથે ભારતના મજબૂત અને મિત્રતાપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો હોવા છતાં, ભારતે આ મુદ્દા પર સંપૂર્ણપણે તટસ્થ રહીને માનવતાવાદી વલણ અપનાવ્યું છે. પીએમ મોદીએ સતત રશિયા અને યુક્રેન બંને દેશોના વડાઓ સાથે સીધી વાતચીત કરીને ''આ યુદ્ધનો યુગ નથી'' નો સંદેશ આપ્યો છે અને વાટાઘાટો તેમજ મુત્સદ્દીગીરી દ્વારા જ સમસ્યાનો અંત લાવવા પર ભાર મૂક્યો છે.પુતિને સ્પષ્ટ કર્યું કે પીએમ મોદી સતત રશિયા સાથેની બેઠકોમાં યુદ્ધ અટકાવવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા અંગે ચર્ચા કરે છે અને બંને પક્ષોને મંજૂર હોય તેવા ઉકેલો શોધવામાં રસ દાખવે છે. ભારત કોઈપણ એક જૂથનો પક્ષ લેવાને બદલે યુદ્ધના સંતોષકારક અંત માટે મધ્યસ્થની ભૂમિકા ભજવી રહ્યું છે, જેની કદર રશિયા અને યુક્રેન બંને દેશો કરી રહ્યા છે. ઓગસ્ટમાં જાપાની મીડિયા 'દ યોમિઉરી શિમ્બન'ને આપેલા ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ કહ્યું હતું કે રશિયા અને યુક્રેન બંને સાથે ભારતના ઉત્તમ સંબંધો હોવાથી ભારત શાંતિની પુનઃસ્થાપના માટે કોઈ પણ સાર્થક ભૂમિકા ભજવવા તૈયાર છે.પુતિને ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે રશિયાનો યુરોપિયન દેશો પર હુમલો કરવાનો કોઈ ઈરાદો નથી, પરંતુ જો પશ્ચિમી દેશો સૈન્ય અભ્યાસ કે સંપત્તિઓ જપ્ત કરીને ઉશ્કેરણી કરશે તો રશિયા પોતાની પાસે ઉપલબ્ધ તમામ હથિયારોથી તેનો જવાબ આપશે.

પશ્ચિમી દેશોના દબાણ છતાં ભારતે રશિયા સાથેના પોતાના સંબંધો જાળવી રાખ્યા અને સાથે સાથે યુક્રેનને માનવતાવાદી સહાય પૂરી પાડીને પોતાની તટસ્થતા સાબિત કરી છે. પીએમ મોદીએ ઝેલેન્સ્કી અને પુતિન બંને સાથે વ્યક્તિગત રીતે વાતચીત જાળવી રાખી છે, જેથી તેઓ બંને પક્ષોનો વિશ્વાસ જીતી શક્યા છે. વૈશ્વિક સ્તરે યુદ્ધના કારણે તેલ, અનાજ અને ખાતરના ભાવ વધી રહ્યા છે, જેનો સૌથી વધુ ફટકો વિકાસશીલ દેશોને પડી રહ્યો છે. ભારતે આ પરિસ્થિતિ બદલવા શાંતિનો માર્ગ અપનાવવો જરૂરી ગણાવ્યો છે.

---

# પતિની જગ્યાએ નોકરી મેળવનાર પત્નીએ સાસુની પણ 'સંભાળ' રાખવી પડે: હાઈકોર્ટ

## અનુકંપાની નોકરી સમગ્ર પરિવાર માટે છે, અંગત સ્વાર્થ માટે નહીં: મહિલાના પગારમાંથી દર મહિને ૨૫% સાસુના ખાતામાં જમા કરાવવા રાજસ્થાન હાઈકોર્ટનો આદેશ

**અબતક, રાજકોટ**

કોઈપણ પત્નીએ એ બાબત હંમેશા યાદ રાખવી જોઈએ કે લગ્ન બાદ પતિ તેનો જીવનસાથી જરૂર બને છે, પરંતુ એ પહેલાં તે તેના વૃદ્ધ માતા-પિતાનો પુત્ર છે. પતિના અવસાન બાદ અનુકંપાના ધોરણે મળતી સરકારી નોકરી માત્ર વિધવા પત્નીનો વ્યક્તિગત હક નથી, પરંતુ સમગ્ર પીડિત પરિવારની આર્થિક સુરક્ષા માટે છે. અનુકંપા નિમણૂક મેળવ્યા બાદ સાસુ-સસરાને નિરાધાર છોડી દેવાના કિસ્સામાં રાજસ્થાન હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનાત્મક ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે પતિના અવસાન બાદ તેની સરકારી નોકરી મેળવનાર પત્ની પોતાની નૈતિક અને કાનૂની જવાબદારીમાંથી ભાગી શકે નહીં.

અજમેર વિદ્યુત વિતરણ નિગમમાં ફરજ બજાવતા એક કર્મચારીનું ૨૦૧૭માં અકાળે અવસાન થયું હતું. કર્મચારીના અવસાન બાદ પરિવારની સહમતિથી તેમની વિધવા પત્નીને અનુકંપાના ધોરણે નોકરી આપવામાં આવી હતી. સાસુ-સસરાએ એ શરતે અને વિશવાસે સંમતિ આપી હતી કે વહુ નોકરી લાગ્યા બાદ તેમની પણ સંભાળ રાખશે. મહિલાએ નોકરી મેળવતી વખતે પણ પરિવારના સભ્યોનું ભરણપોષણ કરવાની લેખિત બાંહેધરી આપી હતી. જોકે, નોકરી મળી ગયા બાદ મહિલાએ સાસુ-સસરાને આર્થિક ટાંચમાં છોડી દીધા હતા, સાસરું છોડી દીધું હતું અને અન્ય વ્યક્તિ સાથે પુનઃલગ્ન કરી લીધા હતા. જેથી નિરાધાર બનેલી વૃદ્ધ સાસુએ ન્યાય માટે કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

આ કેસની સુનાવણી દરમિયાન રાજસ્થાન હાઈકોર્ટે અત્યંત સખત વલણ અપનાવતા જણાવ્યું હતું કે, અનુકંપા નિમણૂકનો મુખ્ય ઉદ્દેશ્ય કમાનાર વ્યક્તિના અચાનક મૃત્યુથી પરિવાર પર આવી પડેલી આર્થિક વિપત્તિમાંથી ઉગારવાનો છે. આ યોજના હેઠળ માત્ર વિધવા પત્ની જ નહીં, પરંતુ મૃતક કર્મચારીના માતા-પિતા અને નિયમો મુજબ માન્યતા પ્રાપ્ત અન્ય આશ્રિતો પણ આવરી લેવાય છે. નોકરી મેળવતી વખતે આપેલી બાંહેધરીના આધારે લાભ લીધા બાદ, મહિલા આવી મૂળભૂત જવાબદારીથી સંપૂર્ણપણે મોં ફેરવી શકે નહીં.કોર્ટે વધુમાં ટાંક્યું હતું કે, ''પતિના મૃત્યુ બાદ વહુ અનુકંપા નિમણૂક મેળવી લે અને ત્યારબાદ તેના વૃદ્ધ સાસુ-સસરાને કુદરતના ભરોસે છોડી દે - તેવી બાબત ચલાવી લેવાય નહીં.'' આ અવલોકનો ધ્યાને રાખીને હાઈકોર્ટે અજમેર વિદ્યુત વિતરણ નિગમને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે મહિલાના માસિક પગારમાંથી દર મહિને ૨૫ ટકા રકમ કાપીને સીધી તેની સાસુના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવી. આ ઉપરાંત, મૃતક કર્મચારીના તમામ નિવૃત્તિ અને સેવા વિષયક લાભો સરખા ભાગે વહેંચીને પત્નીને ૫૦% અને મૃતકની માતાને ૫૦% આપવા હુકમ કર્યો છે.સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટ અમિતરાજ કૌશલે જણાવ્યું હતું કે, આ ચુકાદો અનુકંપા યોજના હેઠળ નોકરી મેળવતા લોકો માટે એક મોટો બોધપાઠ છે. આ યોજના મૃતક કર્મચારીના પરિવારના તમામ સભ્યોને મદદ કરવા માટે છે, નહીં કે માત્ર કોઈ એક વ્યક્તિના અંગત ફાયદા માટે. હાઈકોર્ટે આ આદેશ આપીને સાબિત કર્યું છે કે અનુકંપાની નોકરી સાથે જોડાયેલી જવાબદારીઓમાંથી કોઈ છટકી શકતું નથી.

---

# ૨૦૦૮ સિરિયલ બ્લાસ્ટના આતંકી અબુ બકરની મૃત્યુદંડની સજા મોકૂફ રાખતી સુપ્રીમ

## ફક્ત કાવતરામાં સામેલ હોવાના આધારે દોષિત ઠેરવવામાં આવ્યો છે, જેના સીધા પુરાવા નથી : બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખતી સર્વોચ્ચ અદાલત, ગુજરાત સરકાર પાસે ખુલાસો માંગ્યો

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૦૮માં અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લીધો છે. કોર્ટે મૃત્યુદંડની સજા પામેલા દોષિત અહેમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવીની અરજી પર રાજ્ય સરકારને નોટિસ જાહેર કરીને જવાબ માગ્યો છે. આ ઉપરાંત તેની ફાંસીની સજાના અમલ પર રોક (સ્ટે) લગાવી દીધી છે. અહેમદ બાવાએ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેને દોષિત ઠેરવવા અને ફાંસીની સજા બહાલ રાખવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.



જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન દોષિતના વકીલે દલીલ કરી હતી કે અરજદારને માત્ર કાવતરાના આધારે જ દોષિત ઠેરવવામાં આવ્યો છે. આ દલીલો ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટે આ કેસમાં ગુજરાત સરકારને નોટિસ જાહેર કરીને ફાંસી પર રોક લગાવી દીધી. આ સુનાવણી દરમિયાન કેસ સંબંધિત દસ્તાવેજોના અનુવાદનો વિષય પણ સામે આવ્યો હતો. બચાવ પક્ષના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટના મોટાભાગના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. તેથી ગુજરાત હાઈકોર્ટના નિર્ણય અને સંબંધિત કાગળોનો અનુવાદ પૂરો પાડવા માટે પણ અલગથી અરજી દાખલ કરવામાં આવી છે

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સાતમી જુલાઈએ ૨૦૨૬ના રોજ ગુજરાત હાઈકોર્ટે દેશનો સૌથી મોટો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે વર્ષ ૨૦૨૨માં સ્પેશિયલ કોર્ટ (સિટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી તમામ સજાઓને માન્ય રાખીને ૩૮ આતંકીઓની ફાંસીની સજા અને ૧૧ દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા યથાવત રાખવાનો આદેશ આપ્યો હતો અત્રે નોંધનીય છે કે, બચાવ પક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે, અબુ બકરને મુખ્યત્વે કાવતરામાં શામેલ હોવાના આધારે દોષિત ઠેરવવામાં આવ્યો છે, જેના સીધા પુરાવા નથી જે દલીલને ગ્રાહ્ય રાખી સુપ્રીમે ફાંસીની સજા પર રોક લગાવી દીધી છે.

---

### ટ્રમ્પ ટેરિફની 'ઐસી કી તૈસી'!!

# આગામી ૫ વર્ષમાં કેનેડા સાથેની વેપાર સંધિથી રૂ૭ લાખ કરોડનો વેપાર થશે : પિયુષ ગોયલ

## અર્થતંત્રને ગતિ આપવા એનર્જી અને ક્રિટિકલ મિનરલ્સ ક્ષેત્રે સહયોગ વધારવા પર વિશેષ ભાર અપાશે

## અમેરિકાએ આડેધડ ટેરિફ લગાવતા કેનેડાએ હવે પોતાના અર્થતંત્રની સ્થિરતા માટે ભારત તરફ નજર દોડાવી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાએ આડેધડ ટેરીફ લગાવતા કેનેડાએ હવે પોતાના અર્થતંત્રની સ્થિરતા માટે ભારત તરફ નજર દોડાવી છે. જેથી ભારત અને કેનેડા વચ્ચેના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે દ્વિપક્ષીય વેપારમાં મોટો વધારો કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આગામી પાંચ વર્ષમાં બંને દેશો વચ્ચેનો વેપાર વર્તમાન સ્તરથી વધારીને બમણાથી વધુ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ માટે મુક્ત વેપાર કરારની વાટાઘાટોને ખૂબ જ ઝડપી બનાવવામાં આવી છે અને આગામી કેટલાક મહિનાઓમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તેવી પૂરી શક્યતા છે. આર્થિક વિકાસને ગતિ આપવા માટે ખાસ કરીને ઊર્જા અને ક્રિટિકલ મિનરલ્સ જેવા મહત્વના ક્ષેત્રોમાં ભાગીદારી વધારવા પર બંને રાષ્ટ્રો અત્યારે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

મિલવૌકી ખાતે યોજાયેલી ૨૦૨૬ની જી-૨૦ ટ્રેડ મિનિસ્ટર્સની બેઠક દરમિયાન કેનેડાના ઈન્ટરનેશનલ ટ્રેડ મિનિસ્ટર મનિન્દર સિદ્ધુએ જણાવ્યું હતું કે બંને દેશોના નેતાઓએ વર્તમાન ૩૦ બિલિયન ડોલરના દ્વિપક્ષીય વેપારને પાંચ વર્ષમાં ૭૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનું વિઝન નક્કી કર્યું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે મુક્ત વેપારને સરળ બનાવવા પર કામ ચાલી રહ્યું છે. અર્થતંત્રોને સ્પર્ધાત્મક બનાવવાને બદલે એકબીજાના પૂરક કેવી રીતે બનાવી શકાય અને સપ્લાય ચેઈનનું વૈવિધ્યકરણ કેવી રીતે કરી શકાય તે દિશામાં હાલમાં સઘન વાટાઘાટો ચાલી રહી છે.



થોડા દિવસો પહેલા જ મુંબઈમાં ભારતના કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને કેનેડિયન મંત્રી વચ્ચે ચોથા રાઉન્ડની સાર્થક ચર્ચા પૂર્ણ થઈ હતી. હવે ૫ ઓક્ટોબરના રોજ ઓટાવા ખાતે પાંચમા રાઉન્ડની બેઠક યોજાવા જઈ રહી છે. બંને દેશોએ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ માટેની વાટાઘાટોને 'ફાસ્ટ-ટ્રેક' પર મૂકવાનો નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં આ વ્યાપક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાનો બંને સરકારોનો ઉદ્દેશ્ય છે, જે ભારત-કેનેડાના રાજદ્વારી અને આર્થિક સંબંધોમાં એક નિર્ણાયક તબક્કો સાબિત થશે.

નોંધનીય છે કે કેનેડા ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરથી વધુના રોકાણ સાથે સૌથી મોટું સામૂહિક રોકાણકાર છે. કેનેડિયન કંપનીઓ ભારતના હાઈવે અને એરપોર્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં સક્રિય છે. બીજી તરફ, ભારતનું અર્થતંત્ર ૭% ના દરે વધી રહ્યું છે અને ૨૦૩૫ સુધીમાં દેશને ૭૦% વધુ ઊર્જાની જરૂર પડશે, જે કેનેડા પૂરી પાડી શકે તેમ છે. ઈલેક્ટ્રિક વાહનો અને બેટરી માટે જરૂરી ક્રિટિકલ મિનરલ્સમાં પણ કેનેડા પશ્ચિમી ગોળાર્ધમાં અગ્રેસર હોવાથી ભારતને તેનાથી મોટો ફાયદો મળી શકે છે.

### ૨૦૨૩માં વાટાઘાટો અટકી હતી, ૨૦૨૫માં ફરી વેગ પકડ્યો

ભારત અને કેનેડા વચ્ચેના વ્યાપક વેપાર કરારની ચર્ચાઓ એક દાયકાથી વધુ સમયથી ચાલી રહી છે. માર્ચ ૨૦૨૨માં સત્તાવાર રીતે વાટાઘાટો ફરી શરૂ કરવામાં આવી હતી. જોકે, ૨૦૨૨ અને ૨૦૨૩ વચ્ચે નવ રાઉન્ડ યોજાયા બાદ ઓગસ્ટ ૨૦૨૩માં દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ આવતા આ પ્રક્રિયાને અટકાવી દેવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં બંને દેશોના વેપાર જોડાણે ફરીથી વેગ પકડ્યો અને માર્ચ ૨૦૨૬માં નવી સીઈપીએ પ્રક્રિયા શરૂ કરી વેપાર વધારવા કવાયત હાથ ધરાઈ.

### નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દ્વિપક્ષીય વેપાર ૮ બિલિયન ડોલર રહ્યો

વાણિજ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત અને કેનેડા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર લગભગ ૮ બિલિયન ડોલરના સ્તરે નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન ભારત દ્વારા કેનેડામાં ૪.૬૭ બિલિયન ડોલરની કિંમતની વિવિધ ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. તેની સામે ભારતે કેનેડામાંથી ૩.૨૮ બિલિયન ડોલરની કિંમતના માલસામાનની આયાત કરી હતી. આ આંકડાઓ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે આયાત અને નિકાસ ક્ષેત્રે ભવિષ્યમાં પણ મોટી સંભાવનાઓ રહેલી છે.

# અલ્પેશ દોંગાએ રૂ.૪૩.૫૩ કરોડની ૧૩૦ વીઘા જમીન ફક્ત ૨.૧૫ કરોડમાં હડપ કરી લીધી

## પડધરી, ગોંડલ તાલુકા અને કાલાવડમાં ચાર ગુના નોંધાયા, સાત ફરીયાદ નોંધવા તજવીજ : વધુ ૨૫ અરજદારો પોલીસ પાસે પહોંચ્યા

### અલ્પેશની બિઝનેશ ટર્મીનલ ખાતે આવેલી ઓફિસમાંથી ૧૫૨ જમીનના દસ્તાવેજ મળ્યા : તપાસનો ધમધમાટ

અલ્પેશ દોંગા આણી ટોળકીએ આચારેલા રાજ્ય વ્યાપી કૌભાંડની તપાસની અર્થે બનાવવામાં આવેલી એસઆઈટી હાલ તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરી રહી છે. દરમિયાન એસઆઈટીએ અલ્પેશ દોંગાની રાજકોટના નાનામાંવા રોડ પર શાસ્ત્રીનગર અજમેરા સોસાયટીના ગેટ સામે આવેલા બિઝનેસ ટર્મિનલ એપાર્ટમેન્ટમાં ચોથા માળે આવેલી ઓફિસ નંબર ૪૦૨ ની જડતી લીધી હતી. અહીં સઘન તપાસ દરમિયાન નવા દસ્તાવેજ તથા સાટાઘાત મળી કુલ ૧૫૨ જેટલા જમીનના દસ્તાવેજોની નકલો મળી આવી હતી. જે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.




### કૃષ્ણભક્ત બની સન્માનના બહાને ગીતા નામની મહિલાઓને એકત્રિત કરી છેતરવાનો જબરો પ્લાન

કુખ્યાત અલ્પેશ દોંગા પોતાને શ્રી કૃષ્ણનો પરમ ભક્ત ગણાવતો હતો. સમાજમાં પોતાની પ્રતિષ્ઠા વધારવા તેણે ગીતા ચેરિટેબલ ટ્રસ્ટના નામે અગાઉ બે વાર ભાવનગર અને સુરત ખાતે ગીતા નામની મહિલાઓને એકત્રિત કરી સન્મામ કર્યા હતા. જેથી અલ્પેશની ઠેક ઠેકાણે ચર્ચાઓ થતી અને સમાજમાં તેની ગુડવીલ વધતી હતી. પણ આં સન્માન પાછળ અલ્પેશ મલિન ઈરાદો ધરાવતો હતો. અલ્પેશ સન્માનના બહાને તમામ મહિલાઓ અને તેમના પરિજનોની વિગતો મેળવી લેતો હતો અને ત્યારબાદ આં મહિલાઓ અને તેમના સગા સંબંધીઓને લોન આપવાના બહાને છેતરતો હતો. વધુમાં આગામી તા. ૨૮ ડિસેમ્બરના રોજ અલ્પેશ અમદાવાદ ખાતે ફરી એકવાર ગીતા નામની ૨૫ હજાર મહિલાઓણે એકત્રિત કરી સન્માનિત કરવાનો હતો. જે બાદ અલ્પેશ આ તમામ મહિલાઓ અને તેમના પરિજનોને લોન કૌભાંડમાં ફસાવવાનો હતો.

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર અને ગુજરાતભરના ખેડૂતોને ધિરાણ અપાવી દેવાના બહાને વ્યાજે પૈસા આપી જમીન પડાવી લેનાર અલ્પેશ દોંગા આણી ટોળકીએ ૨૦ ખેડૂતોની માલિકીની રૂ. ૪૩.૫૩ કરોડની કિંમતની ૧૩૦ વીઘા જમીન ફક્ત રૂ. ૨.૧૫ કરોડમાં પડાવી લીધાનું પોલિસની તપાસમાં સામે આવ્યું છે. કુખ્યાત અલ્પેશ દોંગા આણી ટોળકીનું કારસ્તાન સામે આવ્યા બાદ રૂરલ પોલીસ દ્વારા એસઆઈટીનું ગઠન કરી રાજ્યવ્યાપી તપાસ શરૂ કરવામાં આવતા મોટા ઘટસ્ફોટ થવા પામ્યાં છે. બીજી બાજુ અલ્પેશ દોંગાનો અત્યંત નજીકનો

### અલ્પેશ દોંગાનો ખાસ મનાતો સાગરીત અક્ષીત અકબરીની ધરપકડ

ગણતો અક્ષીત અકબરીની પણ ધરપકડ કરી લેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ખેડૂતોને લોન અપાવવાના બહાને ફસાવી તેમની જમીન પાણીના ભાવે પચાવી પાડનાર મની પ્લસ પેઢીના સંચાલક કુખ્યાત અલ્પેશ દોંગા આણી ટોળકી દ્વારા આચરવામાં આવેલા આ કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે સૂચના આપવામાં આવી હોય અને તે માટે ખાસ સીટની ટીમની રચના કરવામાં આવી છે.

દરમિયાન આજરોજ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા તપાસ અંગે કેટલીક મહત્વની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપી અલ્પેશ દોંગા તથા અક્ષિત અકબરીની ટોળકી વિરુદ્ધ અગાઉ ૧૨ ગુના દાખલ થયા હતા. આ ઉપરાંત પડધરી, ગોંડલ તાલુકા, કાલાવડમાં મળી વધુ ચાર ગુના દાખલ થયા છે. આ સિવાય અત્યાર સુધીમાં સાત જેટલા અરજદારોએ સંપર્ક કરી અરજીઓ આપી છે જે અંગે તપાસ ચાલુ છે. વધુમાં રૂરલ પોલીસ સુધી વધુ ૨૫ અરજદારો પહોચ્યા છે જેમની સાથે થયેલી ઠગાઈ અંગેની વિગતો મેળવી પોલીસે તપાસ આદરી છે. આ કૌભાંડમાં તપાસ દરમિયાન પોલીસે મુખ્ય સૂત્રધાર મનાતા અલ્પેશના સાથીદાર અક્ષિત અકબરીને પણ ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે અલ્પેશ દોંગાનો કબજો મેળવી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

સીટની તપાસ દરમિયાન ૨૦ ખેડૂતોની કુલ ૧૩૦ વીઘા જમીન જેની બજાર કિંમત ૪૩ કરોડ ૫૩ લાખ જેટલી છે જે જમીન પેટે આરોપીઓએ માત્ર ૨ કરોડ ૧૫ લાખ જેટલી રકમ ચૂકવી જે તે ખેડૂત ખાતેદારના દસ્તાવેજો સાટાખાત કરાવી લીધાનું સામે આવ્યું છે. આ ઉપરાંત આરોપીઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા કોલ સેન્ટરોના ટેલીકોલર બાબતે પણ તપાસ ચાલી રહી છે.

અત્યાર સુધીમાં આ કૌભાંડમાં અલ્પેશ ગોપાલભાઈ દોંગા, અક્ષિત અકબરી ઉર્ફે હેપી પટેલ પિયુષ ચંદુભાઈ વિરડીયા, ચંદુ છગનભાઈ વિરડીયા(રહે બધા. રાજકોટ), હિરેન રતિલાલ લુણાગરિયા (રહે સરપદડ) (વચેટીયો), મયુર કાનગઢ ઉર્ફે મયુર આહિર (રહે. વડાળી તા. ચોટીલા), અભય મોલીયા, મનિષાબેન અભયભાઈ મોલિયા, જયેશ રામજીભાઈ ભલાળા(રહે. ત્રણેય રાજકોટ) ની સંડોવણી ખૂલતા તેમને આરોપી બનાવ્યા છે. આગામી દિવસોમાં આ કૌભાંડમાં વધુ કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા સેવાઈ રહી છે.

### ધિરાણ અંગેની પોસ્ટ જે-તે વિસ્તારમાં બુસ્ટ કરાવી શિકાર શોધતો

અલ્પેશ દોંગા અત્યંત ભેજાબાજ હોવાનું સામે આવ્યું છે. તે ખરાબ સિબિલમાં પણ લોન અપાવી દેવાની જાહેરાતો પોતાના સોશિયલ મીડિયા પેજ પર કરતો હતો. ત્યારબાદ તે અલગ અલગ શહેર અને તાલુકાને ટાર્ગેટ કરી તે વિસ્તારના વધુમાં વધુ લોકો સુધી તેની પોસ્ટ પહોંચે તે અર્થે પોસ્ટને બુસ્ટ કરતો હતો અને ત્યારબાદ તે શહેર અને તાલુકાના લોકોને પોતાની જાળમાં ફસાવી જમીન પડાવી લેતો હતો.

અરવલ્લીમાં નશાના નેટવર્ક સામે પોલીસનો જંગ, ૧૦ દિવસમાં સામસામે ફાયરિંગની બીજી ઘટના

# માલપુરમાં બિશ્નોઈ ગેંગ અને LCB વચ્ચે ગોળીબાર, સ્વબચાવમાં કરેલા ફાયરિંગમાં પગમાં ગોળી વાગતા એક આરોપી ઝડપાયો

## ૫૫૦ કિલો પોશડોડા, ૨ પિસ્તોલ અને ૧૧ કારતૂસ મળી ૬૦ લાખનો મુદ્દામાલ કબજે, મંદસોરથી સાંચોર સુધી ગુજરાત બોર્ડર વાપરતી હોવાનો ખુલાસો

**અબતક રાજકોટ**

અરવલ્લી જિલ્લામાં નશાના નેટવર્કને ભરી પીવા પોલીસ જંગ છેડ્યો છે.જેમા જિલ્લામાં ૧૦ દિવસમાં સામસામે ફાયરિંગની બીજી ઘટના સામે આવતાં રાજ્યમાં ચકચાર મચી છે. માલપુર તાલુકાના મોરડુંગરી પાસે ગેરકાયદે પોશડોડાની હેરાફેરી કરતી કથિત બિશ્નોઈ ગેંગના સાગરીતો અને અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાંચ વચ્ચે સામસામે ગોળીબારની ઘટના સામે આવી છે. પોલીસે સ્વબચાવમાં કરેલા ફાયરિંગમાં એક આરોપીના પગમાં ગોળી વાગતાં તેને ઝડપી લેવાયો છે. આ દરમિયાન એલસીબી ના પી.આઈ સહિત ત્રણ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે આશરે ૫૦૦ કિલો પોસ ડોડવા મળી રૂપિયા ૬૦ લાખનો મુદ્દા

### અથડામણમાં પીઆઈ.એમ.એચ. ઝાલા સહિત ૩ જવાન ઈજાગ્રસ્તઃ એસપી મનોહરસિંહ જાડેજા ઘટનાસ્થળે દોડ્યા, વધુ એક આરોપીને ઝડપવા નાકાબંધી

માલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ અરવલ્લી જિલ્લામાં નસીલા પદાર્થની હેરાફેરી અને વેચાણને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ આપેલી સુચના ને પગલે એલસીબીની ટીમ પેટ્રોલિંગ હતું ત્યારે બિશ્નોઈ ગેંગના સાગરીતો દ્વારા પોશડોડાની હેરાફેરી હોવાની મળેલી બાતમીના આધારે માલપુર નજીક આવેલા મોરડુંગરી પાસે એલસીબીએ વોચ ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે નીકળેલી કારને અટકાવવાનો પ્રયાસ કરતા બિશ્નોઈ ગેંગના સાગરીતો દ્વારા પોલીસથી બચવા માટે પોલીસ ટીમ પર બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. જીવના જોખમ વચ્ચે એલસીબી ટીમે સ્વરક્ષણ માટે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. પોલીસની ગોળી આરોપીના પગમાં વાગતાં તે સ્થળ પર જ પકડાઈ ગયો હતો.આ અથડામણમાં એલસીબીના પીઆઈ એમ.એચ. ઝાલા, પીએસઆઇ પી.પી. સોલંકી તેમજ એ.એસ.આઇ કલ્પેશસિંહને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.પોલીસે આરોપી પાસેથી કારમાંથી આશરે ૫૫૦ કિલો પોસ ડોડવા, બે



પિસ્તોલ અને ૧૧ જીવતા કાર્ટિજ મળી ૬૦ લાખનો મુદ્દા માલ કબજે કરી છે.ફાયરિંગની ઘટનાની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. તેમણે સમગ્ર પરિસ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું અને બહાદુરીપૂર્વક કામગીરી કરનાર ઘાયલ પોલીસ કર્મ.ની તબિયત જાણી હતી.અરવલ્લી પોલીસે સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે ડ્રગ્સની હેરાફેરી કરનારા તત્વો સામે કોઈપણ પ્રકારની કચાસ ચલાવી લેવામાં નહીં આવે તેવો ગેરકાયદે વેપલો કરતા શખ્સોને સાનમાં સમજી જવા ચેતવણી આપવા આવી છે.પોલીસે ફરાર આરોપીને પકડી પાડવા સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### નશાના કારોબારમાં બિશ્નોઈ ગેંગ ગુજરાત બોર્ડરનો ઉપયોગ કરતી હોવાનો ઘટ્સ્ફોટ : એલસીબી પીઆઈ એમ.એચ. ઝાલા

**"અબતક" મીડીયા** સાથે વાતચીતમાં એલસીબી પીઆઈ એમ.એચ. ઝાલા જણાવ્યું હતું કે બિશ્નોય ગેંગ દ્વારા મધ્યપ્રદેશના મંદસોર જિલ્લામાંથી નસીલા પદાર્થ જથ્થો ભરી અને રાજસ્થાન સાચોર પંથકમાં ડિલિવરી કરવા માટે ગુજરાત બોર્ડરના રસ્તાઓનો ઉપયોગ કરતા હોવાનો જણાવ્યું હતું જ્યારે નાસી છૂટેલા એક શખ્સને ઝડપી લેવા અને નસીલા પદાર્થના ગેરકાયદે વેપલા ને ડામી દેવા માટે પોલીસ દ્વારા કામગીરી ને ચાલુ રાખવામાં આવશે તેમ જણાવ્યું હતું.ધનસુરા તાલુકાના શિનોલ પાસે એસઓજી પોલીસે પોશડોડા ભરેલી સ્કોર્પિયોનો પીછો કરતા બિશ્નોઈ ગેંગના ૨ આરોપીઓએ પોલીસની ગાડીને ટક્કર મારી પિસ્તોલ તાકી હતી. એસઓજી એ બચાવમાં ૨ રાઉન્ડ ફાયરિંગ કર્યું. ઘટનામાં પી.આઈ અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

# ઉમિયા ચોક નજીકથી રૂ. ૩.૫૧ લાખનો કોપર સ્ક્રેપ ચોરનાર સાત શખ્સોની ટોળકી ઝબ્બે

## ટ્રાન્સપોર્ટરે ઘર નજીક પાર્ક કરેલી યુટીલિટીમાંથી તસ્કરો ૨૬૦ કિલો સ્ક્રેપ ઉઠાવી ગયા'તા

## ચોરાઉ માલ વેંચી રોકડી કરે તે પૂર્વે તાલુકા પોલીસે સગીર સહિતની ટોળકીને ઉઠાવી રૂ.૬.૦૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો : રેઢી ગાડી જોઈ તસ્કરોની દાઢ ડળકી'તી

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા સર્કલ નજીક ટ્રાન્સપોર્ટરે ઘર પાસે કરેલી યુટીલિટી વેનમાંથી રૂ. ૩.૫૧ લાખની કિંમતનો ૨૬૦ કિલો કોપર સ્ક્રેપ ચોરી જનાર સગીર સહીત સાત શખ્સોની ટોળકીને તાલુકા પોલિસની ટીમે દબોચી કોપર સ્ક્રેપ, વાહન સહીત રૂ. ૬.૦૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક નજીક હિમાલય સોસાયટી શેરી નં.-૨ માં રહેતા ૩૪ વર્ષીય ટ્રાન્સપોર્ટર નીકુલભાઈ ખોડાભાઈ જેઠાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૨/૦૯/૨૦૨૬ રાત્રીના આશરે સવા નવ વાગ્યે ફરિયાદીનો ડ્રાઈવર અસલમ બડા દોસ્ત ગાડી જેમાં કોપર સ્ક્રેપ ભર્યો હોય તે ઘર પાસે ગાડી પાર્ક કરી ગયો હતો. બાદમાં તા. ૨૩/૦૯/૨૦૨૬ ના સવારના કોપર સ્ક્રેપ ભરેલી ગાડી જોવા જતાં બડા દોસ્ત ગાડીમાં ભરેલ ૨૬૦ કિલો કોપર સ્ક્રેપનો માલ મળી આવેલ નહિ. જેથી રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો રૂ. ૩.૫૧ લાખની કિંમતનો ૨૬૦ કિલો કોપર સ્ક્રેપ ચોરી જતાં ટ્રાન્સપોર્ટરે તાલુકા પોલીસ મથકે



ફરિયાદ નોંધાવી હતી.

ચોરીની આ ઘટનાને લઈ તાલુકા પોલીસ મથકના પીઆઇ એસ.આર.મેઘાણીની રાહબરીમાં પીએસાઈ બી.આર.ભરવાડ તથા ટીમ તપાસમાં લાગી હતી. દરમિયાન કોન્સ. જયપાલસિંહ સરવૈયા, બળભદ્રસિંહ જાડેજા, મુકેશભાઈ ડાંગર, કરણભાઈ જાદવને એવી બાતમી મળી હતી કે, શંકાસ્પદ શખસો કોપર સ્ક્રેપ સાથે પરસાણા ચોક કણકોટ રોડ વૃપી વર્લ્ડ હોટલની સામે આવેલા મેદાનમાં એક રીક્ષા અને ત્રણ વાહન સાથે ઉભા છે. જેથી ટીમ તાકીદે અહીં પહોંચી હતી અને સ્ક્રેપ સાથે સગીર સહિત સાત શખસોને ઝડપી લીધા હતાં. જેમાં અફઝલ નાસીરભાઈ શેખ, અશરફ ઉર્ફે ભુરો નાસીરભાઈ શેખ(રહે. બંન્ને જિલ્લા ગાર્ડન, બાપુનગર સ્લમ કવાર્ટર), શકીલ સતારભાઇ સપ્પા(રહે. દેવપરા મેઈન રોડ), હમજા રફીકભાઈ સૈયદ(રહે. આજી જીઆઈડીસી રોડ), અનસ મન્નાખાન શેખ(રહે. જંગલેશ્વર એકતા કોલોની), કરણ અરવિંદભાઈ હુંબલ(રહે. દેવપરા, ભવાની ચોક) અને સગીરનો સમાવેશ થાય છે. પોલીસે આ ટોળકી પાસેથી રૂ.૩.૫૧ લાખનો કોપર સ્ક્રેપ, રીક્ષા, ત્રણ મોપેડ સહિત રૂ.૬.૦૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ શખસોની પુછતાછ કરતા તેઓ મિત્ર હોય અને સ્ક્રેપ ભરેલી ગાડી રેઢી જોતા ચોરી કરી હતી. ચોરીનો માલ વેચે તે પૂર્વે પોલીસે ઝડપી લીધા હતાં.

ઝડપાયેલા શખસોમાં અફઝલ સામે દારૂ, અશરફ સામ મારામારી, હમજા સામે આર્મ્સ એક્ટ, જુગાર અને મારામારીના ગુના નોંધાઈ ચૂકયા છે. આ કામગીરીમાં તાલુકા પોલીસ મથકના એઅસઆઇ ક્રિપાલસિંહ ઝાલા, હેડ કોન્સ. કૌશેન્દ્રસિંહ ઝાલા, અજયભાઈ ભુંડીયા, બ્રિજરાજસિંહ ગોહિલ, અક્ષયભાઈ નાથાણી, કોન્સ. વનરાજભાઈ લાવડીયા, ઉગાભાઈ બાળા અને કુલદિપસિંહ જાડેજા સાથે રહ્યા હતાં.

# આરટીઓ કચેરી નજીક ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતો ઘોડા ડોક્ટર ઝડપાયો

## ૧૨ વર્ષ સુધી ઈનએનટી તરીકે કામ કર્યા બાદ અંકુર મહેતાએ ત્રણ માસથી પોતાનું ક્લિનિક ખોલી પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા કરવાનું શરૂ કર્યું'તું : એસઓજીએ દબોચ્યો

**અબતક, રાજકોટ**

શહેરની આરટીઓ કચેરી નજીક મેડિકલ ડિગ્રી વિના પ્રેક્ટિસ કરતો બોગસ તબીબ ઝડપાયો હતો. ૧૨ વર્ષ સુધી ઈએનટી તરીકે નોકરી કર્યા બાદ મૂળ અંજારના અંકુર મહેતા નામના શખ્સે ત્રણ માસથી પોતાનું ક્લિનિક ખોલી પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા કરવાનું શરૂ કર્યો હતો. એસઓજી ટીમે દરોડો પાડી બોગસ તબીબને ઝડપી રૂ.૨૮,૪૦૪ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જાણવા મળતી વિગતો મુજબ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા શહેરમાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા નકલી ડોક્ટરને ઝડપી લેવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ એસઓજી પીઆઇ એન.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ




પીએસઆઇ એમ.વી.જાડેજા તથા ટીમ તપાસમાં હતી. દરમિયાન હેડ કોન્સ. ઉપેન્દ્રસિંહ ઝાલા, જયદિપસિંહ ચૌહાણ, કોન્સ. યશપાલસિંહ ઝાલાને એવી બાતમી મળી હતી કે, આરટીઓ કચેરી પાછળ ઉંચા પાણીના ટાંકીની બાજુમાં વીર હનુમાન ચોક ખાતે ડો. ઈમરજન્સી ડો.અંકુર મહેતા સર્જીકલ એન્ડ મેડિકલ નામની કલિનિક ચલાવી રહ્યો છે અને તેની પાસે કોઈ માન્ય ડિગ્રી નથી. જેથી એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો.

અહીં પોતાને તબીબ તરીકે ઓળખાવનાર શખસ પાસે પોલીસે ડિગ્રી માંગતા તેની પાસે કોઈ ડિગ્રી ન હોવાનું માલુમ પડ્યું હતું. જેથી અંકુર શરદકુમાર મહેતા (ઉં.વ.૩૬રહે. હાલ લક્ષ્મણ ટાઉનશીપ નાના મવા રોડ રાજકોટ) ની અટક કરી હતી. પોલીસે ક્લિનિકમાંથી દવાઓ અને મેડિકલ સાધનો મળી કુલ રૂ. ૨૮,૪૦૪ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૂળ અંજારનો અને હાલ રાજકોટમાં રહેતો અંકુરે ધો. ૧૨ સાયન્સનો અભ્યાસ કર્યો છે. અગાઉ ૧૦૮ ઈમરજન્સી સેવામાં આશરે ૧૨ વર્ષ સુધી ઈએમટી તરીકે નોકરી કરી ચૂક્યો છે. અંજારમાં લોકો તેને ઓળખતા હોવાથી તેણે આર્થિક ફાયદા માટે રાજકોટમાં પોતાના મામાના ઘરે છેલ્લા ત્રણેક માસથી ડો. ઈમરજન્સી, ડો. અંકુર મહેતા સર્જિકલ એન્ડ મેડિકલ નામે ક્લિનિક શરૂ કરી દીધું હતું. હાલ પોલીસે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મેડિકલ પ્રેક્ટિસનર એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભક્તિનગર સ્ટેશન નજીક પાટા પરથી કપાયેલી હાલતમાં વૃધ્ધનો મૃતદેહ મળ્યો

## રેલવે પોલીસે ઘટના સ્થળે દોડી પહોંચી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડીયોઃ પરિવારમાં કલ્પાંત

**અબતક , રાજકોટ**

શહેરના ભક્તિનગર સ્ટેશન પ્લોટ નજીકથી રેલવે પાટા પરથી કપાઈ ગયેલી હાલતમાં ૬૮ વર્ષીય વૃધ્ધનો મૃતદેહ મળતા ભક્તિનગર રેલ્વે પોલીસની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકે રાજકોટની પંચરત્ન સોસાયટી રહેતા હોવાની માહિતી મળી છે આપઘાત કર્યો કે અન્ય કોઈ કારણ તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતા જનક

### રાજકોટ પોરબંદર ટ્રેન નીચે આપઘાત કે કોઈ અકસ્માત અંગે પોલીસે તપાસ આદરી

રીતે વધી રહ્યા છે ત્યારે શહેરના પંચરત્ન સોસાયટીમાં રહેતા વાઘેલા નરેન્દ્રભાઈ મોહનભાઈ ઉંમર વર્ષ ૬૮ વર્ષીય વૃધ્ધનો ગઈ કાલે સાંજે ભક્તિનગર રેલ્વે સ્ટેશન નજીક રેલવેના પાટા પાસે કપાયેલ હાલત મૃતદેહ જાણ ભક્તિનગર પોલીસને થતા પોલીસની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક રાજકોટ પોરબંદર ટ્રેન નીચે કે આપઘાત કર્યો કે ટ્રેનમાં કોઈ અકસ્માત, કે પડી ગયેલ છે કેમ તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે મૃતકને માનસિક તકલીફ હોવાનું પરિવારે જણાવયુ હતુ મૃતકના ૩ પુત્રએ પરિવારના મોભીનું અચાનક અવસાન થતા વિયોગમાં સરી પડ્યા હતા અને ગમગીની છવાઈ હતી આ અંગે ભક્તિનગર રેલ્વે આઉટ પોસ્ટ પોલીસે સ્ટેશનના એએસઆઈ ઘનશ્યામભાઈ વધુ તપાસ ચાલવી રહ્યા છે

# ગુજરાતના સમાન નાગરિક સંહિતા બિલ પર રાષ્ટ્રપતિએ સ્વીકૃતિની મોહર મારી

## ગેઝેટ નોટિફિકેશન સાથે જ રાજ્યમાં કાયદો અમલીઃ લગ્ન, વારસાહક અને લિવ-ઈન સંબંધોમાં તમામ ધર્મો માટે એકસમાન કાયદાકીય જોગવાઈઓ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં ૨૪ માર્ચ ૨૦૨૬ ના રોજ પસાર કરવામાં આવેલા સમાન નાગરિક સંહિતા (યુસીસી) બિલને ભારતના રાષ્ટ્રપતિ તરફથી આખરી મંજૂરી મળી ગઈ છે. રાષ્ટ્રપતિની સંમતિ મળતા જ રાજ્ય સરકાર દ્વારા આ અંગેનું સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન પણ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ સાથે જ ઉત્તરાખંડ બાદ સમાન નાગરિક સંહિતા લાગુ કરનારું ગુજરાત દેશનું બીજું રાજ્ય બની ગયું છે. આ નવો કાયદો અમલી બનતાં જ હવે રાજ્યના તમામ ધર્મના નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, સંપત્તિમાં વારસાહક અને લિવ-ઈન રિલેશનશિપ સંબંધિત કાયદાઓ એકસમાન બની રહેશે.

નવા કાયદા હેઠળ રાજ્યમાં દીકરીઓ અને મહિલાઓને સંપત્તિ તથા વારસાઈ હકમાં પુરુષોની સમકક્ષ સમાન અધિકાર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, બહુપત્નીત્વ એટલે કે એકથી વધુ લગ્ન કરવા પર પૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમજ તમામ ધર્મ અને સમુદાયો માટે લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. જોકે, રાજ્યના આદિવાસી સમુદાયોની



આગવી પરંપરા, કાનૂની સંરક્ષણ અને સાંસ્કૃતિક ઓળખને જાળવી રાખવા માટે તેમને આ કાયદાના દાયરામાંથી સંપૂર્ણપણે બહાર રાખવામાં આવ્યા છે.

આ ઉપરાંત, કાયદામાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલો માટે પણ ચોક્કસ નિયમો લાદવામાં આવ્યા છે. લિવ-ઈનમાં રહેતા ભાગીદારોએ સ્થાનિક સ્તરે તેનું કાનૂની રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય રહેશે, અને જો નોંધણી વગર લિવ-ઈનમાં રહેવામાં આવશે તો દંડ અથવા જેલની સજાની જોગવાઈ રાખવામાં આવી છે. સંબંધનો અંત આણવા માટે પણ વિધિવત જાણ કરવી પડશે.

કાયદાકીય જોગવાઈઓની વાત કરીએ તો, સમાન નાગરિક સંહિતા અમલી બનવાથી ભૂતકાળના જુદા જુદા ધાર્મિક પર્સનલ લો રદ થઈ જશે, જેના કારણે અદાલતી કાર્યવાહી વધુ સરળ અને ઝડપી બનશે. આ કાયદાથી તમામ નાગરિકોને ધર્મ કે પંથના ભેદભાવ વિના સમાન ન્યાય મળશે. ખાસ કરીને ભરણપોષણ અને બાળ દત્તક લેવાની પ્રક્રિયામાં પણ તમામ ધર્મો માટે પારદર્શક અને એકસમાન નિયમો લાગુ થશે, જેથી સામાજિક ન્યાયની દિશામાં આ કાયદો અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ હવે આ ઐતિહાસિક કાયદો સમગ્ર રાજ્યમાં અમલી બની જતાં સામાજિક અને કાનૂની ક્ષેત્રે મોટો બદલાવ આવશે.

# વાવડીના શક્તિ સોસાયટીમાં અગમ્ય કારણોસર યુવકનો ફાંસો ખાઈ આપઘાત

## માતા પિતાનું એકનો એક પુત્ર ગુમાવતા હૈયાફાટ રૂદનઃ પોલીસ વધુ તપાસ ધરી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર નજીક વાવડીમાં શક્તિ સોસાયટી માં રહેતા ૨૨ યુવકે ગઈ કાલે પોતાનાં ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર પહેલા તબીબે યુવક મૃત જાહેર કર્યો હતો ઘટનાંની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે વાવડીના શકિત સોસાયટીમાં રહેતા યોગેશભાઈ વિજયભાઈ નાનાણી ઉંમર વર્ષ ૨૨ વર્ષીય યુવક ગઈકાલે તેના ઘરે હતો ત્યારે ૫ વાગ્યે આસપાસ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા યુવકે દમ તોડતા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે માત પિતાના એકનો એક અપરણિત પુત્ર ગુમાવતા પરિવારમાં અહીંયા દ્રશ્યો સર્જાયા હતા અને મૃતક કારખાનામાં શ્રમિક કામ કરતો હોય અને હજુ સુધી આપઘાતનું કારણ અકબંધ છે આ અંગે તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ અજાગિયાએ વધુ તપાસ હાથ ધરી છે

# લુખ્ખા તત્વો બેફામઃ સીપી ઓફિસની બાજુમાં જ બાઈક પર સ્ટન્ટ કરી પોલીસને પડકાર ફેંક્યો

## સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોને પગલે પ્ર.નગર પોલીસે બેલડી વિરુદ્ધ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં લુખ્ખા તત્વો બેખૌફ બન્યા હોય તેવા એક પછી એક બનાવો સામે આવી રહ્યા છે. હજુ એક દિવસ પૂર્વે જ સીપી ઓફિસથી ફક્ત ૧૦૦ મીટરના અંતરે જ બે શખ્સોએ છરી હાથમા રાખી મારામારી કરી હતી. દરમિયાન રાહદારીઓએ વચ્ચે પડી બંનેને છોડાવતા લોહીયાળ ઘટના અટકી હતી. જે બાદ હવે સીપી ઓફિસથી તદ્દન બાજુમાં રેસકોર્સ રીંગ રોડ પર બે શખ્સોએ બાઈક પર સ્ટન્ટ કરી વિડીયો સોશિયલ મીડિયા પોસ્ટ કરી પોલીસને પડકાર ફેંક્યો હતો. જે વાયરલ વીડિયોના આધારે પ્ર.નગર પોલીસે તાત્કાલિક બંને શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્ર.નગર પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ પ્રતાપભાઈ અરજણભાઈ વદરએ બનાવ અંગે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મે સોશિયલ મીડિયામાં એક વાયરલ વિડીયો જોયેલ હતો. જેમા એક મોટરસાઈકમા ડબલ સવારીમા બે વ્યકતીઓ રેશકોર્ષ રીંગ રોડ પર બહુમાળી ભવન ચોક પાસે ચાલુ



બાઈકમા જોખમી સ્ટંટ કરતા હતા. વીડીયોમા રહેલ મોટર સાઈકલ ના રજી. નંબર જીજે-૦૩-સીએચ-૭૪૫૩ જોવા મળેલ હતા. જેથી વાહન નંબરના આધારે તપાસ હાથ ધરતા સ્ટન્ટ કરતી વેળાએ વાહન ચલાવતા શખ્સનું નામ આદીલ સકીલઅહેમદ ઈદ્રીસી (ઉ.વ.૨૨ રહે. હાલ ભીસ્તીવાડ મસ્જીદ પાછળ, રાજકોટ) તથા બાઈકની પાછળ બેસેલ શખ્સનું નામ મુસય્યદ મુશાહીદ હુશેન રઝા (ઉ.વ.૨૪ રહે. હાલ ભીસ્તીવાડ, મસ્જીદ પાછળ, રાજકોટ) હોવાનું જાણવા મળ્યુ હતું.

જેથી પોલીસે બંને શખ્સોની પૂછપરછ કરતા તેમણે ગત તા.૨૯/૦૯/૨૦૨૬ ના રાત્રીના દસ વાગ્યે રેસકોર્સ રીંગ રોડ પર બહુમાળી ભવન ચોક નજીક જીજે-૦૩-સીએચ-૭૪૫૩ નંબરના મોટરસાયકલ પર સ્ટન્ટ કર્યાની કબૂલાત આપી હતી. જેથી પૂરપાટ ઝડપે બેફિકરીથી વાહન ચલાવી પોતાની અને અન્ય લોકોના જીવનું જોખમ ઉભું કરનાર બંને શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# થોરાળાની ક્રિષ્ના પાર્ક સોસાયટીના મકાનમાંથી રૂ. ૧.૨૯ લાખનો દારૂ ઝડપાયો

## પીસીબી ટીમે દરોડો પાડી ૩૮૪ બોટલ શરાબ સાથે બુટલેગર હસમુખ સિંધવને દબોચ્યો : કાલાવડ રોડ પરથી ૪૮ બોટલ દારૂ સાથે અમાન પરમાર પકડાયો

**અબતક, રાજકોટ**

શહેરના નવા થોરાળા વિસ્તારમાં ક્રિષ્ના પાર્ક પાસે રહેતા શખસના મકાનમાં પીસીબીની ટીમે દરોડો પાડી અહીંથી રૂપિયા ૧.૨૯ લાખની કિંમતનો ૩૮૪ બોટલ દારૂનો જથ્થો કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ ટીમ



પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી બાતમીના આધારે નવા થોરાળા વિસ્તારમાં ક્રિષ્ના પાર્ક શેરી નંબર ૨ માં રહેતા હસમુખ ઉર્ફે હસુના મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે અહીં તપાસ કરતા મકાનમાંથી રૂ.૧,૨૯,૭૯૨ ની કિંમતનો ૩૮૪ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે હસમુખ ઉર્ફે હસુ રવજીભાઈ સિંધવ (ઉ.વ.૩૪) ની ધરપકડ કરી હતી.દારૂના અન્ય દરોડામાં તાલુકા પોલીસ મથકના સ્ટાફે કાલાવડ રોડ સોલીટાયર બિલ્ડીંગની સામેથી એકટીવા લઈ જઈ રહેલા શખસને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. બાદમાં પોલીસે એકટીવામાં તપાસ કરતા અંદરથી ૪૮ બોટલ દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે એકટીવાચાલક અમન ઝાકીરભાઈ પરમાર (ઉ.વ.૨૪ રહે. કેવલમ આવાસ, પુષ્કરધામ મેઈન રોડ,રાજકોટ, મૂળ ધાંગધ્રા) ની ધરપકડ કરી દારૂનો જથ્થો અને એકટીવા સહિત ૪૬,૭૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# બસ સ્ટેન્ડ પાસે કુંજ ગેસ્ટ હાઉસમાં યુવકે ઉંદર મારવાની દવા પી કર્યો આપઘાતનો પ્રયાસ

## પત્ની સાથે ઝઘડોમાં મનમાં લાગી આવતા પગલું ભર્યુંઃ. પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

શહેરના બસ સ્ટેન્ડ પાસે કુંજ ગેસ્ટ હાઉસમાં નોકરી કરતા યુવકે પત્ની સાથે ઝઘડો થતા મનમાં લાગી આવતા ઉંદર મારવાની દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી છે

આ અંગે મળતી માહિતી મુજબ કણકોટ ગામે રહેતા અને બસ સ્ટેન્ડની પાસે કુજ ગેસ્ટ હાઉસમાં નોકરી કરતા સંજયભાઈ મકવાણા ઉંમર વર્ષ ૩૬ વર્ષે યુવક ગાત રાત્રે ૧૨:૦૦ વાગ્યા આસપાસ પોતે કુંજ ગેસ્ટ હાઉસમાં હતો ત્યારે પત્ની સાથે ફોનમાં ઝઘડો થતાં અને પત્ની ફોન ન ઉપાડતા આવેશમાં આવીને યુવકે ઉંદર મારવાની દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ હતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે યુવકને થોડાક સમયથી પત્ની સાથે ઝઘડો ચાલતો હોય અને કંટાળીને પગલું ભર્યુ હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# કોઠારીયા ચોકડી નજીક સુખરામનગરમાં યુવકે જાતે તલવાર પેટમાં ભોંકી કર્યો આપઘાત

## એમબીબીએસમાં સેકન્ડનિયર માં કેટી આવતા મેન્ટલી ડિસ્ટપ થતા જીવન ટુંકાવ્યું હોવાનું પ્રાથમિક તારણ

**અબતક રાજકોટ**

શહેરના કોઠારીયા ચોકડી નજીક સુખરામ નગરમાં રહેતા ૨૬ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર પોતાના ઘરે મધમા રહે તલવાર પોતાની જાતે પેટમાં ઘુસાડી આપઘાત કરી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા જ યુવકે દમ તોડ્યો હતો ઘટનાની જાણ હતા ભકિતનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે પોલીસ તપાસ મુજબ મૃતક પોતે મેન્ટલી ડિસ્ટપ થયેલ હોવાથી આપઘાત કર્યો હોવાનુ પોલીસની પ્રાથમિક તપાસ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે કોઠારીયા ચોકડી નજીક સુખરામનગરમાં ચારણની વાડી પાસે રહેતા ધર્મેશભાઈ હરીશભાઈ વિરડા ઉંમર વર્ષ ૨૬ વર્ષીય યુવકે ગઈકાલ સાંજે પોતાના ઘરે હતા ત્યારે માતાજીના મંદિરમાં રાખેલ તલવાર પોતાની જાતે પેટમાં ઘુસાળી આપઘાત કરી લેતા તાત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલા જ તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ હતા ભકિતનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક યુવાન અંદાજે વર્ષ ૨૦૨૨ એમબીબીએસમાં સેકન્ડ વર્ષમાં અભ્યાસ કરતો અને કેટી આવતા પોતે મેન્ટલી ડિસ્ટપ થયો હતો જેથી આપઘાત કર્યો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે મૃતક અપરણિત હતા અને માતા-પિતાના એકના એક પુત્રના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગ ભકિતનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ વાડોતરિયાએ વધુ તપાસ હાથ ધરી છે

# દારૂના ગુનામાં ફરાર પાટણનો બુટલેગર માધાપર ચોકડી પાસેથી ઝડપાયો

**અબતક, રાજકોટ**

ડીસીબી પોલીસ સ્ટેશનના દારૂના ગુનાના ગુનામાં ફરાર પાટણના બુટલેગરને પેરોલ ફર્લો સ્કોડની ટીમે માધાપર ચોકડી નજીકથી દબોચી લીધો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા દ્વારા રાજકોટ શહેર તેમજ રાજ્યભરના પેરોલ જમ્પ અને નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ પી એન પઢીયારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ બી ઘાસુરાની ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન ટીમને હ્યુમન સોર્સ અને ટેકનીકલ એનાલિસિસમાંથી મળેલી માહિતીમાં આધારે ડીસીબી પોલીસ મથકમાં નોંધાયેલ દારૂના ગુનામાં ફરાર આરોપી નરેન્દ્રસિંહ ધનશ્યામસિંહ જાડેજા(ઉવ ૨૬ રહે. મોમાઈનગર, સાંતલપુર, પાટણ)ની રાજકોટના માધાપર ચોકડી પાસેથી ધરપકડ કરી વધુ કાર્યવાહી અર્થે ડીસીબી પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડના એએસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, જયેશભાઈ ચોસલા, કોન્સ્ટેબલ અમિનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મૂળિયા, યોગેશભાઈ આદરોજા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર ભાયલા બ્રિજ પાસે ખાનગી બસ અગનગોળો બનતા અફરાતફરી

## ૧૧૨ની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી તમામ મુસાફરોનો આબાદ બચાવ કર્યો : ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો, મોટી જાનહાની ટળી

**અબતક, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર ભાયલા બ્રિજ પાસે ખાનગી લક્ઝરી બસમાં અચાનક ભીષણ આગ લાગી હતી. ૧૧૨ની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરતા બસમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ટ્રાફિક ડાયવર્ટ કરીને સ્થિતિ થાળે પાડવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલા ભાયલા બ્રિજ ઉપર આજે એક ખાનગી લક્ઝરી બસમાં અચાનક ભીષણ આગ



ભભકી ઉઠતાં રોડ પર અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ઘટનાની જાણ થતાં જ ૧૧૨ ની ટીમે દર્શાવેલી ત્વરિત કામગીરીને કારણે બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો છે.બ્રિજ પર લક્ઝરી બસમાંથી આગના જ્વાળામુખી જેવા ગોટા નીકળતા જોઈને ઘટનાસ્થળ નજીક કેરાળા બ્રિજ પર તહેનાત ૧૧૨ ની પીસીઆર-૧ ટીમ તુરંત જ હરકતમાં આવી ગઈ હતી. પોલીસ ટીમે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના સ્થળ પર પહોંચીને સૌથી પહેલાં બસમાંથી મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવાની કવાયત હાથ ધરી હતી અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી.સ્થિતિની ગંભીરતાને જોઈને ૧૧૨ ની ટીમે તાત્કાલિક 'એલબી ટેક્સ'ની ફાયર ફાઈટર ટીમને કોલ કરીને સ્થળ પર બોલાવી લીધી હતી. ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. હાઈવે પર ટ્રાફિક જામ ના સર્જાય અને અન્ય વાહનચાલકો સુરક્ષિત રહે તે માટે પોલીસે તાત્કાલિક ટ્રાફિક ડાયવર્ટ કરીને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. સમયસર મળેલી મદદના કારણે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી અને મોટી હોનારત ટળી ગઈ છે.

# ગાંધીજી અને શાસ્ત્રીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા પદાધિકારીઓ





**અબતક રાજકોટ**

રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીની ૧૫૭-મી જન્મજયંતિ પ્રસંગે જયુબિલી ગાર્ડન ખાતે આવેલ તેઓની પ્રતિમા અને શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીની ૧૨૨-મી જન્મજયંતિ પ્રસંગે તેઓની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.

આ તકે મેયર ડો.નેહલ શુક્લ, રાજ્ય સરકારના મંત્રી પ્રફુલભાઈ પાનસૂરિયા,સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય ભાનુબેન બાબરિયા, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતા શાહ, શહેર ભાજપ અધ્યક્ષ ડો.માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટ અને કોર્પોરેટર, સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# નાના મવામાં યુવકે ગળેફાંસો ખાઈ કર્યો આપઘાતનો પ્રયાસ

## પિતાએ કામ ધંધા બાબતે ઠપકો આપતા પગલું ભર્યુ હોવાની પ્રાથમિક તારણઃ સારવાર હેઠળ, પોલીસે વધુ તપાસ આદરી

**અબતક રાજકોટ**

શહેરના નાના મોવા રહેતા ૩૫ વર્ષીય યુવાન પોતાની ઘરે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતા માલવિયાનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી આ અંગે યુવક ને પિતા કામ ધંધા બાબતે ઠપકો આપતા આપઘાત કર્યા નું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે શહેરમાં નાના મોવા ચામુંડા નગરમાં રહેતા હિમાંશુભાઈ મધુભાઈ સોલંકી ઉંમર વર્ષ ૩૫ વર્ષીય યુવક ગઈકાલ સાંજે ૦૭:૦૦ વાગ્યે આઠ પાસ પોતાના ઘરે હતો ત્યારે ગળેફાંસો ખાઈ આપઘાત નો પ્રયાસ કરતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે હાલ સારવાર હેઠળ છે ઘટનાની જાણ થતા માલવીયા નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે પિતાએ યુવકને કામ ધંધા બાબતે ઠપકો આપતા પગલું ભર્યું હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# સ્પોર્ટ્સ અબતક

# એશિયન ગેમ્સ: ભારતીય મહિલા તીરંદાજોએ રચ્યો ઈતિહાસ,સાઉથ કોરિયાને હરાવી ગોલ્ડ મેડલ જીત્યો

## કુમકુમ મોહોદ, કીર્તિ અને અંકિતા ભકતની ત્રિપુટીએ દબાણભરી ફાઈનલમાં શાનદાર રમત બતાવી અને વર્ષોથી આ ઈવેન્ટમાં દબદબો ધરાવતી કોરિયન ટીમને ચોંકાવી દીધી

**અબતક, રાજકોટ**

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય મહિલા આર્ચરી ટીમે શાનદાર પ્રદર્શન કરીને ઐતિહાસિક ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. મહિલા રિકર્વ ટીમ ઈવેન્ટની ફાઈનલમાં ભારતે મજબૂત સાઉથ કોરિયાની ટીમને હરાવી મોટી સિદ્ધિ મેળવી. કુમકુમ મોહોદ, કીર્તિ અને અંકિતા ભકતની ત્રિપુટીએ દબાણભરી ફાઈનલમાં શાનદાર રમત બતાવી અને વર્ષોથી આ ઈવેન્ટમાં દબદબો ધરાવતી કોરિયન ટીમને ચોંકાવી દીધી.

ખાસ વાત એ છે કે ભારતીય મહિલા ટીમ પહેલી વખત આ ઈવેન્ટની ફાઈનલમાં પહોંચી હતી અને પોતાના પ્રથમ જ ફાઈનલ પ્રવેશને ગોલ્ડ મેડલમાં ફેરવી દીધો. આ જીત માત્ર ભારતના મેડલ ટેલી માટે જ મહત્વપૂર્ણ નથી, પરંતુ મહિલા આર્ચરીના ઈતિહાસમાં પણ એક યાદગાર ક્ષણ બની છે.

આઈચી-નાગોયામાં ચાલી રહેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ના ૧૩મા દિવસે ભારત માટે મહિલા આર્ચરીમાં ઐતિહાસિક સફળતાની શરૂઆત સેમિફાઈનલથી થઈ, જ્યાં ભારતીય મહિલા રિકર્વ ટીમે ચીન સામે શાનદાર પ્રદર્શન કર્યું. ટીમ ઈન્ડિયાએ સમગ્ર મુકાબલા દરમિયાન દબદબો જાળવી રાખતાં ચીનને ૫-૧ના એકતરફી સ્કોરથી પરાજય આપ્યો અને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. મહિલા રિકર્વ ટીમ ઈવેન્ટના ઈતિહાસમાં આ પ્રથમ વખત હતું જ્યારે ભારતે ફાઈનલ સુધીનો સફર પૂર્ણ કર્યો. આ પહેલા આ ઈવેન્ટમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન વર્ષ ૨૦૧૦માં નોંધાયું હતું, જ્યારે ભારતીય ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ જીત સાથે ભારતીય તીરંદાજોએ જૂનો રેકોર્ડ પાછળ છોડીને નવી ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી.



ભારતીય મહિલા તીરંદાજી ટીમે ચીનને હરાવીને રિકર્વ ઈવેન્ટના ગોલ્ડ મેડલ મેચમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. આગળ, તેમનો સામનો દક્ષિણ કોરિયા સાથે થયો, જે આ ઈવેન્ટમાં વિશ્વની શ્રેષ્ઠ ટીમ છે.

ટીમ ઈન્ડિયા માટે આ મેચ સરળ નહોતી, પરંતુ કુમકુમ, કીર્તિ અને અંકિતાએ પોતાનું સંયમ જાળવી રાખ્યું અને દક્ષિણ કોરિયન ટીમને પહેલા બે સેટમાં સખત લડાઈ આપી, જેના પરિણામે નજીકનો ડ્રો થયો. પહેલો સેટ ૫૪-૫૪ ડ્રો પર સમાપ્ત થયો, જ્યારે બીજો ૫૬-૫૬ ડ્રો પર સમાપ્ત થયો.

ત્રીજો સેટ ભારતીય ટીમ માટે નિર્ણાયક સાબિત થયો, કારણ કે તેઓએ વિશ્વ ચેમ્પિયન કાંગ ચાયેયોંગ, ઓહ યેજિન અને લી યુનજીની દક્ષિણ કોરિયન ત્રિપુટીના નબળા પ્રદર્શનનો લાભ ઉઠાવ્યો, તેમને ૫૫-૫૨ થી હરાવીને ૪-૨ ની લીડ મેળવી. બધાની નજર ચોથા સેટ પર હતી, જ્યાં દક્ષિણ કોરિયાએ ૫૪ પોઈન્ટ બનાવ્યા. ભારતીય મહિલા રિકર્વ ટીમને ગોલ્ડ મેડલ જીતવા માટે સેટ ડ્રોમાં પૂર્ણ કરવો પડ્યો અથવા સંપૂર્ણ જીત મેળવવી પડી. ભારતીય ટીમે ડ્રોમાં સેટ જીતીને ૫-૩ના માર્જિનથી મેચ જીતી લીધી. પહેલી વાર મહિલા ટીમે રિકર્વ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.ગેમ્સના ૧૩મા દિવસે ભારત મેડલ ટેલીમાં ૭મા સ્થાને છે. તેના ખાતામાં ૬૭ મેડલ છે. જેમાં ૧૧ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૩૩ બ્રોન્ઝ સામેલ છે.

### ૧૨ ગોલ્ડ, ૨૪ સિલ્વર અને ૩૪ બ્રોન્ઝ સાથે ભારત મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને પહોંચ્યું

એશિયન ગેમ્સના ૧૩મા દિવસે ભારત મેડલ ટેલીમાં ૬મા સ્થાને છે. તેના ખાતામાં ૭૦ મેડલ છે. જેમાં ૧૨ ગોલ્ડ, ૨૪ સિલ્વર અને ૩૪ બ્રોન્ઝ સામેલ છે.

# ધીરજ અને કુમકુમે સિલ્વર જીતી રચ્યો ઈતિહાસ, મિક્સ્ડ રિકર્વ ઈવેન્ટમાં ભારતનો પ્રથમ મેડલ



એશિયન ગેમ્સમાં ૧૩મા દિવસે ભારતે શાનદાર શરૂઆત કરી. દક્ષિણ કોરિયાને હરાવીને રિકર્વ ઈવેન્ટમાં અંકિતા ભકત, કીર્તિ શર્મા અને કુમકુમ મોહોદે ફાઈનલમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. ભારતની મહિલા રિકર્વ ટીમે એશિયન ગેમ્સમાં પહેલો ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. જેના બાદ થોડા જ સમયમાં ભારતના ખાતામાં વધુ એક મેડલ આવ્યો. મિક્સ્ડ રિકર્વ તીરંદાજી ઈવેન્ટમાં ભારતીય જોડીએ સિલ્વર જીત્યો. મિક્સ્ડ રિકર્વ ઈવેન્ટમાં આ ભારતનો પહેલો મેડલ છે.મિક્સ્ડ રિકર્વ તીરંદાજી ઈવેન્ટમાં, ભારતની કુમકુમ-ધીરજ જોડી ચાર સેટ પછી ગોલ્ડ મેડલ મેચમાં ચીન સામે ૫-૩થી હારી ગઈ અને તેમને સિલ્વર મેડલ મળ્યો. આ રિકર્વ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ માટે ભારત અને ચીન વચ્ચે રસાકસી રહી. કુમકુમ અને ધીરજની ભારતીય જોડી બીજા સેટ પછી ૪-૦ થી પાછળ હતી. પરંતુ ત્યારબાદ કુમકુમ અને ધીરજની જોડીએ ત્રીજા સેટમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું. અંતે ભારતે ૩૭ પોઈન્ટ મેળવ્યા, જયારે ચીનના ખેલાડીઓએ સારું પ્રદર્શન કરતા ૯ પોઈન્ટ મેળવ્યા હતા. જેના બાદ, લી મેંગકીએ નિર્ણાયક ૧૦ પોઈન્ટ હાંસલ કરીને ચીન માટે ગોલ્ડ મેડલ નિશ્ચિત કર્યો. મિક્સ્ડ રિકર્વ તીરંદાજીમાં ચીને ફાઈનલ ૬-૨થી જીતી લીધી અને ભારતને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો.

# દિગ્ગજ બોક્સર લવલીનાએ ગોલ્ડ મેડલ જીત્યો

## લવલીનાએ ઈતિહાસ રચતા દિગ્ગજ એમ.સી. મેરી કોમ બાદ એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારી માત્ર બીજી ભારતીય મહિલા બોક્સર બની

ભારતની દિગ્ગજ બોક્સર, લવલીના બોર્ગોહેને ગોલ્ડ મેડલ જીત્યો છે. તેણીએ મહિલા ૭૫ કિગ્રા વર્ગમાં ચીની બોક્સર જિયાયી બાઓને સર્વાનુમતે ૫-૦ થી હરાવી હતી. બાઓએ ફાઈનલમાં ગંદી રમત રમી હતી. જોકે, લવલીનાએ તેના શિસ્તથી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા અને ફાઈનલ જીતી. મહિલા બોક્સિંગમાં આ ભારતનો બીજો એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ છે. આ પહેલા, મેરી કોમે ૨૦૧૪ માં મહિલા બોક્સિંગમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આનો અર્થ એ થયો કે ભારતીય મહિલા બોક્સિંગે ૧૨ વર્ષ પછી એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીત્યો છે.પોતાના જન્મદિવસ નિમિત્તે લવલીના બોર્ગોહેને આજે ભારતને એક અમૂલ્ય ભેટ આપી. તેણે ઈતિહાસ રચતા દિગ્ગજ એમ.સી. મેરી કોમ બાદ એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારી માત્ર બીજી ભારતીય મહિલા બોક્સર બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ૨૮ વર્ષીય ભારતીય બોક્સરે આઈચી-નાગોયા ખાતે યોજાયેલી મહિલાઓની ૭૫ કિગ્રા વર્ગની રસાકસીભરી ફાઈનલમાં ચીનની ઝિયી બાઓને ૫-૦થી હરાવી હતી અને અગાઉની આવૃત્તિમાં જીતેલા રજત ચંદ્રક બાદ હવે એશિયન ગેમ્સનો સુવર્ણ ચંદ્રક પણ પોતાના નામે કર્યો હતો.

પ્રથમ રાઉન્ડમાં ૩-૨થી આગળ રહ્યા બાદ, બીજા રાઉન્ડમાં વિરોધી બોક્સર બાઓના આક્રમક પ્રહાર છતાં લવલીનાએ સંયમ જાળવી રાખ્યો હતો અને રાઉન્ડ ૪-૧થી પોતાના નામે કરી કુલ ૨-૦ની મજબૂત લીડ મેળવી લીધી હતી. આખરી રાઉન્ડમાં પણ નિયંત્રિત રમત દાખવીને તેણીએ ૪-૧થી રાઉન્ડ જીતીને કુલ ૫-૦થી સર્વાનુમતે ભવ્ય વિજય મેળવ્યો હતો.લવલીના માટે આ ગોલ્ડ મેડલ સુધી પહોંચવાની સફર પડકારજનક રહી હતી. સેમિફાઈનલમાં તેનો સામનો કઝાકિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયન નતાલ્યા બોગદાનોવા સામે થયો હતો. પ્રથમ રાઉન્ડમાં ૨-૩થી પાછળ રહ્યા બાદ, બીજા રાઉન્ડમાં લવલીનાએ આક્રમક રમત દાખવીને ૫-૦થી પ્રભુત્વ મેળવ્યું હતું. અંતિમ રાઉન્ડમાં કઝાક બોક્સરે વળતો પ્રહાર કર્યો હોવા છતાં, બીજા રાઉન્ડની મજબૂત લીડને કારણે લવલીનાએ ૩-૨થી સ્પ્લિટ ડિસિઝન દ્વારા મેચ જીતી લીધી હતી.



આ સાથે જ તે સતત બે એશિયન ગેમ્સની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા બોક્સર બની છે.

# આઈસીસી વનડે વર્લ્ડકપ-૨૦૨૭નું શેડ્યુઅલ જાહેર: ૧૦ ઓકટો.એ ભારત-પાક. વચ્ચે જંગ

## વર્લ્ડ કપ ૨૦૨૭ની પ્રથમ સેમિફાઈનલ ૧૭ નવેમ્બરે કેપટાઉનમાં જયારે બીજી સેમિફાઈનલ ૧૮ નવેમ્બરે ત્શવેનામાં યોજાશે: ૨૧ નવેમ્બર ૨૦૨૭એ જોહાનિસબર્ગમાં ફાઈનલ મેચ રમાશે

**અબતક, રાજકોટ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ૨૦૨૭ વનડે વર્લ્ડ કપના શેડ્યૂલની જાહેરાત કરી દીધી છે. ક્રિકેટના આ મહાકુંભની શરૂઆત ૨ ઑક્ટોબર ૨૦૨૭થી થશે, જ્યારે ફાઈનલ મુકાબલો ૨૧ નવેમ્બરે રમાશે. ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમ પોતાની પહેલી મેચ ૭ ઑક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમશે. આઈસીસીએ એક ભવ્ય કાર્યક્રમ દરમિયાન કેપટાઉનમાં આ મેગા ઈવેન્ટના શેડ્યૂલની જાહેરાત કરી.૨૦૨૭ વનડે વર્લ્ડ કપમાં ૧૦ ઑક્ટોબરે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ થશે. બંને દેશોને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે. ટૂર્નામેન્ટમાં ભારતની પહેલી મેચ ઓસ્ટ્રેલિયા સામે થશે, જે ૭ ઑક્ટોબરે કેપટાઉનમાં રમાશે. આ પછી ટીમ ઈન્ડિયા ૧૦ ઑક્ટોબરે જોહાનિસબર્ગમાં પાકિસ્તાન સામે ટકરાશે. ૧૪ ઑક્ટોબરે સેન્ચુરિયનમાં ભારતીય ટીમ અફઘાનિસ્તાન સામે ટકરાશે. ૧૭ ઑક્ટોબરે ક્વોલિફાયર-એથી આવેલી ટીમ સામે અને ૨૪ ઑક્ટોબરે ઝિમ્બાબ્વે સામે ભારતની મેચ થશે.અત્યાર સુધી આઈસીસી ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ માટે કુલ ૧૦ ટીમોએ ક્વોલિફાય કર્યું છે. વેસ્ટ ઈન્ડીઝ તેમાં સામેલ નથી. ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાને આઈસીસીની વનડે રેન્કિંગના આધારે સીધું ક્વોલિફાય કર્યું છે. યજમાન દેશ હોવાના કારણે દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેને ટૂર્નામેન્ટમાં ડાયરેક્ટ એન્ટ્રી મળી છે. નામીબીયા પણ સહ-યજમાન છે, પરંતુ આઈસીસીનું પૂર્ણ સભ્ય ન હોવાને કારણે તેને સીધી એન્ટ્રી મળી નથી. જયારે બાકીની ચાર ટીમો ક્વોલિફાયર રાઉન્ડ રમીને આવશે. વેસ્ટ ઈન્ડીઝ પણ ક્વોલિફાયર રાઉન્ડ રમશે.

### ૨ ગ્રૂપમાં વહેંચાયેલી ૧૨ ટીમો વચ્ચે ટ્રોફી માટેનો જંગ

૨૦૨૭ વર્લ્ડ કપનું ફોર્મેટ ખૂબ જ અલગ અને રસપ્રદ છે. શરૂઆતમાં જ બે ટીમો બહાર થઈ જશે. આ પછી ૧૨ ટીમો વચ્ચે ટ્રોફી માટે જંગ જામશે. આ ૧૨ ટીમોને બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે.

**૧. ગ્રૂપ-અ**

અફઘાનિસ્તાન ઓસ્ટ્રેલિયા, ભારત, પાકિસ્તાન, ઝિમ્બાબ્વે અને ક્વોલિફાયર-એ છે.

**૨. ગ્રૂપ-બી**

બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, ન્યુઝીલેન્ડ અને ક્વોલિફાયર-બી છે.



### ૩ દેશોના ૧૨ વેન્યુ પર રમાશે ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ

દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબીયાના ૧૨ વેન્યુ પર ૨૦૨૭ વનડે વર્લ્ડ કપની કુલ ૫૭ મેચો રમાશે. આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૪ ટીમો ભાગ લેશે. દક્ષિણ આફ્રિકાના ૮, ઝિમ્બાબ્વેના ૩ અને નામીબીયાના ૧ વેન્યુ પર મેચો રમાડવામાં આવશે.

### ભારતની મેચોનું સંપૂર્ણ શેડ્યૂલ

૧. ૭ ઓકટોબર ૨૦૨૭:ભારત દ્દત ઓસ્ટ્રેલિયા - કેપટાઉન
૨. ૧૦ ઓકટોબર ૨૦૨૭:ભારત દ્દત પાકિસ્તાન - જોહાનિસબર્ગ
૩. ૧૪ ઓકટોબર ૨૦૨૭:ભારત દ્દત અફઘાનિસ્તાન - ત્શવેન
૪. ૧૭ ઓકટોબર ૨૦૨૭:ભારત દ્દત ક્વોલિફાયર એ- બ્લોમફોન્ટેન
૫. ૨૪ ઓકટોબર ૨૦૨૭:ઝિમ્બાબ્વે દ્દત ભારત - વિક્ટોરિયા ફોલ્સ

# ઘાયલ પ્રસિદ્ધ ક્રિષ્ના ત્રીજી મેચમાંથી આઉટ, કંબોજ સામેલ

**અબતક, રાજકોટ**

પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામે શનિવારે ન્યૂ ચંદીગઢ (મુલ્લાનપુર) ખાતે રમાનારી ત્રીજી વન-ડે ક્રિકેટ મેચમાં ઈજાગ્રસ્ત પ્રસિદ્ધ કિષ્ણાના સ્થાને ગુરુવારે ઝડપી બોલર અંશુલ કંબોજનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બીસીસીઆઈના જણાવ્યા મુજબ પ્રસિદ્ધ કિષ્ણાને ડાબા હાથના સ્નાયુની ઈજા (હેમસ્ટ્રિંગ)ને કારણે બહાર થવું પડ્યું છે.બુધવારે ગુવાહાટીમાં રમાયેલી બીજી વન-ડે દરમિયાન પ્રસિદ્ધને ઈજા થઈ હતી, જેને કારણે તે માત્ર પાંચ ઓવર જ બોલિંગ કરી શક્યો હતો અને ૪૫ રન આપીને એક વિકેટ ઝડપી હતી. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે રેકોર્ડ ૪૦૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો.ભારતે આ લક્ષ્યાંક ૪૩.૩ ઓવરમાં માત્ર બે વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો અને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦થી અજેય સરસાઈ મેળવી લીધી હતી. અંશુલ કંબોજ હાલમાં પુડુચેરી ખાતે ઓસ્ટ્રેલિયા-એ સામે ચાર દિવસીય મેચમાં ઈન્ડિયા એ તરફથી રમી રહ્યો હતો. ચંડીગઢ ખાતે ભારતીય ટીમ સાથે જોડાનારા કંબોજે પ્રથમ ઈનિંગ્સમાં ૧૭.૩ ઓવર બોલિંગ કરીને ત્રણ વિકેટ ઝડપી હતી. પ્રસિદ્ધની ઈજાને કારણે ચંડીગઢ બોલાવવામાં આવ્યા તે પહેલાં તેણે બીજી ઈનિંગ્સમાં માત્ર બે ઓવર જ બોલિંગ કરી હતી.દરમયાન પસંદગીકારોએ છઠ્ઠી ઓકટોબરથી લખનૌમાં શરૂ થઈ રહેલી વેસ્ટ ઈન્ડિઝ સામેની પાંચ મેચની ટીર૦ શ્રેણી માટે ભારતીય ટીમમાંથી ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને પાછો ખેંચવાનો નિર્ણય પણ લીધો હતો. આ નિર્ણય આગામી ન્યૂઝીલેન્ડ સામેના ટેસ્ટ પ્રવાસને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે અને સુંદર હવે તામિલનાડુ માટે કેટલીક રણજી ટ્રોફી મેચોમાં રમશે. ભારતની ટીર૦ ટીમ: શ્રેયસ ઐયર (સુકાન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન, સંજુ સેમસન, તિલક વર્મા, શિવમ દૂબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, નિતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંઘ, પ્રિન્સ યાદવ, મયંક યાદવ, નમન ધીર.



# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતરકોલેજ સોફટબોલ સ્પર્ધામાં હરિવંદના કોલેજનો દબદબો

## ભાઈઓની ૧૨ અને બહેનોની ટીમોમાંથી અંદાજે ૧૮૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત આયોજિત આંતર કોલેજ સોફ્ટબોલ ભાઈઓ/બહેનો સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન એચ. એચ. બી. કોટક ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ, રાજકોટ દ્વારા તા. ૨૩-૦૯-૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વામી વિવેકાનંદ સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધા દરમિયાન ખેલાડીઓમાં ભારે ઉત્સાહ, રમત પ્રત્યેનો જુસ્સો, શિસ્ત અને ખેલદિલી જોવા મળી હતી.

સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન વિવિધ મહાવિદ્યાલયોની કુલ ભાઈઓની ૧૨ અને બહેનોની ટીમોમાંથી અંદાજે ૧૮૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વિવિધ કોલેજોમાંથી આવેલા ખેલાડીઓએ સોફ્ટબોલની વિવિધ મેચમાં પોતાની શ્રેષ્ઠ રમતકૌશલ્યનું પ્રદર્શન કરી સ્પર્ધાને વધુ રોમાંચક અને રસપ્રદ બનાવી હતી. ખેલાડીઓએ પોતાની શારીરિક ક્ષમતા, તકનીકી કુશળતા, આત્મવિશ્વાસ તથા તત્પરતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

વિજેતા ટીમોના ખેલાડીઓએ સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉત્કૃષ્ટ રમતકૌશલ્ય અને શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કરી પોતાની સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બનેલી તમામ ટીમોને મહાનુભાવોના હસ્તે ટ્રોફી, મેડલ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. વિજેતા ખેલાડીઓ તથા ટીમોમાં આ સન્માન પ્રાપ્ત કરતાં આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી.



### સ્પર્ધાના પરિણામો

**૧. ભાઈઓ**

૧. પ્રથમ ક્રમ: હરીવંદના કોલેજ રાજકોટ
૨. દ્વિતીય ક્રમ: શાંતિ નિકેતન કોલેજ રાજકોટ
૩. તૃતીય ક્રમ: જે જે કુંડલીયા કોમર્સ કોલેજ રાજકોટ

**૨. બહેનો**

૧. પ્રથમ ક્રમ:હરીવંદના કોલેજ રાજકોટ
૨. દ્વિતીય ક્રમ: એમ. વી. એમ. કોમર્સ કોલેજ, રાજકોટ
૩. તૃતીય ક્રમ: એમ. વી. એમ. આર્ટસ કોલેજ, રાજકોટ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर



# ૨ ઑક્ટોબર
# ગાંધી જયંતી

**પૂજ્ય મહાત્મા ગાંધીજીની**
જન્મ જયંતીના અવસરે
## સર્વધર્મ પ્રાર્થના સભા

**: ગરિમામયી ઉપસ્થિતિ :**

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**તારીખઃ** ૨ ઑક્ટોબર, ૨૦૨૬, શુક્રવાર
**સમયઃ** સવારે ૮-૦૦ વાગે
**સ્થળઃ** મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર

# સ્વદેશી વ્રત
# આ યુગનું **મહાવ્રત** છે
- મહાત્મા ગાંધી

**મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી**
**નિમિત્તે શત્ શત્ નમન**



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- **નરેન્દ્રભાઈ મોદી**, વડાપ્રધાન



**સ્વચ્છતા**
અને
**સ્વદેશી**
અપનાવીએ

સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ **'આત્મનિર્ભર ગુજરાત'** અને **'વિકસિત ભારત'** ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# છેવાડાના દર્દી સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પહોંચાડવી સરકારની પ્રાથમિકતા: મંત્રી પ્રફુલ પાનશેરીયા

## બી.ટી. સવાણી કિડની હોસ્પિટલની મુલાકાત લઈ આરોગ્ય મંત્રી એડાયાલિસિસ, રોબોટિક સર્જરી, કિડની ટ્રાન્સપ્લાન્ટ સહિતના વિભાગોનું નિરીક્ષણ; દર્દીઓ સાથે સંવાદ કરી સારવાર અંગે મેળવી માહિતી



**અબતક, રાજકોટ**

ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજકોટના યુનિવર્સિટી રોડ પર આવેલી બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની મુલાકાત લઈને હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.મંત્રીએ હોસ્પિટલના ડાયાલિસિસ વિભાગ, રોબોટિક સર્જરી યુનિટ, પુરુષ તથા સ્ત્રી જનરલ વિભાગ, ઓપરેશન થિયેટર, આઈ.સી.યુ., કિડની ટ્રાન્સપ્લાન્ટ વિભાગ તેમજ નિર્માણાધીન મલ્ટી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તબીબી સાધનો, દવાઓના જથ્થા તેમજ દર્દીઓને આપવામાં આવતી સારવાર અંગે અધિકારીઓ અને તબીબો પાસેથી માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે સારવાર લઈ રહેલા દર્દીઓ સાથે વાતચીત કરી તેમના સ્વાસ્થ્ય અંગે ખબરઅંતર પણ પૂછ્યા હતા.

ત્યારબાદ હોસ્પિટલના બોર્ડ રૂમ ખાતે ટ્રસ્ટીઓ અને તબીબી ટીમ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં જનઆરોગ્યના વિવિધ મુદ્દાઓ, સરકારી આરોગ્ય યોજનાઓનો લાભ છેવાડાના દર્દીઓ સુધી પહોંચાડવા તેમજ ગુણવત્તાયુક્ત કિડની સારવાર ઉપલબ્ધ કરાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે દર્દીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા સરકારી સિવિલ હોસ્પિટલોમાં સફાઈ અને જાળવણીની વ્યવસ્થા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દર્દીઓને ડાયાલિસિસ સહિતની વિવિધ સારવારનો લાભ આપવામાં આવી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

મંત્રીએ ૧૦૮ ઈમરજન્સી સેવાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૦૮ સેવા માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી શરૂ થઈ હતી, જે આજે વટવૃક્ષ બનીને અંદાજે ૧૫૦૦ જેટલી એમ્બ્યુલન્સના વિશાળ નેટવર્ક સાથે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. હાલમાં સરેરાશ દર સાડા બાર મિનિટે એક કોલ પ્રાપ્ત થતાં ૧૦૮ની ટીમ તાત્કાલિક પીડિત સુધી પહોંચી તબીબી સહાય પૂરી પાડે છે. ગુજરાતની ઈમરજન્સી પ્રતિસાદ સેવા ઝડપી અને અસરકારક હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળી, આરોગ્ય અધિકારી પી. કે. સિંઘ, કિડની ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન નાનુભાઈ મકવાણા, અગ્રણી વિજયભાઈ ડોબરીયા સહિત ટ્રસ્ટીઓ, તબીબો અને મેડિકલ સ્ટોરના સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.જો વધુ તીખી અને મોટા સમાચાર જેવી હેડલાઈન જોઈએ તો: ૧૪ એમ્બ્યુલન્સથી શરૂ થયેલી ૧૦૮ સેવા આજે ૧૫૦૦ એમ્બ્યુલન્સ સુધી પહોંચી : આરોગ્ય મંત્રી પણ ઉપયોગી રહેશે.

## બાલાજી હનુમાનજી મંદિરે આરોગ્ય મંત્રીએ દર્શન કરી ધન્યતા અનુભવી



લાખો ભક્તોની શ્રદ્ધાના પ્રતીક અને દુ:ખહર્તા એવા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે એક વિશેષ મુલાકાત યોજાઈ હતી. ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા અને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા ખાસ સમય ફાળવીને શ્રી બાલાજી હનુમાનજી મંદિરે દર્શનાર્થે પધાર્યા હતાં. બંને મહાનુભાવોએ અત્યંત ભક્તિભાવપૂર્વક બાલાજી દાદાના દિવ્ય સ્વરૂપના આસ્થાભેર દર્શન કરી વિશેષ પૂજા-અર્ચનાનો લાભ લીધો હતો.

# "હું મંદિર જવાના પૈસા નથી લેતો" કહી દુષ્કર્મ આચરનાર રીક્ષા ચાલક જુબેર ઉર્ફે જન્નતના જામીન રદ

## ૪ વર્ષ પહેલા રિક્ષા ભાડે કરતી વખતે મહિલાને ફસાવી લાંબા સમય સુધી શારીરિક શોષણ કર્યાની ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરના છેવાડા વિસ્તારમાં રહેતી મહિલાને હું મંદિર જવાના પૈસા નથી લેતો'' તેમ કહી વિશ્વાસમાં લઈ ઘરે ઘૂસીને દુષ્કર્મ આચરવાના ગુના મા જેલ હવાલે રહેલા જુબેર ઉર્ફે જન્નત કુરેશીની અદાલતે જામીન અરજી ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ કોઠારીયા રોડ દેવપરા વિસ્તારમાં રહેતો જુબેર ઉર્ફે જન્નત કાસમભાઈ કુરેશી નામના રીક્ષા ચાલક વિરુદ્ધ મહિલા એ દુષ્કર્મની આજી પોલીસ સ્ટેશનમાં મહિલાએ તારીખ ૨૫-૩-૨૦૨૬ ના રોજ ફરિયાદ નોંધાવી હતી. રીક્ષા ચાલક જુબેર ઉર્ફે જન્નત કાસમભાઈ કુરેશીએ ભોગ બનનાર મહિલાએ આશરે ચાર વર્ષ પહેલાં મંદિર જવા માટે તેણે જુબેરની રિક્ષા ભાડે કરી હતી. તે સમયે જુબેરે ''હું મંદિર જવાના પૈસા નથી લેતો'' તેમ કહી મહિલાને વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ તેણે મહિલાના ઘરે ઘૂસીને દુષ્કર્મ આચર્યું હતું અને લાંબા સમય સુધી તેનું શારીરિક શોષણ કર્યું હતું.પોલીસે જુબેર ઉર્ફે જન્નત કુરેશીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આરોપી વિરુદ્ધ ગુના ને લગતો પૂરતો પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ હતી.ચાર્જશીટ બાદ આરોપીએ જેલમાંથી જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. બાદ જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને આવા દુષ્કર્મના ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં જો તેને જામીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં અને ફરી પાછા આવા ગુના આચરશે તેવી રજૂઆત તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ સેશન્સ જજ આઈ બી પઠાણ આરોપીજુબેર ઉર્ફે જન્નત કુરેશીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# આવકવેરા વિભાગના અધિકારીઓ-કર્મચારીઓએ લીધો સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીનો સંકલ્પ

## સ્વચ્છતા હી સેવા' અને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રેસકોર્સ મેદાનમાં સફાઈ સાથે વૃક્ષારોપણ



**અબતક, રાજકોટ**

ભારત સરકારના રાષ્ટ્રવ્યાપી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત રાજકોટની મુખ્ય આવકવેરા કમિશનર કચેરી દ્વારા રેસકોર્સ મેદાનમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજકોટના પ્રધાન આવકવેરા કમિશનર-૧ ડો. સુનિલ ગૌતમના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ કરવામાં આવ્યું હતું.

અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા તેમજ મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતના સ્વપનને સાકાર કરવાનો હતો. ડો. સુનિલ ગૌતમના નેતૃત્વ હેઠળ આવકવેરા વિભાગના વિવિધ સ્તરના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ડેપ્યુટી કમિશનર અનુ બંસલે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતા શપથ લેવડાવી હતી. અધિકારીઓ-કર્મચારીઓએ દેશને સ્વચ્છ અને સુંદર બનાવવા, પોતાના રોજિંદા જીવનમાં સ્વચ્છતા જાળવવા તેમજ અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે પ્રેરિત કરવાનો સંકલ્પ લીધો હતો.

સ્વચ્છતા ઝુંબેશની સાથે પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશવ્યાપી આહ્વાન 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના હસ્તે છોડ રોપી પર્યાવરણના જતનનો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે સુનિલ ગૌતમે જણાવ્યું હતું કે, જેમ આપણે ઘર અને શરીરની સફાઈ રાખીએ છીએ તેમ જાહેર સ્થળોએ પણ કચરો ન ફેંકવો જોઈએ. સ્વચ્છતા માત્ર એક દિવસની પ્રવૃત્તિ ન બની રહે પરંતુ રોજિંદી ટેવ બને તે જરૂરી છે. સાથે જ પર્યાવરણના રક્ષણ માટે વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવું સૌની ફરજ છે. દીક્ષિત અનાદિતે જણાવ્યું હતું કે, આ અભિયાનનો મુખ્ય હેતુ બાળકો અને યુવા પેઢીમાં સ્વચ્છતા અંગે સકારાત્મક સંદેશ પહોંચાડવાનો છે. આવા સમાજ સુધારાના પ્રયાસોથી રાજકોટવાસીઓને પણ ચોક્કસ પ્રેરણા મળશે.અરવિંદ મિશ્રાએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા અભિયાનની સાથે પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવા માટે 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાના હસ્તે છોડ રોપી પ્રકૃતિના જતનનો સંદેશ આપ્યો હતો.

# નેફ્રોલોજિસ્ટ ડો. સંજય પંડ્યાના ઓનલાઈન મેડિકલ કોર્સમાં ૩૦થી વધુ દેશોના ૧૦ હજાર તબીબો સહભાગી થયા

## ઈન્ડિયન કોલેજ ઓફ ફિઝિશિયન્સના મંચ હેઠળ ૬ સત્રોનો સર્ટિફિકેશન કોર્સ યોજાયો; રવિવારે આખરી માસ્ટરક્લાસ



**અબતક, રાજકોટ**

નેફ્રોલોજિસ્ટ ડો. સંજય પંડ્યા દ્વારા 'ઈન્ડિયન કોલેજ ઓફ ફિઝિશિયન્સ' ના શૈક્ષણિક મંચ હેઠળ ફ્લુઈડ થેરાપી, ઈલેક્ટ્રોલાઈટ્સ, એબીજી અને એસિડ-બેઝ ડિસઓર્ડર્સ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ઓનલાઈન અભ્યાસક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં વિશ્વના ૩૦થી વધુ દેશોમાંથી ૧૦ હજારથી વધુ ડોક્ટરોએ નોંધણી કરાવીને સહભાગિતા નોંધાવી છે, આ ઓનલાઈન શૈક્ષણિક કોર્સનો ગ્રાન્ડ ફિનાલે અને અંતિમ માસ્ટરક્લાસ રવિવારે બપોરે ૨:૩૦ વાગ્યાથી યોજાશે. આ સત્ર તમામ શાખાના ડોક્ટરો માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવ્યું છે.

ડો. સંજય પંડ્યાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, એસોસિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયાની શૈક્ષણિક પાંખ આઈસીપી દ્વારા તબીબોને દર્દીઓની સારવારમાં ઉપયોગી શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી આ ૬ સત્રોનો ઓનલાઈન સર્ટિફિકેશન કોર્સ યોજાયો છે, જેના કોર્સ ડિરેક્ટર અને મુખ્ય વક્તા તરીકેની જવાબદારી તેઓ સંભાળી રહ્યા છે. આ અંતિમ માસ્ટરક્લાસ અગાઉના સત્રો ચુકી ગયેલા તબીબો માટે પણ અત્યંત ઉપયોગી નીવડશે, કારણ કે તેમાં સંતુલિત રીતે મહત્વના તમામ વ્યવહારુ મુદ્દાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે.

પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ, ફિઝિશિયન્સ, ઈન્ટેન્સિવિસ્ટ્સ, એનેસ્થેટિસ્ટ્સ, સર્જન્સ અને ઈમરજન્સી ફિઝિશિયન્સ સહિતના તબીબો આ નિઃશુલ્ક શૈક્ષણિક તકનો લાભ લઈ શકશે. આ માસ્ટરક્લાસમાં જોડાવા કે વધુ વિગતો મેળવવા માટે infofluidtherapy.org પર ઈમેઈલ દ્વારા સંપર્ક કરવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પ્રેમ પ્રકરણની અદાવતમાં યુવક પર હુમલાના ગુનામાં રાશીદખાન પઠાણની જામીન અરજી ફગાવી

## આરોપીએ દીકરી સાથે પ્રેમ સંબંધની શંકાએ એક અઠવાડિયા પહેલા ફોન પર ધમકી આપી, મિત્રો સાથે બેઠેલા ઈરફાનખાન પર તલવારથી કર્યો હુમલો

**અબતક,રાજકોટ**

સાણંદ તાલુકાના દોદર ગામના યુવક ઉપર પ્રેમ પ્રકરણની અદાવતમાં કરેલા હુમલા ના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

આ કેસની વિગત મુજબ સાણંદના દોદર ગામના ખેડૂત ઈરફાનખાન નિઝામખાન પઠાણ છારોડી ગામે મિત્રો સાથે બેઠા હતા. ત્યારે કલાણા ગામના રાશીદખાન હબીબખાન પઠાણ અને અખ્તરખાન પઠાણ સ્કૂટર પર ધસી આવ્યા હતા. અને રાશીદખાનની દીકરી સાથે પ્રેમસંબંધ હોવાની શંકાએ એક અઠવાડિયા પહેલાં ફોન પર ધમકી આપવામાં આવી હતી. ઘટનાની રાત્રે રાશીદખાને તલવારનો ઘા જમણા ખભાના ભાગે માર્યો હતો અને ત્યારબાદ ખંજર વડે માથાના આગળના ભાગે તથા નાક પર ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લોહીલુહાણ હાલતમાં ફરિયાદીને સારવાર માટે દાખલ કરાયા હતા. જે અંગે સાણંદ GIDC પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ધરપકડ બાદ આરોપીએ સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષના વકીલો દ્વારા કરાયેલી ધારદાર દલીલો અને ઉચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરવા હુકમ કર્યો હતો.આ કેસમાં મુળ ફરિયાદી વતી એડવોકેટ વસીમ એચ. કટારિયા, રણજીત એમ. પટગીર,સાહિસ્તા એસ. ખોખર અને આકીબ એમ. શેખ રોકાયા હતા

# કો-ઓપરેટિવ સોસાયટીની લોનના ચેક રિટર્ન કેસમાં ડિફોલ્ટરને ઝટકો: કોર્ટે ૧ વર્ષની સજા યથાવત રાખી

## ટ્રાયલ કોર્ટના ચુકાદાથી નારાજ મહિલાએ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કરી હતી અપીલ, રિસ્પોન્ડન્ટ સોસાયટી તરફે એડવોકેટ ધર્મિલ પોપટે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકી કરી દલીલ



એડવોકેટ ધર્મિલ વી. પોપટ

**અબતક, રાજકોટ**

શ્રી સદગુરુ કો-ઓપરેટીવ સોસાયટી માંથી સભાસદ દરજ્જે લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક રિટર્નનો કેસ ચાલી જતા અદાલતે ડીફોલ્ટર તેજલબેન મકવાણાને એક વર્ષની સજા ફટકાર તો હુકમ કર્યો છે વધુ વિગત મુજબ શહેરમાં રહેતા તેજલ બેન ભાવિકભાઈ મકવાણાએ શ્રી સદગુરુ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીમાંથી સભાસદ દરજજે ધિરાણ લીધું હતું ધિરાણની રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી પરત ફર્યો હતો બાદ ફરિયાદી મંડળી દ્વારા બાકીદાર તેજલબેન મકવાણા સામે કરેલી ફરિયાદનો કેસ ચાલી જતા કોર્ટ તેજલબેન મકવાણાને ચેક રિર્ટન કેસમાં એક વર્ષની સજા અને વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. જે ચુકાદાથી નારાજ આરોપી તેજલબેન મકવાણાએ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા અપીલ દાખલ કરી હતી. જે અપીલની દરમિયાન સુનાવણી રિસ્પોન્ડન્ટ સદગુરુ ક્રેડિટ કો-ઓપ. સોસાયટી લી. તરફથી આન એસોસિયેટસ ના એસોસિયેટ એડવોકેટ ધર્મિલ વી. પોપટ દ્વારા વિસ્તૃત દલીલો કરી હતી.સાથે જ સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાઓ ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો કાયદેસર અને યોગ્ય હોવાનું અદાલતના ધ્યાને દોરવામાં આવ્યું હતું. રેકર્ડ પરના પુરાવાઓ અને બન્ને પક્ષોની દલીલો ધ્યાને લઈ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ શ્રીમતી પ્રિયંકા અગરવાલ અપીલ ફગાવીને ટ્રાયલ કોર્ટના ચુકાદાને યથાવત રાખેલ છે. આ કેસમાં રિસપોન્ડેન્ટ વતી એડવોકેટ તરીકે દિવ્યેશ એ. ઝુડકિયા, દર્શિત બી. સોલંકી, દર્શિત સી. પાટડિયા તથા ધર્મીલ વી. પોપટ રોકાયેલ હતા.

# લોહાણા યુવક પ્રગતિ મંડળ દ્વારા રવિવારે ૬૭ મો પ્રતિભા સન્માન સમારોહ યોજાશે

## તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોનું સન્માન કરાશે

**અબતક, રાજકોટ**

લોહાણા યુવક પ્રગતિ મંડળ રાજકોટ દ્વારા તા. ૪ ને રવિવારે ૬૭મા પ્રતિભા સન્માન સમારોહનું વિશાળ આયોજન કરેલ છે જેમાં ૧૨ ગોલ્ડમેડલ્સ ૨૦ સિલ્વર મેડલ્સ સહિત ૨૫૦ જેટલા રઘુવંશી રત્નોનું સન્માન કરાશે અરવિંદભાઈ મણિયાર હોલ રાજકોટ ખાતે સન્માન સમારોહ યોજાશે. રાજકોટ લોહાણા મહાજન પ્રમુખ રાજુભાઈ પોબારુ, ડો. નિશાંતભાઈ ચોટાઈ, ડે. મેયર દક્ષાબેન વસાણી સહિત રઘુવંશી સમાજના ડોકટરો, સી.એ. ઉદ્યોગપતિઓ, દાતા પરિવારજનો, શુભેચ્છકો, રઘુવંશી વિવિધ સંસ્થાના હોદેદારો મહિલા મંડળના હોદેદારો સહિત વિશાળ સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. રઘુવંશી સમાજના ધો. ૧૦ અને ૧૨ ગ્રેજ્યુએટ પોષ્ટગ્રેજ્યુએટ, વિવિધ ડિપ્લોમા, સીએ, પીએચડી ડોક્ટરો એન્જિનિયરો તથા રાષ્ટ્ર લેવલે રાજ્ય લેવલે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારનું પણ વિશેષ બહુમાન કરવામાં આવશે. જેમાં ડો. માલીબેન કુંડલિયા, ડો. સંજયભાઈ પોપટ, ડો. ભૂમિકા તન્ના, ડો. મીતલ ખેતાણી, ડો. નમ્રતા સામાણી સહિત ૭ મહાનુભાવોનું અભિવાદન કરશે. તમામ વિદ્યાર્થી ભાઈઓ બહેનોને રવિવારે સવારે ૯ કલાકે અરવિંદભાઈ મણિયાર હોલ ખાતે ફોર્મ ભર્યાની કાઉન્ટર ફાઈલ સાથે સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે. લોહાણા યુવક પ્રગતિ મંડળના સર્વે હોદેદારો તમામ કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ૪૦ હજાર મેડિક્લેમ મંજૂર કરવા સામે પોલિસી ધારકની ફરિયાદ રદ, વીમા કંપનીની તરફેણમાં ચુકાદો

## હર્નિયાના ઓપરેશનના રૂ.૧.૨૧ લાખના ક્લેમ સામે ૭૦ હજાર કાપી લેતા ગ્રાહક ફોરમમાં કરી હતી ફરિયાદ

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર શહેરના વીમા ધારકે હર્નિયાની ઓપરેશન સારવારના રજૂ કરેલા ૧.૨૧ લાખના મેડિ ક્લેમમાંથી માત્ર રૂ. ૪૦૦૦૦ મંજૂર કરવા સામેની પોલિસીધારકની ફરિયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ દ્વારા રદ કરીને વીમા કંપનીની તરફણમાં ચુકાદો આપ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, સુરેન્દ્રનગર રહેતા ઓરિએન્ટ ઈન્શ્યોરન્સ કંપનીના પોલિસીધારક ચન્દ્રીકાબેન ભાવેશભાઈ કપુરીયાને પેટમાં અસહ્ય દુ:ખાવા સબબ મહર્ષી હોસ્પિટલ સુરેન્દ્રનગરના ડોકટરના નિદાન ના આધારે હર્નિયાનું ઓપરેશન તા. ૨૫.૩.૨૦૨૫ના રોજ સીમ્સ હોસ્પિટલમા અંદરના દર્દી તરીકે કરાયું હતું, જેથી કુલ ખર્ચ રૂપિયા ૧,૨૧,૦૧૨ નો

કલેઈમ તમામ દસ્તાવેજો સાથે વીમા કંપનીમાં રજૂ કરાયો હતો. તેમાં વીમા કંપનીએ માત્ર રૂા. ૪૦,૦૦૦ મંજુર કરેલ, અને રૂા.૭૦, ૨૨૦/- બાદ કરી લીધા હતા. તેથી નારાજ થઈ ચંદ્રિકાબેન કપુરીયાએ કુલ રૂા.૮૧,૦૧૨ વ્યાજ અને ખર્ચ સાથે મેળવવા માટે ગ્રાહક તકરાર નિવારણ પંચ, સુરેન્દ્રનગર સમક્ષ ફરીયાદ કરી હતી. તેમાં ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની વતી જવાબ રજુ કરી કંપનીના એડવોકેટે બેન્ક સારથી પોલિસીની શરતો બાબતે દલીલ કરેલ હતી કે, ફરિયાદી અને વીમા કંપની વચ્ચે પોલિસીની શરતો કન્ડિશન નં. ૨.૧૭ મુજબ અમુક રોગોના નિદાન માટે વીમા કંપનીએ કેપિંગ મર્યાદા નક્કી કરેલ છે.

સદરહુ કન્ડિશન જોતા એપેન્ડીકસ, ગોલ બ્લેડર, સ્ટોન અને તમામ પ્રકારના હર્નીયા માટે રૂા. ૪૦,૦૦૦નું કેપિંગ નક્કી કરેલ છે, જે ફરીયાદીને ચુકવી આપવામા આવેલ છે, આથી વીમા કંપનીએ સેવામા કોઈ ખામી કરેલ નથી. જે દલીલો ધ્યાને લઈ ગ્રાહક તકરાર નિવારણ, કમીશનના પ્રમુખ એ.પી. કંસારા અને સભ્ય પંડ્યાએ ફરીયાદીની ફરીયાદ રદ કરી હતી. વીમા કંપનીના લીગલ એડવાઈઝર તરીકે સિનિયર ધારાશાસ્ત્રી પંકજભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સર્વધર્મ પ્રાર્થના પરસ્પર આદર, શાંતિ, સમરસતા અને રાષ્ટ્રએકતાને મજબૂત બનાવે છે: મુખ્યમંત્રી

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતી નિમિત્તે પોરબંદરના કીર્તિમંદિર ખાતે સર્વધર્મ પ્રાર્થના સભા યોજાઈ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મ જયંતી નિમિત્તે પોરબંદર કીર્તિ મંદિરમાં પૂ.બાપુને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.





રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે પોરબંદર ખાતે કીર્તિમંદિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સર્વધર્મ પ્રાર્થના સભા યોજાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂજ્ય બાપુને ભાવાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, સત્ય અને અહિંસાના પૂજારી, યુગપુરૂષ મહાત્મા ગાંધીજીએ પોરબંદરની આ પવિત્ર ધરતી પર જન્મ લઈ સમગ્ર વિશ્વને સત્ય, અહિંસા, સર્વોદય અને વિશ્વબંધુત્વનો માર્ગ બતાવ્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુ કહેતા કે પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. પ્રાર્થના માત્ર શબ્દોનો ઉચ્ચાર નથી, પરંતુ અંતરાત્મા સાથેનો સંવાદ, આત્મપરીક્ષણ અને સદાચાર માટેની આંતરિક શક્તિ છે. વ્યક્તિના જીવનમાં પ્રાર્થના વિનમ્રતા, સંયમ, કરૂણા અને પોતાની ભૂલ સ્વીકારી તેમાં સુધારો કરવાની પ્રેરણા આપે છે. જ્યારે પ્રાર્થના સભા વ્યક્તિગત ઈચ્છાઓથી ઉપર ઊઠીને સૌના કલ્યાણ, પરસ્પર વિશ્વાસ, સહાનુભૂતિ અને સેવાભાવ સાથે જોડાવાની પ્રેરણા આપે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતની વિશેષતા તેની વિવિધ આસ્થાઓ, પરંપરાઓ અને જીવન પદ્ધતિઓમાં રહેલી એકતામાં છે. સર્વધર્મ પ્રાર્થના કોઈ એક આસ્થાને નાની કે મોટી ગણાવતી નથી, પરંતુ દરેક વ્યક્તિને પોતાની શ્રદ્ધા સાથે ગૌરવપૂર્વક જીવવાનો સમાન અધિકાર અને પરસ્પર આદરનો સંદેશ આપે છે. સર્વધર્મ સમભાવની આ ભાવના સમાજમાં અવિશ્વાસ ઘટાડીને સમરસતા, શાંતિ અને રાષ્ટ્ર એકતાને વધુ મજબૂત બનાવે છે.

તેમણે ઉમેર્યું હતું કે, પૂ.બાપુએ આપેલા સ્વચ્છતાના વિચારને વધુ વ્યાપક બનાવતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્વચ્છ ભારત મિશનને જનઆંદોલનનું સ્વરૂપ મળ્યું છે. બાળકોથી લઈને વયોવૃદ્ધ સુધી નાગરિકો સ્વચ્છતાના સ્વયંસેવક અને સ્વચ્છાગ્રહી બની રહ્યા છે.

(અનુ. આઠમા પાને)

# સપ્ટેમ્બરમાં જીએસટીની આવક ૩૫ ટકા વધી રૂ.૮૧૬૭ કરોડે પહોંચી

## રાષ્ટ્રીય સ્તરે નોંધાયેલા ૧૪.૭ ટકાના વિકાસ દરને પણ ગુજરાતે પાછળ છોડ્યો

**અબતક, ગાંધીનગર**

ગુજરાત રાજ્યની કર આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સપ્ટેમ્બર મહિનામાં રાજ્યના જીએસટી કલેક્શનમાં ગત વર્ષની સરખામણીએ મોટો ઉછાળો આવ્યો છે. રાજ્યના વાણિજ્યિક વેરા વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ દર્શાવે છે કે, સમગ્ર દેશમાં નોંધાયેલા જીએસટી વૃદ્ધિ દર કરતા પણ ગુજરાતનો વિકાસ દર ઘણો ઊંચો રહ્યો છે. આ ઉપરાંત અન્ય વિવિધ વેરાઓમાંથી પણ



રાજ્યને મોટી આવક પ્રાપ્ત થઈ છે, જેનાથી રાજ્યની તિજોરી છલકાઈ છે. આ આર્થિક ગતિવિધિ રાજ્યના વેપાર-ઉદ્યોગની મજબૂત સ્થિતિ અને વિકાસની ગતિનો સ્પષ્ટ ચિતાર આપે છે.

વિસ્તૃત આંકડાકીય માહિતી મુજબ, સપ્ટેમ્બર મહિનામાં ગુજરાતની જીએસટી આવક વાર્ષિક ધોરણે ૩૫% વધીને રૂ. ૮,૧૬૭ કરોડ થઈ છે. જ્યારે ગત વર્ષે આ જ સમાન મહિનામાં રૂ. ૬,૦૫૦ કરોડની રકમ એકત્રિત કરવામાં આવી હતી. આ ઉછાળો રાષ્ટ્રીય સ્તરે નોંધાયેલા

(અનુ. આઠમા પાને)

# શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ગોઝારી દુર્ઘટના: કરંટ લાગતા બે યુવકોના કરૂણ મોત

## નિર્માણાધીન કારખાનાનો ગેટ ક્રેઈનથી ચડાવતી વખતે હાઈટેન્શન લાઈનને અડી જતા સર્જાય દુર્ઘટના

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં માં નિર્માણાધીન કારખાનાનો ક્રેન દ્વારા ગેટ ચડાવતી વેળાએ ગેટ વીજ લાઈનમાં અડી જતા બે યુવકોને વીજ કરંટ લાગતા ઘટના સ્થળ પર જ કમ કમાટી ભર્યું મોત નીપજ્યુ હતું ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થયા હતા અને ૧૦૮ ની ટીમને જાણ કરતા ૧૦૮ ની ટીમ ના તબીબે ઘટના સ્થળ પર બંને યુવકોને મૃત જાહેર કર્યા હતા ઘટનાને પગલે સાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને બંને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં દિવસે અને દિવસે અકસ્માતની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે સાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં શાપરથી રીબડા સાઈટ પર ન્યારા પેટ્રોલ પંપ પાસે રીબડાના ટાંકા પાસે કાચા રોડ પર આવેલ હિતેશભાઈ ના નિર્માણાધીન કારખાનામાં કામ ચાલી રહ્યું હતું ત્યારે સાંજે ૬૦૦ વાગ્યા આસપાસ રીબડા થી શિવ કરીને મદદથી શેડ નો ગેટ ફીટ કરવામાં આવી રહ્યો હતો ત્યારે આ દરમિયાન ક્રેન અને ગેટ ઉપરથી

(અનુ. આઠમા પાને)

### કારખાનાની ઓરડીમાં વીજ શોક લાગતા શ્રમિકનું મોત

શાપર વેરાવળમાં આવેલા સદગુરુ પ્લાસ્ટિકની કારખાનાની ઓરડીમાં રહેતો રાકેશ બુધાભાઈ સેનાળા નામના યુવાનને કોઈ કારણસર વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ સાપર પોલીસને કરતા હેડ કોસ્ટેબલ મહેશભાઈ સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચી, રાકેશભાઈ ના મૃતદેહને સાપર હોસ્પિટલી પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટના હિરેન રાઠોડ અને સાઈબાબા સર્કલના દિતેશ હંસોડાના મોતથી બંને પરિવારમાં હૈયાફાટ રૂદન

# ખાસ ઝુંબેશ: ચાર રવિવારે મતદાન મથકો પર હક, દાવા અને વાંધા સ્વીકારાશે

## ડેઝીગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર મતદાન મથક પર હાજર રહેશે

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કામગીરી પૂર્ણ થઈ હોય, તેવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુખ્ય ચૂંટણી અધિકારી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મતદાર નોંધણી અધિકારી દ્વારા સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ મતદારયાદીમાં નોંધણી કરાવવાથી બાકી રહી ગયેલા તમામ પાત્ર નાગરિકો તથા ૧૮-૧૯ વર્ષના યુવા/પ્રથમ વખતના મતદારોના નામની નોંધણી કરવાનો છે.



આ ખાસ ઝુંબેશ અન્વયે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તમામ વિધાનસભા મતવિભાગોમાં મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા તા.૧ ઓક્ટોબરથી યુવા મતદાર નોંધણીની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, યુવા અને પ્રથમ વખતના મતદારોમાં મતદાર નોંધણી અંગે જાગૃતિ લાવવા માટે કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ખાતે 'સ્વીપ' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે.

નાગરિકોની સરળતા માટે ઓક્ટોબર અને નવેમ્બર માસના રવિવાર એટલે કે તા.૧૧-૧૦, ૧૮-૧૦, ૨૫-૧૦ અને ૦૧-૧૧ના રોજ મતદાન મથકો ખાતે 'ખાસ ઝુંબેશના દિવસો'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૧૦ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી ડેઝીગ્નેટેડ ઓફિસર્સ અને બુથ લેવલ અધિકારીઓ દરેક મતદાન મથક પર હક-દાવા તથા વાંધા અરજીઓ સ્વીકારશે. આ સમગ્ર ઝુંબેશ સુચારૂ રીતે સંપન્ન થાય, તે માટે સુપરવાઈઝરો અને ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાન મથકોની મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# આજથી ૩૧ ડિસેમ્બર સુધી ખાદીની ખરીદી ઉપર 30 ટકાના વળતરની જાહેરાત

## અમદાવાદ, ભરૂચ અને વડોદરામાં યોજાનારા મેળાઓથી ગ્રાહક અને કારીગર વચ્ચે સીધો સંપર્ક થશે, જેથી વચેટિયા વગર તમામ નફો સીધો વણકરો સુધી પહોંચશે

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને ખરા અર્થમાં જીવંત રાખવા તથા ખાદી દ્વારા રાજ્યના હજારો કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રજાભિમુખ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા આજથી ૩૧ ડિસેમ્બર, સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે,

રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની કેવીઆઈસીનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત ૨૨૦ થી વધુ માન્ય ખાદી સંસ્થા/મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે ૧૬ હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત

(અનુ. આઠમા પાને)

# ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસે જાહેર કર્યા ૨૦ સ્ટાર પ્રચારક

## રણદીપ સુરજેવાલા, અમિત ચાવડા, ડો.તુષાર ચૌધરી સહિતના નેતાઓ કરશે પ્રચાર

**અબતક, રાજકોટ**

ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા નગરપાલિકા અને રચનાત્મક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખાલી પડેલી જગ્યાઓ માટે આગામી ૧૧મી ઓક્ટોબરના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ૨૦ સ્ટાર પ્રચારકોના નામની યાદી જાહેર કરવામાં આવી છે. રાજધાની કબ્જે કરવા ભાજપ અને કોંગ્રેસના નેતાઓ જોરશોરથી પ્રચારમાં લાગી ગયા છે. ગાંધીનગર મહાનગરપાલિકા અને ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ૨૦ સ્ટાર પ્રચારકોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યસભાના સાંસદ અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, ગુજરાત વિધાનસભાના કોંગ્રેસના નેતા ડો. તુષાર ચૌધરી, પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી, રાજ્યસભાના પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલ, જગદીશભાઈ ઠાકોર, સિદ્ધાર્થભાઈ પટેલ, લાલજીભાઈ દેસાઈ, ડો. અમિબેન યાજ્ઞિક, પરેશભાઈ ધાનાણી, ઋત્વીકભાઈ મકવાણા, સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય શૈલેષભાઈ મકવાણા, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી, ઈન્દ્રવીજયસિંહ ગોહિલ, ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાલા, જીતુભાઈ પટેલ અને ડો. હિમાંશુભાઈ પટેલને સ્ટાર પ્રચારક બનાવાયા છે. આગામી ૧૧મી ઓક્ટોબરના રોજ મતદાન યોજાશે હવે પ્રચાર માટે માત્ર સાત દિવસ જ હાથમાં રહ્યા છે.

# જિલ્લા પંચાયતોના આગળ-પાછળના વીજ બીલ સાથેના અહેવાલો મંગાવાશે

## પંચાયત વિભાગ દ્વારા વીજળી બચાવવાની સૂચના જારી, કચેરીઓમાં વીજળી બચાવવા અધિકારી નહીં હોય તો એસી સહિતના ઉપકરણો બંધ રખાશે

**અબતક, રાજકોટ**

રાજ્યની ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની સરકારી કચેરીઓ તેમજ વહીવટી ઈમારતોમાં વીજળીનો બિનજરૂરી વપરાશ અટકાવવા અને વીજળીની બચત કરવા માટે પંચાયત વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. વધતી જતી વીજળીની માંગને પહોંચી વળવા અને ''વીજ બચત એ જ વીજ ઉત્પાદન'' ની થીમ પર કામ કરીને તમામ પંચાયત કચેરીઓ માટે વિશેષ સૂચનાઓ જારી કરવામાં આવી છે. પંચાયત વિભાગની સૂચના મુજબ, કચેરીઓમાં અધિકારીઓ કે કર્મચારીઓ હાજર હોય ત્યારે જ લાઈટ, પંખા, અને એસી જેવા વીજ ઉપકરણો ચાલુ રાખવાના રહેશે. અધિકારી કે કર્મચારીની ગેરહાજરીમાં કે ચેમ્બર/ઓફિસમાંથી બહાર જતી વખતે તમામ વીજ ઉપકરણો ખાસ કરીને એસી બંધ રાખવાની કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, વોટર કૂલર પણ માત્ર ઓફિસ સમય દરમિયાન જ ચાલુ રાખવાનું રહેશે. દરેક રૂમ દીઠ બધા ઈલેક્ટ્રિક ગજેટ અને સ્વીચને એકસાથે કંટ્રોલ કરી શકાય તેવી મેઈન સ્વીચની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. જૂની પરંપરાગત લાઈટોના સ્થાને નવી ઉર્જાક્ષમ એલઈડી લાઈટ ફિટિંગ લગાવવાની રહેશે. પંચાયત કચેરીઓમાં સોલાર પેનલ સિસ્ટમ લગાવવા માટે ખુલ્લી જગ્યા હોય ત્યાં તેનું આયોજન કરવામાં આવશે. જે કચેરીઓમાં સોલાર પેનલ બંધ હોય તેને પુનઃ કાર્યરત કરવામાં આવશે. ઉપરાંત, નવી સરકારી ઈમારતો કે ભવન બનાવતી વખતે તેમાં પૂરતી હવા-પ્રકાશની અવરજવર રહે તે પ્રકારની ડિઝાઈન સુનિશ્ચિત કરવા જણાવાયું છે, જેથી બિનજરૂરી વીજ વપરાશ ઘટે. વીજ બચતની આ ઝુંબેશની અસર ચકાસવા માટે જિલ્લા પંચાયતો દ્વારા દર ત્રણ મહિને (અગાઉના અને તે પછીના) વીજ બિલ સાથેનો સરખામણી રિપોર્ટ પંચાયત વિભાગને મોકલવાનો રહેશે. આ ઉપરાંત, બહુમાળી મકાનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડીને સીડીનો ઉપયોગ વધારવા માટે જાગૃતિ પોસ્ટર પણ લગાવવામાં આવશે.

### સેટેલાઈટ ઈમેજિંગથી

# ખેડૂતોને વાવણીથી કાપણી સુધી ''સ્માર્ટ એડવાઈઝરી'' પહોંચાડાશે

## રાજ્ય સરકારના કૃષિ વિભાગ અને ઈસરોના એસએસી વચ્ચે કાલે મહત્વપૂર્ણ કરાર

**અબતક, રાજકોટ**

ગુજરાતના ખેડૂતો સેટેલાઈટ ઈમેજિંગથી પાક વિસ્તાર, ઉત્પાદન અંદાજ અને નુકસાનનું સચોટ આંકલન કરી ખેડૂતો સુધી વાવણીથી કાપણી સુધીની સ્માર્ટ એડવાઈઝરી પહોંચાડાશે

ગુજરાતના કૃષિ ક્ષેત્રને અદ્યતન, વૈજ્ઞાનિક અને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાના દિશાસૂચક સંકલ્પ સાથે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં કાલે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)ના સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર અમદાવાદ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સમજૂતી કરાર સંપન્ન થવા જઈ રહ્યા છે.



આ સમજૂતી કરારનો મુખ્ય ઉદ્દેશ ''રિમોટ સેન્સિંગ, જીઆઈએસ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનું ડિજિટલ મોનિટરિંગ કરવું તેમજ પાક વિસ્તાર અને ઉત્પાદનનો સચોટ અંદાજ મેળવવો''નો છે. આ યુગલક્ષી પહેલથી રાજ્યના લાખો અન્નદાતાઓને સમયસર, સચોટ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન મળશે, સાથે જ સરકારના નીતિવિષયક નિર્ણયો વધુ ઝડપી અને પારદર્શી બનશે.

આ કરારનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં ડિજિટલ એગ્રીકલ્ચરના સચોટ અમલીકરણ માટે ઈસરો (એસએસી) દ્વારા ઉચ્ચસ્તરીય તકનીકી માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવામાં આવશે. રિમોટ સેન્સિંગ અને જીઆઈએસ ટેકનોલોજી દ્વારા પાક વાવેતર વિસ્તાર, ઉત્પાદન ક્ષમતા, પાક નુકસાનીનું મૂલ્યાંકન અને કૃષિ સલાહકારી સેવાઓને વધુ સચોટ બનાવાશે.

કૃષિ વિભાગ દ્વારા ક્ષેત્રીય માહિતી, પાક કાપણીના પ્રયોગો અને હવામાન સંબંધિત ડેટા પૂરો પાડવામાં આવશે. જ્યારે ઈસરો (એસએસી) ઉપગ્રહ આધારિત મૂલ્યવર્ધિત ઈમેજરી અને તકનીકી મોડેલ્સ શેર કરશે. વિભાગના અધિકારીઓ અને ટેકનિકલ ટીમોની કાર્યક્ષમતા વધારવા માટે જીઆઈએસ અને રિમોટ સેન્સિંગ જેવા વિષયો પર સંયુક્ત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

વાવણીથી લઈને કાપણી સુધી પાકનું સ્વાસ્થ્ય, હવામાનના ફેરફારો, જમીનમાં ભેજનું પ્રમાણ અને વાવણી સંબંધિત અગત્યની કાળજી અંગેની માહિતી ખેડૂતોને મોબાઈલ એપ્લિકેશન દ્વારા આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના

(અનુ. આઠમા પાને)